પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક®

સાંધ્ય દૈનિક
મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

**સુવિચાર**

કોઈની ફોન ગેલેરીમાં રહેવું ઘણું સરળ છે, પણ કોઈની પ્રાર્થનામાં આપણું સ્થાન હોય એ ખૂબ જ અમૂલ્ય છે...

ગ્રામ્ય આવૃત્તિ પાનાઃ ૧૨
તા. ૧૮-૩-૨૦૨૬, બુધવાર
વર્ષઃ ૧૫, અંકઃ ૯

અપ્પુ જથ્થાબંધ ખરીદો જથ્થાબંધ ફાયદો
સૌરાષ્ટ્રની પ્રખ્યાત ચણાદાળ
વ્યાપારિક પૂછપરછ આવકાર્ય
98242 00970
હેલ્પર જોઈએ છે

Price Rs.:4 ABATAK-RAJKOT 0281- 2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia

### ૫૦૦૦ પાઉન્ડના બંકર બ્લાસ્ટરને બોમ્બ બાન્ડિંગ કરતું અમેરિકા

# યુધ્ધ ભયંકર તબક્કામાં પહોંચ્યુંઃ સાઉદીએ આરબ અને મુસ્લિમ દેશના વડાઓની બેઠક બોલાવી

## યુધ્ધથી સાઉદી અરેબિયા તેમજ આરબના દેશો પર આર્થિક અસર પડતા વેપાર ઠપ્પ થયા

**અબતક, રાજકોટ**

મધ્ય પૂર્વમાં ચાલી રહેલું યુદ્ધ હવે તેના સૌથી વિનાશક અને ભયંકર તબક્કામાં પહોંચી ગયું છે. ઈઝરાયેલ, ઈરાન અને અમેરિકા વચ્ચે વધતા જતા સીધા સૈન્ય સંઘર્ષને રોકવા અને પ્રાદેશિક સ્થિરતા જાળવવા માટે સાઉદી અરેબિયાએ તાકીદની બેઠક બોલાવી છે. સાઉદી શાસકોએ વિશ્વના તમામ પ્રભાવશાળી આરબ અને ઈસ્લામિક દેશોના મંત્રીઓ અને વડાઓને આ સંકટ પર ચર્ચા કરવા માટે મંત્રણાનું નિમંત્રણ આપ્યું છે.

વિશ્વના સૌથી મહત્વપૂર્ણ તેલ માર્ગ ગણાતા હોર્મુઝની સામુદ્રધુની વિસ્તારમાં અમેરિકી સૈન્યએ ઈરાનની મજબૂત મિસાઈલ સાઈટ્સ પર ભીષણ હુમલો કર્યો છે. યુએસ સેન્ટ્રલ કમાન્ડએ પુષ્ટિ કરી છે કે આ ઓપરેશનમાં ૫૦૦૦ પાઉન્ડના 'બંકર બસ્ટર' (ડીપ પેનિટ્રેટર) બોમ્બનો ઉપયોગ કરવામાં આવ્યો છે.આ એવા આધુનિક બોમ્બ છે જે જમીનની અંદર ઊંડે સુધી ઘૂસીને કોંક્રિટના મજબૂત બંકરોને તોડી પાડવાની ક્ષમતા ધરાવે છે. ઈરાને અહીં પોતાની એન્ટિ-શિપ ક્રૂઝ મિસાઈલો છુપાવી રાખી હતી, જે આંતરરાષ્ટ્રીય તેલ ટેન્કરો માટે મોટો ખતરો હતી.

અમેરિકાના આ પ્રહાર વચ્ચે વળતા જવાબ તરીકે ઈરાકની રાજધાની બગદાદમાં આવેલા અમેરિકી દૂતાવાસ પર ડ્રોન અને રોકેટ વડે હુમલો કરવામાં આવ્યો છે. સુરક્ષા સૂત્રોના જણાવ્યા અનુસાર, એક ડ્રોન સીધું દૂતાવાસના પરિસરમાં અથડાયું હતું, જેના કારણે ત્યાં ભારે આગ ફાટી નીકળી હતી. એર ડિફેન્સ સિસ્ટમે અનેક પ્રોજેક્ટાઈલ્સને હવામાં તોડી પાડ્યા હતા, પરંતુ દૂતાવાસને નુકસાન પહોંચ્યું છે.



યુદ્ધ હવે આરબ દેશોના ઉંબરે આવી ગયું હોવાથી સાઉદી અરેબિયાએ આરબ અને મુસ્લિમ દેશોના વડાઓની મીટિંગ બોલાવી છે. હોર્મુઝની સામુદ્રધુની બંધ થવાથી સાઉદી અરેબિયા જેવા દેશોની આવક પર સીધી અસર પડી રહી છે. દુબઈ અને દોહા જેવા મોટા શહેરોના એરપોર્ટ્સ વારંવાર બંધ કરવા પડતા હોવાથી પર્યટન અને વેપાર ઠપ્પ થઈ ગયા છે. ચીને આ મામલે અમેરિકાને સહકાર આપવાનો ઈનકાર કર્યો છે, જેનાથી તણાવ વધુ વધ્યો છે.

### ઈઝરાયેલના હવાઈ હુમલામાં ઈરાની સુરક્ષા ચીફ અલી લારીજાનીનું મોત

ઈઝરાયેલના હવાઈ હુમલામાં તેના રાષ્ટ્રીય સુરક્ષા પ્રમુખ અલી લારીજાની અને વરિષ્ઠ સૈન્ય અધિકારી ગુલામરેઝા સુલેમાનીનું મોત થયું છે. ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુએ લારીજાનીને રિવોલ્યુશનરી ગાર્ડ્સના મુખ્ય નેતા ગણાવ્યા હતા, જ્યારે રક્ષામંત્રી ઈઝરાયેલ કાત્ઝે આ બંને નેતાઓને ''ખતમ'' કર્યા હોવાની પુષ્ટિ કરી છે.આ ઘટના બાદ ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયને ઊંડો શોક વ્યક્ત કરતા આ નુકસાનને ''કડવું અને અસ્વસ્થ કરનારું'' ગણાવ્યું છે. તેમણે લારીજાનીના દાયકાઓના સેવા કાર્યની પ્રશંસા કરી અને આ હત્યાનો બદલો લેવાની તેમજ પ્રતિકારનો માર્ગ ચાલુ રાખવાની પ્રતિજ્ઞા લીધી છે.


# કારગિલ યુધ્ધમાં ઊંઘતું ઝડપાયેલું ભારત કેવા સેટેલાઈટથી સુરક્ષિત રહી શકે?

## ભારતીય નેવિગેશન સિસ્ટમ 'NavIC' સંકટમાંઃ અંતરિક્ષમાં એટોમિક ક્લોક બંધ થતા ચિંતા વધી

**અબતક, નવી દિલ્હી**

વર્ષ ૧૯૯૯ના કારગિલ યુદ્ધ સમયે ભારતને એક કડવો પાઠ ભણવા મળ્યો હતો. જ્યારે પાકિસ્તાની ઘૂસણખોરો ભારતીય સરહદમાં ઘૂસી આવ્યા હતા, ત્યારે દુશ્મનોનું ચોક્કસ લોકેશન જાણવા માટે ભારતે અમેરિકા પાસે જીપીએસ ડેટાની મદદ માંગી હતી. જોકે, અમેરિકાએ તે સમયે આ સંવેદનશીલ માહિતી આપવાનો ઈનકાર કરી દીધો હતો. આ ઘટનાએ સાબિત કર્યું કે વિદેશી ટેકનોલોજી પર નિર્ભરતા યુદ્ધ જેવા સમયે ભારત માટે જોખમી બની શકે છે. આ જ જરૂરિયાતમાંથી જન્મ થયો ભારતની પોતાની સ્વદેશી નેવિગેશન સિસ્ટમ **NavIC (Navigation with Indian Constellation)** નો.

ભારતની પોતાની સ્વદેશી નેવિગેશન સિસ્ટમ **NavIC** અત્યારે મુશ્કેલ તબક્કામાંથી પસાર થઈ રહી છે. તાજેતરમાં **IRNSS-1F** સેટેલાઈટમાં લાગેલી એટોમિક ક્લોક (પરમાણુ ઘડિયાળ) બંધ થઈ જતાં આ સિસ્ટમ પર મોટું જોખમ ઊભું થયું છે. કોઈપણ નેવિગેશન સિસ્ટમને સચોટ લોકેશન અને સમય બતાવવા માટે ઓછામાં ઓછા ૪ સેટેલાઈટ કાર્યરત હોવા જરૂરી છે.ભારતે કુલ ૧૧ સેટેલાઈટ લોન્ચ કર્યા હતા.પરંતુ હાલમાં માત્ર ૩ સેટેલાઈટ જ મુખ્ય સેવાઓ આપી રહ્યા છે. ચોથા સેટેલાઈટની ઘડિયાળ બંધ થવાને કારણે હવે માત્ર ૨-પરિમાણીય **(2D)** માહિતી જ મળી શકશે, જે સુરક્ષા અને ચોકસાઈની દ્રષ્ટિએ અપૂરતી છે.**UPI** ટ્રાન્ઝેક્શન, રેલવે ટ્રેકિંગ (૧૦,૪૦૦+ એન્જિન) અને માછીમારોની સુરક્ષા માટે આ સિસ્ટમ કરોડરજ્જુ સમાન છે ભારત સરકારના આદેશ મુજબ ૨૦૨૫થી ભારતમાં બનતા સ્માર્ટફોન્સમાં **NavIC** સપોર્ટ હોવો ફરજિયાત છે.



નેવિગેશન સેટેલાઈટના હૃદય સમાન એટોમિક ક્લોક હોય છે. જો આ ઘડિયાળ બંધ પડે, તો સેટેલાઈટ અંતરિક્ષમાં હોવા છતાં નકામો બની જાય છે. જોકે, મે ૨૦૨૩માં લોન્ચ થયેલા **NVS-01** સેટેલાઈટમાં **ISRO** એ પ્રથમ વખત સ્વદેશી રુબિડિયમ એટોમિક ક્લોક લગાવી છે, જે એક આશાસ્પદ પગલું છે

ભારતની **NavIC** સિસ્ટમમાં અત્યારે સેટેલાઈટની સંખ્યા ઘટીને ૩ થઈ ગઈ છે. આનો અર્થ એ કે ભારતની સેના કે સામાન્ય નાગરિકો અત્યારે ચોક્કસ ઊંચાઈ અને અત્યંત સચોટ લોકેશન મેળવી શકતા નથી, જે યુદ્ધ કે મિસાઈલ ગાઈડન્સ જેવા કામોમાં જોખમી સાબિત થઈ શકે.

### નેવિગેશન સિસ્ટમમાં ૪ સેટેલાઇટનું શું છે મહત્વ?

- **પહેલો સેટેલાઇટ**એ જણાવે છે કે તમે પૃથ્વી પર એક વિશાળ ગોળાર્ધની સપાટી પર ક્યાંક છો.
- **બીજો સેટેલાઇટ** આ ગોળાર્ધ બીજા ગોળાર્ધને છેદે છે, જેનાથી તમારું લોકેશન એક રેખા અથવા વર્તુળ પર આવી જાય છે.
- **ત્રીજો સેટેલાઇટ** ત્રીજો ગોળાર્ધ જ્યારે આ બેને છેદે છે, ત્યારે પૃથ્વી પર બે ચોક્કસ બિંદુઓ મળે છે. જેમાંથી એક પૃથ્વીની સપાટી પર હોય છે અને બીજું અવકાશમાં. આ રીતે તમારું અક્ષાંશ અને રેખાંશ નક્કી થાય છે.
- **ચોથો સેટેલાઇટ** - સૌથી મહત્વનો છે નેવિગેશનમાં સૌથી મોટી મુશ્કેલી 'સમય'ની છે. સેટેલાઇટમાં કરોડો રૂપિયાની એટોમિક ક્લોક હોય છે જે નેનો-સેકન્ડનો હિસાબ રાખે છે, પણ તમારા ફોનમાં સાદી ઘડિયાળ હોય છે.જો સેટેલાઇટ અને તમારા ફોનની ઘડિયાળમાં ૧ સેકન્ડના લાખમાં ભાગ જેટલો પણ ફરક હોય, તો લોકેશનમાં કિલોમીટરોની ભૂલ આવી શકે છે. ચોથો સેટેલાઇટ તમારા ફોનની ઘડિયાળ અને સેટેલાઇટની એટોમિક ક્લોક વચ્ચેના સમયના તફાવતને સુધારે છે.

# જો જૂન મહિના સુધી યુધ્ધ ચાલ્યું તો ૪.૫૦ કરોડ લોકો ભૂખમરાનો શિકાર બનશે

## અમેરિકા-ઈઝરાયેલના હુમલાઓથી સપ્લાય ચેઈન પ્રભાવિત થતાં ખાદ્યપદાર્થો, ક્રૂડ ઓઈલ અને શિપિંગના ખર્ચમાં ધરખમ વધારો

**અબતક, નવી દિલ્હી**

વર્લ્ડ ફૂડ પ્રોગ્રામે મંગળવારે જાહેર કરેલા પોતાના નવા રિપોર્ટમાં એક ગંભીર ચેતવણી આપી છે. આ વિશ્લેષણ મુજબ, જો જૂન મહિના સુધી ઈરાન યુદ્ધ ચાલુ રહેશે તો વિશ્વભરમાં લાખો-કરોડો વધુ લોકોએ તીવ્ર ભૂખમરાનો સામનો કરવો પડશે. આ પરિસ્થિતિના કારણે વૈશ્વિક સ્તરે માનવીય સંકટ વધુ ઘેરું બની શકે છે.

ગત ૨૮ ફેબ્રુઆરીથી ઈરાન પર શરૂ થયેલા અમેરિકા અને ઈઝરાયેલના હુમલાઓના કારણે વૈશ્વિક સ્તરે મોટી અસર જોવા મળી રહી છે. આ હુમલાઓને લીધે મુખ્ય માનવીય સહાયના માર્ગો ખોરવાઈ ગયા છે. જેના પરિણામે વિશ્વના સૌથી વધુ પ્રભાવિત અને સંકટગ્રસ્ત વિસ્તારોમાં પહોંચતી જીવનરક્ષક સામગ્રીના શિપમેન્ટમાં ભારે વિલંબ થઈ રહ્યો છે.

જીનીવા ખાતે વર્લ્ડ ફૂડ પ્રોગ્રામના ડેપ્યુટી એક્ઝિક્યુટિવ ડિરેક્ટર કાર્લ સ્કાઉએ જણાવ્યું હતું કે ખાદ્યપદાર્થો, ઓઈલ અને શિપિંગના ખર્ચમાં થયેલા વધારાને

(અનુ. આઠમા પાને)

### એક દરવાજો બંધ થાય તો દસ દરવાજા ખુલે

# સિલિન્ડરની તંગીમાં ઘર-ઘર ગેસ પહોંચાડવાનું અભિયાન સરકારે તેજ કર્યું

## ઈરાન યુધ્ધના કારણે એલપીજી સપ્લાય ખોરવાતા હવે પીએનજીના વપરાશને પ્રાધાન્ય આપવાનો નિર્ણયઃ સિટી ગેસ પાઈપલાઈનની મંજૂરીઓ ઝડપી બનાવવા કેન્દ્ર સરકારે રાજ્યોને આપ્યો આદેશ

**અબતક, નવી દિલ્હી**

દેશમાં એલપીજીના સપ્લાયને લઈને ઉભી થયેલી ચિંતાઓ વચ્ચે કેન્દ્ર સરકારે રાજ્યોને સિટી ગેસ પાઈપલાઈન નાખવા માટેની મંજૂરીઓ ફાસ્ટ-ટ્રેક કરવા જણાવ્યું છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર રોલઆઉટ અને ઘરોમાં પાઈપ્ડ નેચરલ ગેસના ઉપયોગને વેગ આપવા માટે સરકાર દ્વારા રોડ રિસ્ટોરેશન અને પરમિશન ચાર્જ માફ કરવા પણ સૂચના આપવામાં આવી છે.

ઈરાન યુદ્ધના કારણે દેશમાં એલપીજીની આયાતને માઠી અસર પહોંચી છે, જેને પગલે સરકાર હવે ઘરગથ્થુ અને કોમર્શિયલ એમ બંને પ્રકારના એલપીજી વપરાશકારોને પીએનજી તરફ વળવા અપીલ કરી રહી છે. નોંધનીય છે કે ભારત તેના કુલ એલપીજી વપરાશના ૬૦% હિસ્સા માટે આયાત પર નિર્ભર છે. પેટ્રોલિયમ એન્ડ નેચરલ ગેસ રેગ્યુલેટરી બોર્ડ દ્વારા આ અસાધારણ સંજોગોને ધ્યાનમાં રાખીને સિટી ગેસ કંપનીઓ, શિપર્સ અને ગ્રાહકો માટે 'ઈમ્બેલેન્સ ચાર્જ' અસ્થાયી ધોરણે માફ કરવામાં આવ્યો છે.

(અનુ. આઠમા પાને)

# રોકડની અછત નિવારવા જાન્યુઆરીથી બજારમાં રૂ.૩.૫૦ લાખ કરોડ 'રોકડ ઠાલવતી' રિઝર્વ બેન્ક

## સાત દિવસના વેરિયેબલ રેટ રેપો ઓક્શન મારફતે બેન્કિંગ સિસ્ટમમાં ૪૮,૦૧૪ કરોડ રૂપિયાની ટૂંકા ગાળાની લિક્વિડિટી ઉમેરાઈ

**અબતક, નવી દિલ્હી**

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા જાન્યુઆરીથી સરકારી સિક્યોરિટીઝની ઓપન માર્કેટ ખરીદી દ્વારા ૩.૫૦ લાખ કરોડ રૂપિયાની લિક્વિડિટી સિસ્ટમમાં દાખલ કરી રહી છે. તેવામાં મંગળવારે સાત દિવસના વેરિયેબલ રેટ રેપો ઓક્શન મારફતે બેન્કિંગ સિસ્ટમમાં ૪૮,૦૧૪ કરોડ રૂપિયાની ટૂંકા ગાળાની લિક્વિડિટી (રોકડ) ઉમેરવામાં આવી છે. પીટીઆઈના રિપોર્ટ અનુસાર, કોર્પોરેટ ક્ષેત્ર દ્વારા એડવાન્સ ટેક્સની ચૂકવણીને કારણે બેન્કિંગ સિસ્ટમમાં સરપ્લસ લિક્વિડિટીમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયા બાદ મધ્યસ્થ બેંક દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે.

આરબીઆઈ દ્વારા જારી કરવામાં આવેલી માહિતી મુજબ, આ ભંડોળ ૫.૨૬ ટકાના કટ-ઓફ રેટ અને વેઈટેડ એવરેજ રેટ પર સિસ્ટમમાં ઉમેરવામાં આવ્યું છે. કોર્પોરેટ ટેક્સની ચૂકવણી બાદ બેન્કિંગ સિસ્ટમની સરપ્લસ રોકડમાં મોટો ઘટાડો થયો હોવા છતાં, હરાજી હેઠળ લેવાયેલી રકમ

(અનુ. આઠમા પાને)

# નીતા એમ. અંબાણી કલિંગા ઈન્સ્ટિટ્યુટ ઓફ સોશિયલ સાયન્સ હ્યુમેનિટેરિયન એવોર્ડ - ૨૦૨૫થી સન્માનિત

## ૪૦,૦૦૦ આદિવાસી વિદ્યાર્થીઓને મોટાં સપનાં જોવા પ્રેરિત કર્યાં




**ભુવનેશ્વર**

રિલાયન્સ ફાઉન્ડેશનના સ્થાપક અને ચેરપર્સન નીતા એમ. અંબાણીને આજે અહીં કલિંગા ઈન્સ્ટિટ્યૂટ ઓફ સોશિયલ સાયન્સ (KISS) કેમ્પસ ખાતે પ્રતિષ્ઠિત KISS હ્યુમેનિટેરિયન એવોર્ડ ૨૦૨૫થી સન્માનિત કરાયા હતા.

શ્રીલંકાના નોબેલ પારિતોષિક વિજેતા મોહન મુનાસિંઘેએ KIIT, KISS અને KIMSના સ્થાપક ડો.અચ્યુત સામંતાની ઉપસ્થિતિમાં શ્રીમતી નીતા અંબાણીને આ એવોર્ડ એનાયત કર્યો હતો. શ્રીમતી અંબાણીની ઉત્કૃષ્ટ માનવતાવાદી પહેલો તેમજ રિલાયન્સ ફાઉન્ડેશન દ્વારા શિક્ષણ, હેલ્થકેર, ગ્રામીણ પરિવર્તન, મહિલા સશક્તિકરણ અને રમતગમતને પ્રોત્સાહન દ્વારા સામાજિક વિકાસમાં તેમના નોંધપાત્ર યોગદાનને આ એવોર્ડ થકી બિરદાવાયું છે. આદિવાસી બાળકોને સંબોધતા પોતાના પ્રેરણાદાયી પ્રવચનમાં શ્રીમતી નીતા એમ.અંબાણીએ કહ્યું, ''આપણા દીકરાઓ જે કાંઈ કરી શકે છે, તે બધું આપણી દીકરીઓ પણ કરી શકે છે.દીકરા અને દીકરીઓ વચ્ચે કોઈ ફરક નથી.'' તેમણે પ્રશંસાના સ્વરે જણાવ્યું કે, ''હંમેશા યાદ રાખો કે તમે આજે જ્યાં છો તે તો તમારી શરૂઆત છે, તમારૂં લક્ષ્ય નથી. તમે કેટલું આગળ વધી શકો છો તે તમારા સપનાં, તમારી મહેનત અને આગળ વધવાની તમારી હિંમત જ નક્કી કરશે.'' તેમણે આદિવાસી બાળકોમાં પોતાનો વિશ્વાસ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, ''મને સંપૂર્ણ ખાતરી છે કે ભારતનું ભવિષ્ય અત્યંત ઉજ્જ્વળ છે.'' KISS હ્યુમેનિટેરિયન એવોર્ડની શરૂઆત ૨૦૦૮માં ડો.સામંતાએ કરી હતી. આ એવોર્ડ થકી વિશ્વભરમાં માનવતાવાદી કાર્યોની ભાવનાને મૂર્તિમંત કરતી વ્યક્તિઓ અને સંસ્થાઓને બિરદાવવામાં આવે છે. આ પુરસ્કાર વિજેતાને એક પ્રશસ્તિપત્ર અને ગોલ્ડ-પ્લેટેડ ટ્રોફી એનાયત કરાય છે.

છેલ્લા ઘણા વર્ષોથી, આ પુરસ્કાર વિશ્વભરના ખ્યાતનામ નેતાઓ, નોબેલ પારિતોષિક વિજેતાઓ અને વિશ્વભરના પ્રતિષ્ઠિત મહાનુભાવોને એનાયત કરવામાં આવ્યો છે. અગાઉના એવોર્ડ પ્રાપ્તિકર્તામાં રતન ટાટા, પરમપૂજ્ય દલાઈ લામા અને અનરૂદ્દ જુગનાથનો સમાવેશ થાય છે.

KISS એ વિશ્વભરમાં આદિવાસી સમુદાય માટેની સૌથી મોટી યુનિવર્સિટી છે, જે આશરે ૮૦,૦૦૦ આદિવાસી બાળકોને કિન્ડરગાર્ટનથી લઈને અનુસ્નાતક સ્તર સુધી મફત શિક્ષણ, નિવાસ તેમજ સર્વાંગી વિકાસ પ્રદાન કરે છે.

### બાળપણથી જ સાચી દિશા મળે તો ભવિષ્ય બને ઉજાસમય

# વાલીઓનું સાચું માર્ગદર્શનઃ બાળકના વિકાસની મજબૂત પાયાની ઈંટ

## બાળકોના સર્વાંગી વિકાસમાં માં-બાપની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ છે, તેઓ બાળકને પ્રેમ, સુરક્ષા અને સંસ્કાર આપે છે, જે તેના વ્યક્તિત્વના ઘડતર માટે આધારભૂત બને છે

**નોલેજ કોર્નર**



ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

બાળકોના ભાવી ઘડતર અને તેના વિકાસ માટે વાલીઓએ શું કરવું જરૂરી એ આજના સમયની તાતી જરૂરિયાત છે.ઘોડિયામાંથી ઘોડે ચડવા લાયક બનતા સંતાનોને 'ગળથૂથી'માં જ સંસ્કાર આપવાની આપણી પ્રાચીન પરંપરાઓ હવે વિશ્વ ભરને સમજાય ગઈ છે.સો શિક્ષક બરાબર એક માતા ગણાય છે. બાળ કેળવણીમાં પરિવારનું જતન ખૂબ જ મહત્વનું હોવાના એક સર્વેમાં બાળકોને જવાબદાર નાગરિક બનાવવાની કેળવણીનો પાયો બાળપણમાંથી જ ચણવાની હિમાયત કરી છે. રાંકના રતન હોય કે શ્રીમંતાઈ ઉછેરાતા અમીરોના સંતાન દરેક મા બાપ પોતાના બાળકો જીવનમાં સિદ્ધિ પ્રાપ્ત કરીને સફળ બને તેવી મહેચ્છા રાખતા હોય છે, આધુનિક યુગમાં શિક્ષણ અને બાળ કેળવણીનું દિવસે દિવસે ખૂબ મહત્વ વધતું જાય છે, ત્યારે દરેક માતા-પિતા પોતાના સંતાનને જીવનમાં શિક્ષણની સાથે સાથે તમામ બાબતમાં હોશિયાર બને તેવું ઈચ્છતા હોય છે. આધુનિક બાળ કેળવણીના સંશોધકો દ્વારા એવું તારણ કાઢવામાં આવ્યું છે કે બાળકોને બાળપણ થી કેળવણીના પાઠ ભણાવવા જોઈએ. જોકે ભારતીય શિક્ષણ પ્રણાલી અને ખાસ કરીને ઋષિકાળની વૈદિક શિક્ષણ પરંપરાઓમાં બાળપણની કેળવણીનું મહત્વ છે, ઈતિહાસમાં પણ શિવાજી મહારાજ જેવા રાજવીઓ અને ઋષિમુનિઓએ શૌર્ય, સખાવત, માનવતા અને મહાન બનવાની કેળવણી ઘોડિયા માંથી જ મળી હોવાનું આપણા શાસ્ત્રોમાં અને ઈતિહાસમાં જોવા મળે છે, શિવાજી મહારાજને બાળપણથી જ જીજાબાઈએ શોર્ય ભર્યા હાલરડા સંભળાવી સંભળાવીને બાળપણથી જ શૂરવીરતાનું સોમરસ પાયું હતું. આ જ રીતે ઋષિમુનિઓ તપસ્વીઓને પણ બાળપણના સંસ્કાર જીવનમાં મહાન બનાવવામાં નિમિત બન્યા હતા ..ત્યારે તાજેતરમાં આવેલા એક સર્વેમાં બાળકોની કેળવણીમાં માતા-પિતા અને વાલીઓએ બાળકો પર નાનપણથી જ ધ્યાન આપવું અને વ્યક્તિત્વ પર રોજે રોજની દરકાર કરવી.

**આજના દિવસમાં શું સારું કામ કર્યું ?:** આ માટે બાળક આખા દિવસની પ્રવૃત્તિઓનું પુથ્થકરણ કરતા શીખશે અને તેમાંથી સારું અને વધારે સારા ના વર્ગીકરણથી આત્મા નિરીક્ષણ અને પરિસ્થિતિની સમીક્ષા કરવાનું કૌશલ્ય ખીલશે.

**આજે કોઈ પરાક્રમ કે બહાદુરીનું કામ કર્યું ?:** સાહસ વિના સિદ્ધિ ન હોય, આખા દિવસના પરાક્રમ અને બહાદુરીના કામના પ્રશ્નના જવાબથી બાળક સાહસવૃત્તિ'નું મહત્વ સમજાશે અને પોતે કરેલા કામમાં બહાદુરીનું કામ ક્યું ગણાય તે આત્મ નિરીક્ષણ કરતા શીખશે સાહસ અને હિંમતના કાર્યોની બાળપણથી જ ઓળખ મળશે.



**આજે કોની સાથે રમ્યો કે નવા મિત્રો બનાવ્યા ?:** આના માટે બાળકને આખા દિવસની રમતનું સ્મરણ થશે અને કોની કોની સાથે મળવાનું થયું, તેમાં કોને મિત્ર બનાવવા? તે અંગે વિચાર મંથન અને મિત્રતાનું મહત્વ સમજાશે.

**તારા સહઅધ્યાયી સાથે સારો વ્યવહારો રાખ્યો ?:** આના ઉત્તરમાં બાળકને મિત્રો સાથેનો પોતાનો વ્યવહાર સમજવાની સુઝ મળશે અને વ્યવહારમાં સાનુકૂળતા અને મૈત્રી કેમ જળવાઈ તેની ચીવટની દૂરંદેશી આવશે.

**આજે એવું શું ઈચ્છતો હતો જે આવતીકાલે તું બદલીશઃ** પરિવર્તન સંસારનો નિયમ છે, આજનું પરિવર્તન ભવિષ્ય નિખારે છે, બાળક આજના બદલાવ માટે સમજતો થાય એટલે જીવન સફળ બને. આજના દિવસે કંઈક પરિવર્તન કરવાની ધગસ મેળવે અને બાળક જીવનમાં બદલાવ માટે તૈયાર થશે અને આવતીકાલે પણ નવું કરવાની જિજ્ઞાસા કેળવશે

**આજે તને કંઈ વસ્તુએ આનંદિત કર્યો કે દુઃખી બનાવ્યો ?:** જીવનમાં દરેક માટે સુખ દુઃખની વ્યાખ્યા સમજવી અનિવાર્ય છે, આખા દિવસના રાજીપા અને દુઃખ માટે બાળકને આખા દિવસની લાગણીના ઉતાર ચડાવ અને અન્યના વ્યવહારનું પોસ્ટમોર્ટમ કરવું પડશે ,કોણે કેવો વ્યવહાર કર્યો?. અને તેનાથી ખુશી મળી અને તેનાથી દુઃખ થયું તેની સમજણ બાળકમાં આવશે

**કાલ માટે તારા વિચારો શું છે ?:** આજને કાલનો આધાર ગણવામાં આવે છે, કાલ માટેના કામની અગત્યતા બાળકને સમજાવતા આ વાતથી આવતીકાલના આયોજન માટે બાળક જાગૃત થશે અને આજના કામો આવતીકાલ માટે કયા કયા અને કેવી રીતે મહત્વના છે તે સૂઝ બાળકમાં આવશે.

**આજના દિવસમાં પડકારરૂપ શું કામ કર્યું ?:** બાળકને તમામ પરિસ્થિતિનું વિવરણ કરી દરેક કાર્ય સમજવું પડશે. જેનાથી સામાન્ય અને પડકાર જનક પરિસ્થિતિનો ભેદ સમજવાની કોઠાસુજ આવશે .પડકારો સમજાઈ જાય એટલે તેનો ઉકેલ શોધતા પણ આવડી જાય.

**આજના દિવસે શું નવું શીખવાનો આનંદ મેળવ્યોઃ** બાળકને આખા દિવસની પ્રવૃત્તિમાંથી નવું શું શીખવા મળ્યું તેનું જ્ઞાન મળશે અને રમત રમતમાં કામનું શું? અમથું રમવાનું શું ?અને મસ્તી કોને કહેવાય ?તેની સમજ આવતા જીવનની ગંભીરતા નાનપણથી જ સમજાશે. **આજે નકકી કર્યું તે જ થયું ?:** જીવનમાં આયોજનનું મહત્વ સમજાય જાય એટલે કે સારો આરંભ અડધી સફળતા અપાવી દે છે. આયોજન કરવું અને તે મુજબ અમલ થાય તેના પ્રયાસો જ જીવનની સફળતાની ચાવી છે. બાળક દિવસના આયોજનની સમીક્ષા કરતો થઈ જાય અને બાળપણથી જ આયોજનબદ્ધ જીવનનો આગ્રહી બનશે. બાળક ભવિષ્યનું શિલ્પ છે, તેથી વાલીઓએ સંસ્કારથી આવતીકાલ ઘડવી. વાલીઓના માર્ગદર્શનથી જ બાળકનું ઉજ્જ્વળ ભવિષ્ય ખીલે છે.

**માતા-પિતા બાળકને શિક્ષણ, શિસ્ત, નૈતિક મૂલ્યો અને સામાજિક જવાબદારી શીખવે છે, સાથે જ તેઓ બાળકના શારીરિક, માનસિક અને ભાવનાત્મક વિકાસ માટે અનુકૂળ વાતાવરણ ઉભું કરે છે.**

**માતા-પિતાના માર્ગદર્શન અને પ્રોત્સાહનથી બાળક આત્મવિશ્વાસી, જવાબદાર અને સંવેદનશીલ વ્યક્તિ તરીકે વિકસે છે, જે સમાજમાં સકારાત્મક યોગદાન આપી શકે છે**

# કેરિંગથી માનવતા, શેરિંગથી સહકાર અને ડેરિંગથી પ્રગતિ-આ ત્રિવેણી વિદ્યાર્થી જીવનને અર્થપૂર્ણ બનાવે છે

**ચિંતનની પાંખે**



વિઠ્ઠલભાઈ વઘાસિયા
Vdvaghasia@gmail.com.

વિદ્યાર્થી જીવન એ માનવ જીવનનો એવો સુવર્ણ સમય છે, જ્યાં વ્યક્તિનું વ્યક્તિત્વ ઘડાય છે, મૂલ્યો વિકસે છે અને ભવિષ્યના પાયા રચાય છે. આ ઘડતર માત્ર પુસ્તકીય જ્ઞાનથી પૂરું થતું નથી, પરંતુ જીવનમૂલ્યોના સંસ્કારોથી સમૃદ્ધ બને છે. આવા મૂલ્યોમાં કેરિંગ (સંભાળ અને લાગણી), શેરિંગ (વહેંચણી અને સહભાગિતા) અને ડેરિંગ (સાહસ અને જોખમ લેવાની હિંમત)-આ ત્રણ ગુણો વિદ્યાર્થી જીવનને પૂર્ણતા આપે છે. આ ત્રણેય ગુણો વિદ્યાર્થીને માત્ર સફળ વિદ્યાર્થી નહીં, પરંતુ સારો માનવી પણ બનાવે છે.



**કેરિંગ : લાગણીસભર માનવતા તરફનું પગથિયુંઃ** કેરિંગ એટલે કાળજી લેવી, સમજવું, સંવેદનશીલ રહેવું અને અન્ય પ્રત્યે સહાનુભૂતિ ધરાવવી. વિદ્યાર્થી જીવનમાં કેરિંગનો અર્થ માત્ર પોતાની ચિંતા કરવી નહીં, પરંતુ મિત્રો, શિક્ષકો, પરિવાર, સમાજ અને પર્યાવરણ પ્રત્યે જવાબદારીભાવ વિકસાવવો છે.

વર્ગખંડમાં કોઈ મિત્ર અભ્યાસમાં નબળો હોય, કોઈ આર્થિક રીતે પછાત હોય અથવા માનસિક તણાવમાં હોય, ત્યારે તેને સમજવું અને મદદરૂપ થવું-એ સાચું કેરિંગ છે. શિક્ષકો પ્રત્યે આદર, માતા-પિતાની મહેનત પ્રત્યે કૃતજ્ઞતા અને સ્વયંના સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ-આ બધું કેરિંગના સ્વરૂપો છે.

કેરિંગ ધરાવતો વિદ્યાર્થી સ્વાર્થી નથી રહેતો. તે જાણે છે કે સમાજ સાથે જોડાઈને જ જીવન અર્થપૂર્ણ બને છે. આવા વિદ્યાર્થીઓમાં નેતૃત્વ, માનવતા અને ભાવનાત્મક બુદ્ધિમત્તા સ્વાભાવિક રીતે વિકસે છે.

**શેરિંગ : સહકાર અને સહઅસ્તિત્વની કળાઃ** શેરિંગ એટલે માત્ર વસ્તુઓ વહેંચવી નહીં, પરંતુ જ્ઞાન, સમય, લાગણી અને જવાબદારી વહેંચવી. વિદ્યાર્થી જીવનમાં શેરિંગનું મહત્વ અત્યંત ઊંડું છે. જે વિદ્યાર્થી પોતાની નોંધો મિત્રોને આપે છે, જે ગ્રુપ અભ્યાસમાં સક્રિય ભાગ લે છે, જે પોતાની સફળતા સાથે નિષ્ફળતાનો અનુભવ પણ અન્ય સાથે વહેંચે છે-તે સાચો શેરિંગ કરનાર વિદ્યાર્થી છે.

આજના સ્પર્ધાત્મક યુગમાં ઘણીવાર વિદ્યાર્થીઓમાં સ્વકેન્દ્રિતતા વધી રહી છે. 'મને શું મળશે?' એ પ્રશ્ન આગળ આવે છે. પરંતુ શેરિંગ વિદ્યાર્થીઓને શીખવે છે કે 'અમે સાથે મળીને શું મેળવી શકીએ?' આ ભાવના ટીમવર્ક, સહકાર અને સામૂહિક સફળતાનો માર્ગ ખુલ્લો કરે છે. શેરિંગ કરતો વિદ્યાર્થી ઈર્ષ્યા, અહંકાર અને અલગાવથી દૂર રહે છે. તે જાણે છે કે વહેંચવાથી જ સંબંધો મજબૂત બને છે. સમાજમાં પણ એવા જ વિદ્યાર્થીઓ આગળ જઈને સારા નાગરિક, સંવેદનશીલ નેતા અને જવાબદાર વ્યાવસાયિક બને છે.

**ડેરિંગ : હિંમત અને આત્મવિશ્વાસઃ** ડેરિંગ એટલે હિંમત કરવી, જોખમ લેવું અને પડકારોને સ્વીકારવા. વિદ્યાર્થી જીવનમાં ડેરિંગનો અર્થ માત્ર સાહસિક કાર્યો કરવો નહીં, પરંતુ પોતાની ક્ષમતામાં વિશ્વાસ રાખવો, નવી વસ્તુઓ અજમાવવી અને નિષ્ફળતાથી ડર્યા વિના આગળ વધવું.

પરીક્ષાનો ભય, મંચ પર બોલવાનો સંકોચ, નવી પ્રવૃત્તિમાં ભાગ લેવાનો સંશય-આ બધું ડેરિંગ દ્વારા જ દૂર થઈ શકે છે. જે વિદ્યાર્થી પ્રશ્ન પૂછવાની હિંમત કરે છે, નવી વિચારધારા રજૂ કરે છે, અને ભૂલ થવા છતાં પ્રયત્ન કરતો રહે છે-તે સાચો ડેરિંગ ધરાવતો વિદ્યાર્થી છે.

ડેરિંગ વિદ્યાર્થીને સર્જનાત્મક બનાવે છે. તે પરંપરાગત માર્ગોથી આગળ વધીને નવી દિશાઓ શોધે છે. વૈજ્ઞાનિક શોધો, સામાજિક પરિવર્તન અને નેતૃત્વ-બધાના મૂળમાં ડેરિંગ છુપાયેલું છે.

**ત્રણેય ગુણોનો સમન્વય : સંતુલિત વ્યકિતત્વની રચનાઃ** કેરિંગ, શેરિંગ અને ડેરિંગ - આ ત્રણેય ગુણો અલગ અલગ નથી, પરંતુ એકબીજાના પૂરક છે. કેરિંગ વગરનું ડેરિંગ અહંકાર બની શકે છે, શેરિંગ વગરનું કેરિંગ સીમિત રહી શકે છે અને ડેરિંગ વગરનું કેરિંગ-શેરિંગ અસરકારક બનતું નથી. જ્યારે વિદ્યાર્થીમાં કેરિંગની સંવેદના, શેરિંગની સહભાગિતા અને ડેરિંગની હિંમત-આ ત્રણેય ગુણો સાથે વિકસે છે, ત્યારે તેનું વ્યક્તિત્વ સંતુલિત, પરિપકવ અને પ્રભાવશાળી બને છે.

**નિષ્કર્ષઃ** વિદ્યાર્થી જીવન એ ભવિષ્યનું બીજ છે. આ બીજ જો કેરિંગ, શેરિંગ અને ડેરિંગના પાણીથી સિંચાય, તો તે સફળતા, સુખ અને સંતોષનું વૃક્ષ બને છે. આજનો વિદ્યાર્થી આવતીકાલનો નાગરિક છે. તેથી શિક્ષણ માત્ર ડિગ્રી પૂરતું નહીં, પરંતુ મૂલ્યોના વિકાસનું સાધન બનવું જોઈએ. કેરિંગથી માનવતા, શેરિંગથી સહકાર અને ડેરિંગથી પ્રગતિ-આ ત્રિવેણી વિદ્યાર્થી જીવનને અર્થપૂર્ણ બનાવે છે. આવા વિદ્યાર્થીઓ જ સશકત સમાજ અને ઉજ્જ્વળ રાષ્ટ્રનું નિર્માણ કરી શકે છે.

# ખાનગી આરોગ્ય વીમા કંપનીઓ દ્વારા પ્રિમિયમમાં વધારા સામે રાજ્યસભાના સાંસદ મયંક નાયકે વ્યક્ત કરી ચિંતા



**અબતક રાજકોટ**

દેશમાં ખાનગી આરોગ્ય વીમા કંપની દ્વારા પ્રીમિયમ વધારવાના મુદ્દે રાજ્યસભાના સાંસદ મયંકભાઈ નાયક એ રાજ્યસભામાંપર પ્રશ્ન ઉઠાવ્યો હતો, તેમણે દરેક નાગરિકને આરોગ્ય સુરક્ષા ઉપલબ્ધ થાય તે માટે આરોગ્ય વીમા ની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. ત્યારે ખાનગી ક્ષેત્રની આરોગ્ય વીમા કંપની દ્વારા વીમા પ્રીમિયમમાં સતત વધારો કરવામાં આવતો હોવા અંગે ચિંતા વ્યક્ત કરી હતી . સાંસદ મયંકભાઈ નાયક એ રાજ્ય સભામાંપ્રશ્ન ઉઠાવ્યો હતો કે ખાનગી આરોગ્ય વીમા કંપની દ્વારા પ્રીમિયમમાં વધારો કરવા માટે કોઈ નક્કર માપદંડો નક્કી કરવામાં આવ્યા છે કે કેમ? તેની વિગત જાહેર કરવી જોઈએ ,આ ઉપરાંત ખાનગી કંપની દ્વારા મનમાની રીતે પ્રીમિયમ વધારો કરવામાં ન આવે તે માટે સરકાર દ્વારા કેવા નિયંત્રણાત્મક પગલાં લેવામાં આવ્યા છે તે અંગે પણ સ્પષ્ટતા માંગી હતી સાંસદમાં મયંકભાઈ ખાનગી વીમા પ્રીમિયમ ના ભાવ વધારા અંગે ચિંતા વ્યક્ત કરી વિમાનું પ્રીમિયમ વ્યાજબી રહે તેવી વ્યવસ્થા ને આવકાર્ય ગણાવી હતી.

**રાજ્યસભામાં મયંક નાયકે વીમા પ્રિમિયમના વધારા સામે પગલા લેવાયા છે કે કેમ? તેવો સવાલ ઉઠાવ્યો**

## સૂડોકુ -૮૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૭ | | ૪ | | | ૯ | | ૨ |
| | ૧ | ૨ | | | ૩ | | | |
| | | ૮ | ૭ | ૧ | | ૬ | | |
| | | | | | | | | ૮ |
| | | ૫ | ૧ | | | | ૯ | |
| | ૩ | ૯ | ૮ | | ૬ | ૫ | | |
| ૨ | ૫ | ૩ | | | ૯ | | ૪ | ૧ |
| | | ૧ | | | | ૮ | ૫ | |
| ૮ | ૪ | ૭ | ૫ | | ૧ | | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૮૪ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૬ | ૪ | ૭ | ૫ | ૯ | ૮ | ૧ | ૩ |
| ૯ | ૮ | ૫ | ૩ | ૧ | ૨ | ૬ | ૭ | ૪ |
| ૧ | ૭ | ૩ | ૮ | ૬ | ૪ | ૨ | ૫ | ૯ |
| ૩ | ૫ | ૭ | ૨ | ૪ | ૬ | ૯ | ૮ | ૧ |
| ૬ | ૨ | ૧ | ૯ | ૮ | ૭ | ૩ | ૪ | ૫ |
| ૮ | ૪ | ૯ | ૫ | ૩ | ૧ | ૭ | ૨ | ૬ |
| ૭ | ૧ | ૨ | ૪ | ૯ | ૩ | ૫ | ૬ | ૮ |
| ૫ | ૩ | ૬ | ૧ | ૨ | ૮ | ૪ | ૯ | ૭ |
| ૪ | ૯ | ૮ | ૬ | ૭ | ૫ | ૧ | ૩ | ૨ |

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૧૮-૦૩-૨૦૨૬ બુધવાર**
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (હેલ્લારો)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (જય વસાવડા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (મેંગો આઈસ્ક્રીમ)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃ આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો તન્વી ચોટાઈ)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (ચૂપ રહો ખુશ રહો)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલ જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૧૯-૦૩-૨૦૨૬ ગુરુવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ ભાગવત કથા (પુ.દિપાલી દીદી)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

**તા.૧૯-૩ -૨૦૨૬ ગુરૂવાર**

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિઃ** ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** ફાગણ વદ અમાસ એકમનો ક્ષય ચૈત્ર નવરાત્રી પ્રારંભ
**નક્ષત્ર** ઉત્તરાભાદ્રપદ
**યોગ** શુકલ **કરણઃ** કિસ્તુઘ્ન
**સુર્યોદય** ૬.૫૨ **સુર્યાસ્તઃ** ૬.૫૭
**ચંદ્ર રાશી** મીન
**રાશિ અક્ષર** દ.ચ.ઝ.થ
**દિશાશૂળ** દક્ષિણ દિશા તરફ
**રાહુકાળ** બપોરે ૧,૩૦ થી ૩
**દિવસનાચોઘડીયા** શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ
**રાત્રીનાચોઘડીયા** અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૩૧ થી ૧.૧૯

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## આવતીકાલનું રાશિફળ

**તા.૧૯.૩.૨૦૨૬ ગુરુવાર, સંવંત ૨૦૮૨, ફાગણ વદ અમાસ, ઉત્તરા ભાદ્રપદા નક્ષત્ર, શુક્લ યોગ, બવ કરણ આજે જન્મેલાંની ચંદ્ર રાશિ મીન રહેશે**



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ (અ,લ,ઈ) :** ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો પડે, ન ગમતી ઘટનાઓમાંથી પસાર થવું પડે, દિવસ માધ્યમ રહે.

**વૃષભ (બ,વ,ઉ) :** આજના દિવસે કેટલીક બાબતમાં પ્રતીક્ષા કરવાની આવશે, સફળતા માટે થોડી રાહ જોવી પડે પણ યાદ રાખો સફળતા મળશે જ.

**મિથુન (ક,છ,ઘ) :** નોકરિયાત વર્ગને સારી કામગીરી મળે, વેપારી મિત્રોને ખરીદ વેચાણમાં લાભ થાય, દિવસ સારો રહે.

**કર્ક (ડ,હ) :** ઘણી ઘટનાઓનું ઊંડાણ પૂર્વક પૃથ્થકરણ કરી શકો, મનોમંથન કરી શકો, આંતરિક શક્તિમાં વૃદ્ધિ થાય.

**સિંહ (મ,ટ) :** લાગણીના સંબંધોમાં ઠેસ પહોંચતી જોવા મળે, મનમાં બેચેની રહ્યા કરે, ધાર્યા કામ પાર ના પડે.

**કન્યા (પ,ઠ,ણ) :** વિવાહયોગ્ય મિત્રો માટે સારી વાત આવી શકે છે, ભાગીદારીમાં લાભ થાય, પ્રગતિકારક દિવસ રહે.

**તુલા (ર,ત) :** લોન વિગેરે બાબતનું ટેન્શન રહેતું જોવા મળે, જીવનમાં નિયમિતતા જરૂરી છે, પૂજા પાઠથી બળ મળી રહેશે.

**વૃશ્ચિક (ન,ય) :** વિદ્યાર્થીવર્ગે વધુ મહેનત કરવી પડે, સંતાન અંગે ચિંતા જણાય, જો કે ધીમે ધીમે પરિસ્થિતિ સુધરે.

**ધન (ધ,ભ,ફ,ઢ) :** મનમાં નવા તાજા વિચારો અને હકારત્મકતા થી લાભ થાય, લેખન વાંચન અને મનન કરી શકો જેની ખુબ જરુરુ છે.

**મકર (ખ,જ) :** જીવનમાં પરિવર્તનનો પવન ફૂંકાઈ રહ્યો છે, પરિસ્થિતિમાં ફેરફાર આવી રહ્યો છે, સમજીને ચાલવું.

**કુંભ (ગ,સ,શ) :** નિરાશા કે બેચેની જેવું જણાય, મનમાં બેચેની રહ્યા કરે, કોઈ પ્રવૃત્તિમાં મનના લાગે.

**મીન (દ,ચ,ઝ,થ) :** તમારી જાતને અંદર થી ઓળખી શકો, આત્મસંવાદ કરી શકો જેથી તમારી જાતને સારી રીતે તપાસી શકો.

# સૌર ઉર્જા થકી ઘરોમાં ઉજાશ પથરાયો: કુંકાવાવનું જંગર ગામ ગુજરાતનું નવું સોલાર વિલેજ

## ગામના ૨૫૦ થી વધુ ઘરોમાં વિજ બીલનો વપરાશ ઝીરો, કુંકાવાવ - વડીયા તાલુકાના ૪૫ ગામોમાં ચેકડેમ બનતા ખેતીમાં પાક માટે પાણીની ઉપાધી ટળી

**અબતક, હર્ષ ઠાકર, અમરેલી**

કુંકાવાવ તાલુકાનું જંગર ગામ ગુજરાત રાજયનું સોલાર વિલેજ બન્યું છે આ ગામમાં ૨૫૦ થી વધુ ઘરો આવેલા છે. તમામ ઘરોમાં સૌર ઉર્જાનો ઉજાશ પથરાયો છે. જેને કારણે લોકોને વિજ બીલ ભરવામાંથી મુકિત મળી છે. એટલું જ નહિ હવે સૌર ઉર્જાનો પ્રકાશ બીજાને પણ આપશે જેનાથી તેઓ આત્મર્નિભર બનશે. આ સિવાય કુંકાવાવ વડીયા તાલુકાના ૪૫ ગામોમાં ચેકડેમ બનતા ખેતીમાં માટે પાણીની અછતની ઉપાધી ટળી છે.



કુંકાવાવના જંગર ગામે ૨૫૦ થી વધારે ઘર આવેલા છે. જયાં મોટે ભાગે બધા સીનીયર સિટીઝનો રહે છે. જયારે યુવા પેઢી નોકરી વ્યવસાય માટે અમદાવાદ, સુરત, વડોદરા ઉપરાંત કેટલાક વિદેશમાં પણ સ્થાયી થયા છે. આખુ ગામ સોલાર વિલેઝ બનતા અંદાજિત એક વર્ષનો સમય લાગ્યો છે. આ કામગીરી માટે દાતાઓ તરફથી પણ દાન મળ્યું છે. ગામના દરેક ઘરોમાં સોલાર ઈન્સ્ટોલેશનની કામગીરી થતા હવે આખ્યું ગામ સંપૂર્ણ પયે સૌર ઉર્જાથી પ્રકાશિત થયું છે.

આ સિવાય કુંકાવાવ, વડીયા તાલુકાના ૪૫ ગામોમાં એક સાથે જળ સંચય અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો છે. રાજકોટના ગીર ગંગા પરિવાર ટ્રસ્ટ અને પીજીવીસીએલના સીએસઆર ફંડના સહયોગથી આ કામગીરી હાથ ધરાશે. અંદાજીત રૂ. ૪.૫ કરોડથી વકધુની રકમ સી.એસ.આર. ફંડ તરીકે મંજુર કરાઈ છે.


ચેકડેમ નવા બનતા અને તળાવો ઉંડા ઉતારતા હવે ખેડુતોને ખેતીમાં ફાયદો થવાની સાથે સાથે ગામના લોકોને પણ વધારાનું પાણી મળશે તેમજ પશુ-પક્ષીઓને પણ પ્રાકૃતિક વાતાવરણ મળશે.

અમદાવાદ સ્થિત રવજીભાઈ પી. વસાણી ગ્રુપ પરિવારનો વિશેષ સહયોગ રહ્યો છે. કાર્યક્રમ દરમિયાન રાજ્યમંત્રીએ મોડેલ સોલાર વિલેજ અને ગ્રામ્ય મોડેલ તળાવનું લોકાર્પણ કર્યું હતું.

આ તકે ઊર્જા રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ જળ સંરક્ષણના કાર્યો આપણા ભવિષ્યને સુરક્ષિત બનાવતું તેમજ વરસાદી પાણીના સંગ્રહથી ખેડૂતોને લાંબા ગાળે ફાયદો થવાનું અને રાજ્ય સરકાર દ્વારા અમરેલી જિલ્લામાં રોડ-રસ્તા, આંગણવાડી, શાળાઓના બિલ્ડિંગ અને જળસંચય જેવા અનેક વિકાસકાર્યો ઝડપથી આગળ ધપી રહ્યાનું જણાવ્યું હતું.

કાર્યક્રમમાં કુંકાવાવ-વડીયા તાલુકા પંચાયતના હોદ્દેદારો, જિલ્લાના રાજકીય આગેવાનો, જિલ્લા પંચાયતના પ્રમુખ સુરેશભાઈ પાથર, ગીરગંગા પરિવાર ટ્રસ્ટના પ્રમુખ દિલીપભાઈ સખીયા, અમરેલી માર્કેટિંગ યાર્ડના પૂર્વ ચેરમેન પી.પી. સોજીત્રા સહિત વિવિધ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

તે ઉપરાંત જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજ, જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યા, પીજીવીસીએલના અધિકારીઓ, અને ૪૫ ગામોના સરપંચો સહિત મોટી સંખ્યામાં ગામલોકો હાજર રહ્યા હતા.



# સાબરકાંઠા જિલ્લા પંચાયત સહિત ૮ તાલુકા પંચાયત અને ૩ નગરપાલિકાઓમાં વહીવટદાર શાસન

## પ્રાંતિ જ નગરપાલિકામાં વોર્ડ નં.૨માં પેટા ચૂંટણી યોજાશે



**અબતક, સંજય દિક્ષિત, સાબરકાંઠા**

સાબરકાંઠા જિલ્લા પંચાયત,આઠ તાલુકા પંચાયત અને ત્રણ નગરપાલિકામાં વહીવટદાર શાસન અમલમાં આવ્યું છે. આ સંસ્થાઓની મુદત પૂર્ણ થતાં વહીવટી સુકાન સંભાળવા માટે અધિકારીઓની વહીવટદાર તરીકે નિમણૂક કરવામાં આવી છે. તેમજ પ્રાંતીજ નગરપાલીકાના વોર્ડ નં.૨માં પેટા ચૂંટણી યોજાશે

જેમાં સાબરકાંઠા જિલ્લા પંચાયત, હિંમતનગર, ઈડર, વડાલી, ખેડબ્રહ્મા, પોશીના, વિજયનગર, તલોદ અને પ્રાંતિજ તાલુકા પંચાયતોનો સમાવેશ થાય છે આ ઉપરાંત હિંમતનગર,ઈડર અને વડાલી નગરપાલિકામાં પણ વહીવટદાર શાસન લાગુ પડ્યું છે પ્રાંતિજ નગરપાલિકાના વોર્ડ નંબર-૨ માં પેટાચૂંટણી યોજાશે સાબરકાંઠા જિલ્લા પંચાયતમાં જિલ્લા કલેકટરને વહીવટદાર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. જ્યારે પોશીના અને વિજયનગર તાલુકા પંચાયતમાં ખેડબ્રહ્મા પ્રાંત અધિકારીને જવાબદારી સોંપાઈ છે હિંમતનગર તાલુકા પંચાયત અને હિંમતનગર નગરપાલિકા માટે હિંમતનગર પ્રાંત અધિકારીની નિમણૂક થઈ છે તલોદ અને પ્રાંતિજ તાલુકા પંચાયતમાં પ્રાંતિજ પ્રાંત અધિકારી વહીવટદાર તરીકે કાર્યભાર સંભાળશે ખેડબ્રહ્મા તાલુકા પંચાયતમાં સાબરકાંઠા જિલ્લા પુરવઠા અધિકારીને વહીવટદાર બનાવાયા છે ઈડર અને વડાલી તાલુકા પંચાયત માટે ઈડર પ્રાંત અધિકારીની નિમણૂક કરાઈ છે ઈડર નગરપાલિકામાં ઈડર મામલતદાર અને વડાલી નગરપાલિકામાં વડાલી મામલતદાર વહીવટદાર તરીકે સેવા આપશે.

# સકકરબાગ ઝુમાં ફુવારા શરૂ કરાયા: પ્રાણીઓને ફ્રુટ આઈસ કેન્ડી આપવાનું ચાલુ

## ઉનાળાની ૠતુમાં પ્રાણીઓને ઠંડક આપવા પ્રયાસ, પક્ષીઓ માટે આર્ટિફિશિયલ માળો બનાવાયો



**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

સક્કરબાગ પ્રાણી સંગ્રહાલય, જુનાગઢ ખાતે ઉનાળાની ૠતુ દરમિયાન વધતા તાપમાન અને તીવ્ર ગરમીથી વન્યપ્રાણીઓને સુરક્ષિત રાખવા ઝુ પ્રશાસન દ્વારા વિવિધ જરૂરી પગલાં લેવામાં આવ્યા છે. પ્રાણીઓને એસી જેવી અનુભૂતિ થાય તે માટે વોટર સ્પ્રિંકલર ચાલુ કરવામાં આવ્યા છે, આ સાથે ઉનાળાની ગરમીથી રાહત મળે તે માટે તેમને ફળોથી બનાવેલી આઈસ કેન્ડી પણ આપવામાં આવે છે.

જેમ કે સિંહ, વાઘ, દીપડા, વરુ અને ઝરખ માટે પાંજરાઓમાં વોટર સ્પ્રિંકલર ચાલુ રાખવામાં આવ્યા છે. ઉપરાંત બપોરના સમયે પૂરતો કુદરતી છાંયો મળી રહે તે માટે વૃક્ષોના છાંયામાં પ્રાણીઓને આરામ મળી રહે તેવી યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી છે.



તેમજ આર્ટિફીશ્યલ નેસ્ટ પણ તૈયાર કરાયો છે.

વન્ય પ્રાણીઓને હંમેશા સ્વચ્છ પીવાનું પાણી મળે તે માટે પાણીના કુંડની દૈનિક સાફ-સફાઈ કરવામાં આવે છે અને પાણીમાં ઓ.આર.એસ. જેવા પૂરક તત્વો ઉમેરવામાં આવે છે. તેમજ પાણીમાં બરફ અને ફુવારાની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. જ્યાં પૂરતો કુદરતી છાંયો ઉપલબ્ધ નથી ત્યાં ગ્રીન નેટ લગાવી ગરમીથી રક્ષણ આપવામાં આવે છે. વન્યપ્રાણીઓના ખોરાકમાં ડીહાઈડ્રેશન ટાળવા માટે વિવિધ સપ્લિમેન્ટ્સ ઉમેરવામાં આવે છે. રીંછ અને મર્મોસેટ જેવા પ્રાણીઓને ઉનાળાની ગરમીથી રાહત મળે તે માટે તેમને ફળોથી બનાવેલી આઈસ કેન્ડી પણ આપવામાં આવે છે. ઝુના સ્ટાફ દ્વારા વન્યપ્રાણીઓનું સતત મોનીટરીંગ કરવામાં આવે છે.

પક્ષીઓ માટે વિવિધ પ્રકારના ફુવારા તથા ગ્રીન નેટની વ્યવસ્થા કરવામાં આવી છે. તેમના ખોરાકમાં વધુ પાણી ધરાવતા તરબૂચ અને ટેટી જેવા ફળોનો સમાવેશ વધારવામાં આવ્યો છે. પીવાના પાણીમાં સપ્લિમેન્ટ્સ અને બરફની પૂરતી વ્યવસ્થા પણ કરવામાં આવે છે. ઉપરાંત પક્ષીઓને ગરમીથી બચાવવા આર્ટિફિશિયલ નેસ્ટ પણ તૈયાર કરવામાં આવ્યા છે.

સરીસૃપ વર્ગના પ્રાણીઓ માટે દિવસભર પૂરતો છાંયો મળી રહે તેમ કાળજી રાખવામાં આવે છે. પાણીના કુંડ અને ફુવારાની વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

તૃણાહારી પ્રાણીઓ માટે લીલો ચારો, પાણીના ફુવારા અને ગ્રીન નેટની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. પાણીના પોઈન્ટ નજીક કંતાન રાખવામાં આવે છે જેથી મધમાખી તથા અન્ય જીવજંતુઓને પણ સરળતાથી પાણી મળી શકે. આ ઉપરાંત તમામ પ્રાણીઓ માટે પૂરતા પ્રમાણમાં તાજો, સ્વચ્છ અને ગુણવત્તાસભર ખોરાક તથા પીવાનું પાણી ઉપલબ્ધ કરાવવામાં આવે છે. તમામ વન્યપ્રાણીઓનું સી.સી.ટી.વી. દ્વારા સતત હેલ્થ મોનીટરીંગ કરવામાં આવે છે.

# ગોંડલમાં રાજાશાહી યુગની ગવાહી સમી સદી જૂની પીરની "ઘેઘુર આંબલી" ધરાશાયી

**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**



એક ઈતિહાસ થયો ભૂતકાળ.... ગોંડલના મહારાજા સર ભગવતસિંહનો વૃક્ષ પ્રેમ જાણીતો છે આજે પણ સંગ્રામસિંહ હાઈસ્કૂલના મેદાનમાં સો વર્ષથી વધુ સમયના લીમડાના વૃક્ષો વ લહરાય રહ્યા છે ,ગઈકાલે રાત્રે જેલ ચોકથી ઉધોગ ભારતી ચોક તરફ જવાના માર્ગે અડીખમ ઊભેલી હઝરત બાબા હબસ જલાલી પીરની દરગાહ પાસે ની આંબલી ગઈકાલે રાત્રે એકાએક ધરાશાઈ થઈ જતા ગોંડલના વૃક્ષોની જાળવણી નો એક યુગ આથમી ગયો હોય તેવો પર્યાવરણ પ્રેમીઓને વસવસો થયો છે, આંબલીના તોતિગ થડ અડીને હજરત બાબા હબસજલાલીની દરગાહ હોય આ આંબલી પીરની આંબલી તરીકે ઓળખાતી હતી આ ચોકને પીરની આંબલી ચોક તરીકે અને અહીંથી ભોજરાજપરા તરફ જવાના માર્ગ ને પીરની આંબલી માર્ગ ની ઓળખ મળી હતી આ ઓળખ રાજાશાહી સમયથી હોય આંબલી પણ એ સમયથી ત્યાં સગડીને બેઠી હતી રાજાશાહી યુગનું વૃક્ષ હતું આંબલી ધરાશાહી થઈ પણ દરગાહ અને કંઈ નુકસાન થયું નથી નગરપાલિકા દ્વારા જાહેર માર્ગ પર પડેલ આંબલી ને હટાવવાની કાર્યવાહી હાથ ધરી છે વર્ષો જૂની આગવી ઓળખ દેવી પીરની આંબલી ધરાસાઈ થઈ જતા શહેરના વૃક્ષ પ્રેમીઓમાં દુઃખની લાગણી પ્રસરી છે.

# ઉપલેટા: ગઢાળા ગામમાં મોજ નદી પાસેનો આવેલ ચેકડેમ રીપેર કરવાની માંગ

## પુર્વ સરપંચ નારણભાઈ આહીરની રજૂઆત

**અબતક, કિરિટ રાણપરિયા, ઉપલેટા**

ઉપલેટા તાલુકાના ગઢાળા ગામના પૂર્વ સરપંચ નારણભાઈ આહિરે રાજ્યના સિંચાઈ મંત્રીને પત્ર પાઠવીને જણાવેલ છે કે આજે છેલ્લા સાત વર્ષ થી ગઢાળા ગામની બાજુમાં આવેલ મોજ નદીમાં છેલ્લા ૫૦ વર્ષથી ચેકડેમ આવેલ હતો.



આ ચેક ડેમનો લાભ સાત ગામના ખેડૂતોને મળતો હતો પરંતુ છેલ્લા ૭ વર્ષમાં ગામ લોકોએ તેમજ પાંચ ગામના લોકોએ સત્તાવાળાઓને અનેક વખત રજૂઆત કરેલ પરંતુ હજુ સુધી આ ચેકડેમ રીપેર કરવામાં આવેલ નથી. જેને કારણે છેલ્લા સાત વર્ષથી નદીમાં રોકાતું પાણી વહી જાય છે નદી ખાલી ખમ દેખાય છે ત્યારે સરકાર મોટી મોટી જાહેરાત કરે છે પાણી રોકવાની પરંતુ ખેડૂતોને જે જરૂર છે તે કામગીરી આ સરકારમાં થતી નથી માત્ર ને માત્ર મોટી મોટી જાહેરાતો કરે છે પરંતુ આ સરકારે ૩૦ વર્ષમાં એક પણ નદીનો મોટો ડેમ બનાવેલ નથી જો આ ચેકડેમ ની કામગીરી ટુંક સમયમાં કરવામા નહી આવે તો ખેડૂતો સરકાર સામે આંદોલન કરશે તેવી ચીમકી પાંચ ગામના લોકોએ કરેલ છે.

# પોરબંદર જિલ્લા તેમજ ત્રણેય તાલુકા પંચાયતમાં વહીવટદારની નિમણુંક

**અબતક, અશોક થાનકી, પોરબંદર**

પોરબંદરના જિલ્લા પંચાયત અને ત્રણેય તાલુકા પંચાયતની ટર્મ આજે પુરી થઈ છે ત્યારે પોરબંદર જિલ્લા પંચાયત તેમજ ત્રણેય તાલુકા પંચાયત વહીવટદારની નિમણુંક કરવામાં આવી છે. સમગ્ર રાજ્યની ૩૧ જિલ્લા પંચાયત અને ૨૨૧ તાલુકા પંચાયતના શાસકોની ટર્મ પુરી થઈ છે. જેથી આ તમામ જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતમાં વહીવટદારની નિમણુંક કરવામાં આવી છે. પોરબંદર જિલ્લામાં પણ પોરબંદર જિલ્લા પંચાયત તેમજ પોરબંદર જિલ્લાના પોરબંદર તાલુકા પંચાયત, રાણાવાવ તાલુકા પંચાયત અને કુતિયાણા તાલુકા પંચાયતમાં પણ શાસકોની ટર્મ પુરી થઈ છે. જેથી વહીવટદારની નિમણુંક કરવામાં આવી છે. પોરબંદર જિલ્લા પંચાયતમાં વહીવટદાર તરીકે જિલ્લા કલેકટર એસ.ડી.ધાનાણી, પોરબંદર તાલુકા પંચાયતના વહીવટદાર તરીકે પોરબંદર પ્રાંત અધિકારી તેમજ રાણાવાવ અને કુતિયાણા તાલુકા પંચાયતના વહીવટદાર તરીકે કુતિયાણા પ્રાંત અધિકારીની નિમણુંક કરવામાં આવી છે.


## સીવીલ કોર્ટ નોટીસ

રાજકોટના મહે પ્રિન્સીપલ સીનીયર સીવીલ જજ સાહેબશ્રી સી. વી. રાણા સાહેબની કોર્ટમાં,
ક્રમ નં. ૧૦૧ દિ.પ.અ.નં ૨૯૧૪/૨૦૨૫

અરજદાર જાગૃતિબેન જયતિભાઇ ખજુરીયા, રહે સિધ્ધાર્થ, પ્રહલાદ પ્લોટ, શેરી નં.૪૩, રાજકોટનાએ ગુજરનાર જયંતિભાઇ ત્રીભોવનદાસ ખજુરીયાની નીચે જણાવેલ મિલ્કત માટે અંત્રેની અદાલતમાં દિ.પ. અ નં. ૨૯૧૪/૨૦૨૫ થી વારસા સર્ટી મેળવવા અરજી કરેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

(૧) સ્વ.જયંતીભાઈ ત્રીભોવનદાસ ખજુરીયા સ્થાવર મિલ્કતોનુ વર્ણન નીચે મુજબ છે.

રાજકોટ શહેરના પ્રહલાદ પ્લોટ વિસ્તારમાં શેરી નંબર ૪૩ માં આવેલ ''સીધાર્થ'' મકાન કે જેના સર્વે નં.૪૪૦ પૈકી, પ્લોટ નં.ર, ટી.પી. સ્કિમ નં.ર, ના ઓરીજીનલ પ્લોટ નં.૬૧/૨, ૬૫/૧ ના ફાયનલ પ્લોટ નં.૩૪૪ પૈકી સીટી સર્વે વોર્ડ નં.૧૫/૨, સીટી સર્વે નં.૩૯૫૩/બ/રે ની જમીન ચો.મી.આ. ૩૧૨૭-૧૨ પૈકીની તેનો ૫૦% હિસ્સો ગુજરનાર સ્વ.જયંતીભાઈ ત્રીભાવનદાસ ખજુરીયા ના નામે આવેલ છે.

(૫) સ્વ.જયંતીભાઈ ત્રીભોવનદાસ ખજુરીયા જંગમ મિહલ્કતોનુ વર્ણન નીચે મુજબ છે.
૧. સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડીયા ખાતા નંબરઃ- ૧૩૭૨૮૧૯૯૬૧
૨. રાજકોટ નાગરીક સહકારી બેન્ક લી. ફીકસ ડીપોઝીટ રસીદ નંબર ખાતા નંબર :- ૧૧૫૨૫
૩. સ્વ.પદમાબેન જયંતીભાઈ ખજુરીયાના જુદી જુદી કંપનીમાં રોકાણ કરેલ શેર તથા મ્યુચીયલ ફંડ ની વિગતો.

જો તેમાં કોઇને કોઇ વાંધો તકરાર હોય તો તેમણે તા.૨૦/૪/૨૬ ના રોજ અત્રેની અદાલતમાં કલાક ૧૦:૩૦ વાગ્યે હાજર રહેવું અને વાંધા જવાબ રજુ કરવા, ગેરહાજર રહયે આગળનો યોગ્ય તે હુકમ કરવામાં આવશે, જેની સ્પષ્ટ નોંધ લેશો.

આજ તારીખ ૧૩મી ફેબ્રુઆરી સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યો.

(એચ.આર. વ્યાસ) રજીસ્ટ્રાર, પ્રીન્સીપાલ 'સીનીયર સીવીલ કો. રાજકોટ. | કોર્ટનો સીકકો | તૈયાર કરનાર (એમ.બી.ગાબુ) આસીસ્ટન્ટ


# અમરેલીમાં મુખ્યમંત્રીના કાર્યક્રમની તારીખ બદલાઈ: હવે શનીવારે આવશે

## રૂ.૭૦૦ કરોડના વિકાસ કાર્યોનું ખાતમુહુર્ત કરાશે

**અબતક, હર્ષ ઠાકર, અમરેલી**

અમરેલીમાં મુખ્યમંત્રીના કાર્યક્રમની તારીખ બદલાઈ છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ હવે ૨૨ માર્ચના બદલે ૨૧ માર્ચે ઉપસ્થિત રહેશે. આ તકે તેઓ ૭૦૦ કરોડના વિકાસ કામોનું ખાતમુહુર્ત કરશે.

અમરેલીમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના આગમનને લઈ વહીવટી તંત્ર દ્વારા તડામાર તૈયારી શરૂ થઈ છે. મુખ્યમંત્રી હવે એક દિવસ અગાઉ અમરેલીમાં નવા માર્કેટિંગ યાર્ડ ખાતે પધારશે, જિલ્લામાં અંદાજે ૭૦૦ કરોડ રૂપિયાના વિવિધ વિકાસ કાર્યોના ખાતમુહૂર્ત અને લોકાર્પણ રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષના હસ્તે કરવામાં આવશે.

આ પ્રસંગે અમરેલી જિલ્લાના નાગરિકો, ભારતીય જનતા પાર્ટીના આગેવાનો અને કાર્યકરોને કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા જણાવ્યું છે. અમરેલી જિલ્લામાં મુખ્યમંત્રી ઉપસ્થિત રહેવાના હોય વહીવટી તંત્ર દ્વારા પણ તડામાર તૈયારી શરૂ કરી દેવાઈ છે.


**પશ્ચિમ રેલવે**
**રાજકોટ મંડળ**

**એક સ્ટીમ બોઈલર (ICAD મેક) માટે વ્યાપક વાર્ષિક જાળવણી કરાર**

**ટેન્ડર સૂચના નં.: M-2026-6-ICAD Boiler તારીખ: 10/03/2026 કામનું નામ:** C&W ડેપો હાપા ખાતે એક સ્ટીમ બોઈલર (ICAD મેક) માટે 2 વર્ષના સમયગાળા માટે વ્યાપક વાર્ષિક જાળવણી કરાર **અંદાજિત ખર્ચ:** રૂ. 7,97,440/- **અર્નેસ્ટ મની:** રૂ. 16,000/- **ટેન્ડર સબમિટ કરવાની તારીખ અને સમય:** 01/04/2026 ના રોજ 15:00 કલાક સુધી **ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** 01/04/2026 ના રોજ 15:30 કલાકે **ટેન્ડર ફોર્મ મેળવવાનું ઓફિસ સરનામું અને નોટિસ બોર્ડનું સ્થાન:** ડિવિઝનલ રેલવે મેનેજર (મિકેનિકલ) પશ્ચિમ રેલવે, રાજકોટ ડિવિઝન કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ – 360001 **વેબસાઇટ વિગતો: www.ireps.gov.in**

RJT 212

અમને લાઇક કરો: facebook.com/WesternRly



## રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.
(મલ્ટીસ્ટેટ શેડયુલ્ડ બેંક)

**કબજા નોટીસ (સ્થાવર મિલકત માટે)**

રજી. અને હેડ ઓફિસ : 'અરવિંદભાઇ મણીઆર નાગરિક સેવાલય', ૧૫૦' રીંગ રોડ, રૈયા સર્કલ પાસે, રાજકોટ. ફોન : ૨૫૫૫૭૧૬

અમો નીચે સહી કરનાર અધિકૃત અધિકારી રાજકોટ નાગરિક સહકારી બેન્ક લી. એ સિકયોરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીકયોરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ ની કલમ ૧૩(૨) તથા સીકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ અન્વયે મળેલ અધિકારની રૂએ કરજદાર **રામાવત રાજેશ ગણપતદાસને તા.૧૩/૦૮/૨૦૨૫** ના રોજ રજી.એડી. પોસ્ટ દ્વારા પ્રસિધ્ધ કરાયેલ જાહેર ડીમાન્ડ નોટીસમાં બેન્કની બાકી લેણી રકમ **રૂા.૫,૮૧,૩૯૧=૩૪ (અંકે રૂપીયા પાંચ લાખ એકયાસી હજાર ત્રણસો એકાણુ અને ચોત્રીસ પૈસા પુરા) તા.૩૧/૦૭/૨૦૨૫** થી ચડત બાકી વ્યાજ નોટીસ મળ્યા તારીખથી **૬૦ દિવસ**માં ભરપાઈ કરી આપવા જણાવેલ. ઉપરોકત કરજદાર નોટીસ મુજબ રકમ ભરપાઈ કરવામાં નિષ્ફળ ગયેલ હોવાથી બેન્કે ઉપરોકત કાયદાની કલમ ૧૪ અન્વયે આ મિલ્કતનો કબજો લઈને બેન્કને સોંપી આપવા માટે માનનીય ચીફ જયુડિશિયલ મેજીસ્ટ્રેટશ્રી, રાજકોટને દરખાસ્ત કરેલ તેના અનુસંધાને તેઓએ **તા.૩૧/૦૧/૨૦૨૬** નાં રોજ કરેલ હૂકમ અન્વયે માનનીય કોર્ટ કમિશ્નરશ્રીએ નીચેના વર્ણનવાળી મિલ્કતનો **તા.૧૪/૦૩/૨૦૨૬**નાં રોજ કબ્જો લઈને બેન્કના અધિકૃત અધિકારીને સોંપેલ છે. તેની કરજદાર, જામીનો તેમજ જાહેર જનતાને જાણ કરવામાં આવે છે. આથી ઉપરોકત કરજદાર તથા જાહેર જનતાને સજાગ કરવામાં આવે છે કે નીચે દર્શાવેલ મિલ્કત સંબંધમાં કોઈપણ જાતનો વ્યવહાર કોઈએ કરવો નહી, તેમ છતાં જો કરવામાં આવશે તો તે રાજકોટ નાગરિક સહકારી બેન્ક લિ.,ની **તા.૨૮/૦૨/૨૦૨૬** ના રોજ ની બાકી લેણી રકમ **રૂા.૬,૦૩,૭૪૧=૩૪ (અંકે રૂપીયા છ લાખ ત્રણ હજાર સાતસો એકતાલીસ અને ચોત્રીસ પૈસા પુરા) ++ તા.૦૧/૦૩/૨૦૨૬** થી ચડત બાકી વ્યાજ વિગેરેના બોજાને આધિન રહેશે.

**કબ્જે લીધેલ મિલ્કતનું વર્ણન**

ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટ જીલ્લાના રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન ની હદમાં બાબરીયા કોલોની પાસેના સ્થળ ઉપરના રેવન્યુ સર્વે નં. ૩૦૨ પૈકી ની કુલ જમીન ચો.મી.આ. ૪૬૨૧-૦૦ ઉપર ટી.પી.નં.૫ એફ.પી.નં.૨૫૮ પૈકીની સીટી સર્વે વોર્ડ નં. ૧૦ પૈકી આર્થિક અનુ સામાજીક રીતે નબળા વર્ગના લોકો માટેની આવાસ યોજના (૩૦૧૨ આવાસ યોજના) હેઠળ બાંધવામાં આવેલ ફલેટસ પૈકી ભોંય તળીયે આવેલ ફલેટ નં. ૫૫૩ જેનો બીલ્ટઅપ એરીયા ચો.મી.આ. ૧૫-૭૨ થી સહિતના ફલેટ જે વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૯૨૯ તા.૦૪/૦૨/૨૦૧૯ થી રાજેશભાઈ ગણપતદાસ રામાવતના નામે છે તે મિલ્કત.

**ચતુર્દીશા :** ઉત્તરે :- લાગુ રસ્તો આવેલ છે. તે તરફ માપ મી. ૪-૭૫ છે.
દક્ષિણે :- લાગુ ફલેટ નં. ૫૫૪ આવેલ છે. તે તરફ માપ મી. ૪-૭૫ છે.
પુર્વે :- લાગુ ખુલ્લુ તથા બ્લોક નં. ૮ આવેલ છે. તે તરફ માપ મી. ૩-૧૫ છે.
પશ્ચિમે :- લાગુ ખુલ્લુ તથા પેસેજ આવેલ છે. તે તરફ માપ મી. ૩-૪૯ છે.

**મિલ્કતનું સરનામુ :- કવાર્ટર નં. ૫૫૩, આર.એમ.સી. આવાસ યોજના, બાબરીયા કોલોની, પીપળીયા હોલ રોડ, રાજકોટ-૩૬૦૦૦૨.**

**તા. ૧૭/૦૩/૨૦૨૬**
**રાજકોટ.**

**અધિકૃત અધિકારી,**
**રાજકોટ નાગરિક સહકારી બેંક લિ. હેડ ઓફિસ, રીકવરી વિભાગ, રાજકોટ**



## :: જસદણ નગરપાલિકા ::
## -: જાહેર નિવિદા :-

આ નગરપાલિકા બાંધકામ કામગીરીના અનુભવી અને સક્ષમ કોન્ટ્રાકટરો (રજીસ્ટ્રેશન ઈ-૨ વર્ગ અને ઉપરના) પાસેથી નીચે મુજબના કામો કરાવવાના ટેન્ડરો આવકારે છે.

| ક્રમ | કામની વિગત | (૧) કામની અંદાજીત રકમ<br>(૨) બાનાની રકમ<br>(૩) ટેન્ડર ફી |
|---|---|---|
| ૧ | ૧૫માં નાણાંપચની સને.૨૦૨૩-૨૪ની ટાઈડ ગ્રાન્ટ અંતર્ગત ગોખલાણા રોડ સર્વે નં.૧૧૬૧ પૈકી ૩/પૈકી ૧ ૫૨ ૧૬૦ એમ.એમ.નો બોરવેલ કરી મશીનરી ફીટીંગ કરવાનું કામ. (બીજો પ્રયત્ન) | (૧) ૨,૩૧,૪૨૭/-<br>(૨) ૨,૩૫૦/-<br>(૩) ૬૦૦/- |
| ૨ | જસદણ નગરપાલિકા માટે બ્રેકર (Bosch કંપનીનું ૧૪૦૦ BPM, ૨૫૦૦ વોલ્ટ, ૧૬ કિ.ગ્રા.) મશીન ખરીદ કરવાનું કામ. | |

**શરતો :-** ઉપર મુજબના ક્રમ નં.૧ના કામના ટેન્ડરો જાહેર નિવિદા પ્રસિધ્ધ થયાના રજાના દિવસો સિવાયના દિન-૭(સાત) સુધીમાં આ કચેરીમાંથી મેળવી લેવાના રહેશે તથા રજાના દિવસો સિવાયના જાહેરાત પ્રસિધ્ધ થયાના દિન-૧૦(દસ) સુધીમાં આર.પી.એ.ડી. / સ્પીડ પોસ્ટ મારફત સીલ બંધ કવરમાં બાનાની રકમના આધારો તથા જરૂરી ડોકયુમેન્ટસ સાથે ચીફ ઓફીસર નગરપાલિકા જસદણના નામે મોકલી આપવાના રહેશે. ક્રમ નં.૨ના ભાવો અનુભવી અને સક્ષમ સપ્લાયર્સ પાસેથી પોતાના લેટરપેડમાં રજાના દિવસો સિવાયના જાહેરાત પ્રસિધ્ધ થયાના દિન-૭(સાત) સુધીમાં આર.પી.એ.ડી. / સ્પીડ પોસ્ટ મારફત સીલ બંધ કવરમાં મોકલી આપવાનાં રહેશે. ટેન્ડર મંજુર કે નામંજુર કરવાનો અધિકાર કોઈપણ કારણ આપ્યા સિવાય નગરપાલિકાને અબાધિત રહેશે.

જા.નં.પા.પુ./વશી/૧૫૨/૨૦૨૬ | તા.૧૬/૦૩/૨૦૨૬

(મેહુલ જોધપુરા) ચીફ ઓફીસર નગરપાલિકા-જસદણ | (જે.પી.છાયાણી) પ્રમુખ નગરપાલિકા-જસદણ

માહિતી -રાજ-૧૯૯૩-૨૫-૨૬

તંત્રી લેખ

# એઆઈઃ માનવજાત માટે વરદાન કે અભિશાપ?

આજના આધુનિક યુગમાં 'આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ' એટલે કે એઆઈ હવે માત્ર વિજ્ઞાન કથાઓનો વિષય રહ્યો નથી, પરંતુ આપણા રોજિંદા જીવનનો એક અતૂટ હિસ્સો બની ગયો છે. સ્માર્ટફોનથી લઈને મોટી ઔદ્યોગિક મશીનરી સુધી, દરેક જગ્યાએ એઆઈનો પ્રભાવ સ્પષ્ટપણે જોઈ શકાય છે. આ ટેકનોલોજી માનવ જીવનને સરળ અને ઝડપી બનાવી રહી છે, પરંતુ તેની સાથે માનવજાત સમક્ષ અનેક નવા અને જટિલ પ્રશ્નો પણ ઊભા કરી રહી છે.

આરોગ્ય, શિક્ષણ, કૃષિ અને ઔદ્યોગિક ક્ષેત્રે એઆઈએ મોટી ક્રાંતિ લાવી છે. ડોક્ટરોને જટિલ રોગના નિદાનમાં મદદ કરવાથી લઈને ખેડૂતોને હવામાનની અને પાકની સચોટ માહિતી આપવા સુધી, એઆઈના ફાયદા અગણિત છે. ઔદ્યોગિક ઉત્પાદન અને સપ્લાય ચેઈનમાં પણ ઓટોમેશનના કારણે ઝડપ અને ચોકસાઈ વધી છે, જે ઉત્પાદન ખર્ચ ઘટાડીને અંતે આર્થિક વિકાસને વેગ આપે છે.

જોકે, એઆઈના આ વધતા વ્યાપ વચ્ચે સૌથી મોટી ચિંતા રોજગારીને લઈને છે. સામાન્ય વર્ગના મનમાં એક ડર ઘર કરી ગયો છે કે મશીનો અને સોફ્ટવેર ધીમે ધીમે માણસોની જગ્યા લઈ લેશે. ખાસ કરીને ડેટા એન્ટ્રી, ગ્રાહક સેવા અને કેટલીક રિપીટ થતી કામગીરીઓ હવે એઆઈ મોડેલ્સ વધુ ઝડપથી અને ચોકસાઈથી કરવા લાગ્યા છે, જેના કારણે પ્રાથમિક સ્તરની નોકરીઓ પર સીધો ખતરો મંડરાઈ રહ્યો છે.

આ ડર વ્યાજબી હોવા છતાં, એ સમજવું પણ એટલું જ જરૂરી છે કે જ્યારે પણ કોઈ નવી ટેકનોલોજી આવે છે, ત્યારે તે જૂની નોકરીઓ ખતમ કરે છે પણ સાથે નવી તકો પણ ઊભી કરે છે. એઆઈના આગમનથી મશીન લર્નિંગ, ડેટા સાયન્સ અને સિસ્ટમ મેનેજમેન્ટ જેવા ક્ષેત્રોમાં લાખો નવી નોકરીઓનું સર્જન થયું છે. આ બદલાતા સમયમાં યુવાનોએ બજારની માંગ મુજબ પોતાની સ્કિલ્સ અપગ્રેડ કરવી જ પડશે.

રોજગારી ઉપરાંત એઆઈનો બીજો અને વધુ ગંભીર ખતરો સાયબર ક્રાઈમ અને ડીપફેક ટેકનોલોજીનો છે. આજે કોઈ પણ વ્યક્તિનો અવાજ કે ચહેરો ક્લોન કરીને આબેહૂબ ફેક વિડીયો બનાવી શકાય છે. આવા વિડીયો અને ઓડિયોનો ઉપયોગ કરીને લોકોને બ્લેકમેલ કરવાના અને આર્થિક છેતરપિંડી કરવાના કિસ્સાઓ ચિંતાજનક રીતે વધી રહ્યા છે. સાયબર ગુનેગારો માટે આ ટેકનોલોજી એક નવું અને ખતરનાક હથિયાર બની ગઈ છે.

આ ઉપરાંત, ડેટા પ્રાઈવસી એ પણ આવનારા સમયનો એક સળગતો મુદ્દો છે. એઆઈ સિસ્ટમ્સને ટ્રેન કરવા અને ચલાવવા માટે વિશાળ ડેટાની જરૂર પડે છે, અને આ ડેટા મોટાભાગે સામાન્ય નાગરિકોનો હોય છે. આપણા અંગત ડેટાનો વ્યવસાયિક કંપનીઓ કે અન્ય તત્વો દ્વારા દુરુપયોગ ન થાય તે સુનિશ્ચિત કરવું અત્યંત કઠિન બની ગયું છે, જેની સીધી અસર વ્યક્તિગત સ્વતંત્રતા પર પડે છે.

આવી વિકટ પરિસ્થિતિમાં સરકાર અને નીતિ ઘડવૈયાઓની જવાબદારી અનેકગણી વધી જાય છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિતના વૈશ્વિક નેતાઓએ પણ એઆઈના નૈતિક અને સુરક્ષિત ઉપયોગ પર વારંવાર ભાર મૂક્યો છે. સરકારે ઝડપથી એવા કડક નિયમો અને માળખું બનાવવું પડશે જે ટેકનોલોજીકલ નવીનતાને રોક્યા વિના નાગરિકોના હિતોનું રક્ષણ કરે. કાયદાકીય જોગવાઈઓ સાથે સાયબર સિક્યોરિટી માળખું વધુ મજબૂત બનાવવું પડશે.

અંતમાં, આપણે એ સ્વીકારવું જ રહ્યું કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એ માનવીય મગજની જ એક ઉપજ છે. તે માનવતાના વિકાસ માટેનું એક સાધન છે, આપણો માલિક નથી. જ્યાં સુધી માણસમાં લાગણી, નૈતિકતા, સમજણ અને સર્જનાત્મકતા જીવંત છે, ત્યાં સુધી કોઈ પણ મશીન તેની સંપૂર્ણ જગ્યા લઈ શકશે નહીં. આપણે એઆઈનો ડર રાખવાને બદલે તેને આપણા વિકાસના સાથી તરીકે સ્માર્ટ રીતે ઉપયોગ કરતા શીખવું પડશે.


# સુરેન્દ્રનગર જિલ્લામાં કેન્સરના દર્દીઓને હવે ઘરઆંગણે પેટ સ્કેન, એમ.આર.આઈ.ની સુવિધા મળશે

## પીએફસી, સીયુ શાહ મેડિકલ કોલેજ અને શ્રીમદ્ રાજચંદ્ર સર્વમંગલ હોસ્પિટલ વચ્ચે રૂ.૨૧.૭૦ કરોડના એમ.ઓ.યુ.

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જિલ્લામાં કેન્સરના દર્દીઓને હવે ઘરઆંગણે પેટ સ્કેન, એમ.આર.આઈ. સહિતની આધુનિક સારવાર - સુવિધા મળશે. જે તેના માટે આશિર્વાદરૂપ સાબિત થશે. પી.એફ.સી., સી.યુ.શાહ મેડિકલ કોલેજ અને શ્રીમદ્ રાજચંદ્ર સર્વમંગલ હોસ્પિટલ વચ્ચે રૂ.૨૧.૭૦ કરોડના એમ.ઓ.યુ. થયા છે.

પાવર ફાઈનાન્સ કોર્પોરેશન (પીએફસી)ના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર પરમિંદર ચોપરા, પીએફસીના ડિરેક્ટર અને સીએસઆર કમિટીના ચેરમેન નરેશભાઈ ધનરાજભાઈ કેલા તેમજ સી. યુ. શાહ મેડિકલ કોલેજ અને શ્રીમદ્ રાજચંદ્ર સર્વમંગલ હોસ્પિટલના ડિરેક્ટર અને સીઈઓ ડો.શ્યામભાઈ શાહની વિશેષ ઉપસ્થિતિમાં પીએફસીની દિલ્હી ઓફિસ ખાતે એક મહત્વપૂર્ણ સમજૂતી કરાર કરવામાં આવ્યા છે. આ વિશે વધુ માહિતી આપતા નરેશભાઈ કેલા એ જણાવેલ કે આ પ્રોજેક્ટ અંતર્ગત પીએફસી દ્વારા તેના સીએસઆર ફંડમાંથી આશરે રૂ.૨૧.૭૦ કરોડના ખર્ચે સી.યુ. શાહ મેડિકલ કોલેજ અને શ્રીમદ્ રાજચંદ્ર સર્વમંગલ હોસ્પિટલના



કેન્સર વિભાગ માટે પેટ સ્કેન અને એમઆરઆઈ મશીન જેવા અત્યંત આધુનિક સાધનો ફાળવવામાં આવશે, જે જિલ્લાના દર્દીઓ માટે આશીર્વાદરૂપ સાબિત થશે.

જાહેરજીવનમાં મળેલી જવાબદારીને હંમેશા સેવાનું માધ્યમ બનાવતા નરેશભાઈ કેલાએ વધુમાં જણાવ્યું હતું કે તેમનો પહેલો પ્રયાસ હંમેશા સુરેન્દ્રનગર જિલ્લા અને શહેર માટે કંઈક શ્રેષ્ઠ કરવાનો રહ્યો છે. પીએફસીમાં સીએસઆર કમિટીના ચેરમેન તરીકેની જવાબદારી મળતા જ તેમણે ડો.શ્યામ શાહ સાથે પરામર્શ કરી જિલ્લામાં જે મેડિકલ સુવિધાઓનો અભાવ હોય તેને પ્રાથમિકતા આપી હતી. પીએફસીની ટીમ અને મેડિકલ કોલેજના સતત પ્રયત્નો અને તમામ ટેકનિકલ પૂર્તતાઓ બાદ આ પ્રોજેક્ટ માટે એમઓયુ સાઈન કરવામાં આવેલ છે. આ સુવિધા ઉપલબ્ધ થવાથી હવે સ્થાનિક દર્દીઓને ગંભીર બીમારીઓના નિદાન માટે અન્ય મોટા શહેરો સુધી પરેશાન થવું નહીં પડે અને ઘરઆંગણે જ વિશ્વસ્તરીય નિદાન સુવિધા મળી રહેશે.

શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુરના સ્થાપક પૂજ્ય ગુરુદેવ રાકેશભાઈની પ્રેરણાથી અમલમાં આવનાર આ મહત્વપૂર્ણ સીએસઆર પ્રોજેક્ટ સ્વ. સી. યુ. શાહને સાચી શ્રદ્ધાંજલિરૂપ બની રહેશે છે. પીએફસી અને સી. યુ. શાહ મેડિકલ કોલેજ અને શ્રીમદ્ રાજચંદ્ર સર્વમંગલ હોસ્પિટલના વચ્ચેનો આ સમન્વય સુરેન્દ્રનગરના તબીબી ઈતિહાસમાં એક સીમાચિહ્નરૂપ પ્રસંગ છે, જે આવનારા સમયમાં હજારો જરૂરિયાતમંદ પરિવારો માટે નવી આશા લઈને આવશે.

# સુરેન્દ્રનગરઃ પીએનજી કનેકશન ધરાવતા ગ્રાહકો એલપીજી સિલિન્ડર રાખી શકશે નહીં

## બંને કનેકશન એક સાથે રાખવા પર પ્રતિબંધ, પીએનજી કનેકશન ધરાવતા ગ્રાહકોને એલપીજી કનેકશન પરત કરવા સુચના

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સરકારના પેટ્રોલિયમ અને કુદરતી ગેસ વિભાગ દ્વારા જાહેર કરાયેલા નવા સુધારા અંતર્ગત સુરેન્દ્રનગર જીલ્લામાં ગેસ વિતરણ વ્યવસ્થામાં મહત્વના ફેરફારો કરવામાં આવ્યા છે. આથી હવે નવા નિયમો મુજબ જે ગ્રાહકો પાસે પીએનજી (પીએનજી- પાઈપ્ડ નેચરલ ગેસ) કનેક્શનની સુવિધા છે, તેઓ હવેથી પોતાના ઉપયોગ માટે ઘરેલું એલપીજી સિલિન્ડર રાખી શકશે નહીં.

આથી જીલ્લામાં જે ગ્રાહકો હાલમાં પીએનજી અને એલપીજી એમ બંને પ્રકારના કનેક્શન ધરાવે છે તેમને પોતાનું ઘરેલું એલપીજી કનેક્શન તાત્કાલિક અસરથી વહેલી તકે પરત કરવાનું રહેશે. આવા ગ્રાહકો હવે સરકારી ઓઈલ કંપનીઓ કે તેમના અધિકૃત વિતરકો પાસેથી ગેસ રિફિલ મેળવી શકશે નહીં. તેમજ પીએનજી કનેક્શન ધરાવતી કોઈપણ વ્યક્તિ નવું ઘરેલું એલપીજી કનેક્શન મેળવી શકશે નહીં તેવો સ્પષ્ટ આદેશ કરવામાં આવ્યો છે. આ નિયમનો ચુસ્ત અમલ કરવા માટે જીલ્લાની પીએનજી કંપનીઓ અને ઓઈલ માર્કેટીંગ કંપનીઓને ડેટા મેપિંગ કરી સંયુક્ત કામગીરી કરવા સૂચના આપવામાં આવી છે. આથી બંને કંપનીઓ પોતાના ડેટાનું મેપિંગ કરશે જેથી ડબલ કનેક્શન ધરાવતા ગ્રાહકોની ઓળખ કરી શકાય. સુરેન્દ્રનગર શહેર તેમજ જીલ્લાના તમામ નાગરિકોને આ નવા નિયમોનું પાલન કરવા અને સ્વેચ્છાએ વધારાના કનેક્શન જમા કરાવી દેવા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# સુત્રાપાડાઃ રમજાન ઈદ, રામ નવમી અને ચેટીચાંદ તહેવારો સંદર્ભે પોલીસનું ફૂટ પેટ્રોલિંગ

**અબતક, રામસિંહ મોરી, સુત્રાપાડા**

સુત્રાપાડા શહેરમાં ચેટીચાંદ, રમઝાન ઈદ અને રામ નવમી તહેવારોને અનુસંધાને વિવિધ વિસ્તારોમાં પોલીસ દ્વારા ફૂટ પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આગામી તહેવારો દરમિયાન કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે પોલીસ અધિક્ષકની સુચનાથી પોલીસ ઈન્સ્પેક્ટર આર.એચ.લોહ સહિતની ટીમ દ્વારા કામગીરી હાથ ધરાય હતી.



# જસદણ પાલિકાની કારોબારી સમિતિની બેઠકમાં રૂ. ૧૪૩.૬૨ લાખોના કામોને મંજુરી

**અબતક, હિતેષ ગોસાઈ, જસદણ**

જસદણ નગરપાલિકા કારોબારી સમીતીની બેઠક મળી હતી. જેમાં રૂ. ૧૪૩.૬૨ લાખોના કામોને મંજુરી આપવામાં આવી હતી. કારોબારી સમીતીની મીટીંગમાં કુલ સાતમાંથી છ સભ્યો હાજર અને એક સભ્ય ગેરહાજર રહ્યા હતા. જસદણ નગરપાલિકા દ્વારા રોશની ચાર્જ યથાવત રાખવા નિર્ણય લેવાયો હતો.

જસદણ નગરપાલિકા દ્વારા ૫/ ૭/૨૦૨૫ ના રોજ જસદણના નગરજનોને પીવાનું પાણી શુદ્ધ મળી રહે તે માટે જીલેશ્વર પાર્કમાં રહેલ ફિલ્ટર પ્લાન નું રીનોવેશન કરવાનું તેમજ બે વર્ષ સુધી ફિલ્ટર પ્લાન ચલાવાનો કામ જામનગરની નવદુર્ગા એજન્સીને ૭૦,૩૪,૦૪૪ લાખ નું કામ નો વર્ક ઓર્ડર આપવા માં આવ્યો પરંતુ એજન્સી દ્વારા કોઈપણ પ્રકારની કામગીરી કરેલ ના હોય માત્ર ને માત્ર સાચા-ખોટા જવાબ ભરીને અને કેટલાક રાજકીય નેતાઓના આશીર્વાદથી પોતાની મનમાની ચલાવતા હતા પરંતુ જસદણ નગરપાલિકાના જાગૃત અને સેવાભાવી સભ્યો દ્વારા રજૂઆત કરાતા કારોબારીની મીટીંગમાં આ મુદ્દો આવતા કારોબારી અધ્યક્ષ કાજલબેન ઘોડકીયા સહિત કારોબારી સભ્યોએ સર્વાનુમતે નિર્ણય કરવામાં આવ્યો આ એજન્સીને જસદણ નગરપાલિકાના કોઈપણ કામો ના ટેન્ડર ભરી નહીં શકે તેમજ ફિલ્ટર પ્લાન્ટ નું કામ આજ પછી આ



સાતમાંથી એક કારોબારી સભ્ય ગેરહાજર, રોશની ચાર્જ યથાવત રખાયો

એજન્સીએ નહિ કરવાનું ટેન્ડર ભરતી વખતે એજન્સી એ જે ડિપોઝિટ જમા કરી છે તે જપ્ત કરવી તેમ જ પેનલ્ટીના ભાગરૂપે આ એજન્સી પર પેનલ્ટી વસૂલ કરવી નિયમ અનુસાર કાર્યવાહી કરવાનું નિર્ણય લેવામાં આવ્યો

જસદણ નગરપાલિકા વિસ્તારમાં વૃક્ષારોપણ માટે કારોબારીની મીટીંગમાં ચર્ચા કરી તેના પર તવાઈ બોલાવવામાં આવી અને વૃક્ષારોપણ ના નામે સાચા-ખોટા બિલ જે કાંઈ રજૂ કર્યા છે તે બિલો નિયમ અનુસાર કાર્યવાહી કરી એજન્સી ને બીલો ચૂકવા માં નહીં આવે તેઓ પણ નિર્ણય લેવામાં આવ્યો હતા.

પાલિકાના એક સભ્ય દ્વારા પ્રાદેશિકમાં વાંધા અરજી મુકેલ હતી કે જસદણ નગરપાલિકા દ્વારા દિવાબતી કરજે વધારવામાં આવ્યું તે પરત ખેંચવામાં આવે તે બાબતે કારોબારીની મીટીંગમાં એવો નિર્ણય લેવામાં આવ્યો કે જસદણ નગરપાલિકા આત્માનિર્ભર બને અને નગરપાલિકાને પ્રાથમિક સુવિધામાં જે આર્થિક ભારણ આવે છે તેમાં નગરપાલિકાને આર્થિક આવક આવવાથી જસદણ નગરપાલિકા આત્મા નિર્ભર બને તે માટે દીવાબતી કર યથાવત રાખવામાં આવ્યો હતા.

કારોબારીની મીટીંગ મળી તેમાં કારોબારી સભ્ય સાતમાંથી છ હાજર રહ્યા હતા એક સભ્ય કોઈ કારણોસર ગેરહાજર રહ્યા હતા. આ મીટીંગમાં અધ્યક્ષ કાજલબેન ઘોડકીયા પ્રવીણભાઈ ભાયાણી રફિકભાઈ ગોગદા નુતનબેન ઠોળિયા અને વર્ષાબેન છાયાણી હાજર રહ્યા હતા

# જામકંડોરણાઃ ખલીફા પરિવારના પાંચ વર્ષના બે બાળકોએ ૨૭મું હરણી રોજુ રાખી ઈબાદત કરી



**જામકંડોરણા પ્રવીણ દોંગા અબતક**

મુસ્લિમ સમાજ દ્વારા દેશભરમાં આસ્થાભેર રીતે રમજાન મહિનાની ઉજવણી કરવામાં આવી રહી છે ગઈકાલે રમજાન નુંર૭મુ હરણી રોજુ રાખી જામકંડોરણા ના ખલીફા પરિવારના અશફાકભાઈ અને કોશરબાનું ની પાંચ વર્ષની દીકરી અલિસબા અને શરીફભાઈ અને રેશમાબાનુ ના પાંચ વર્ષના પુત્ર સાહયાન એ રમજાનનું ૨૭મુ અને જીવનનું પ્રથમ રોજુ રાખી નાની ઉંમરમાં ઈબાદત કરી ખલીફા પરિવાર ,દેશ ની સલામતી સમૃધ્ધિ પ્રગતિ અને વિશ્વ શાંતિ માટે અલ્લાહ પાક પાસે દુઆ કરી હતી

# ગાંધીધામમાં કાલે ધામધુમથી ચેટી ચાંદ મહોત્સવની કરાશે ઉજવણી

## જીએમટી ટ્રસ્ટ દ્વારા શોભાયાત્રાઃ પલ્લવ, મહાપ્રસાદ સહિત કાર્યક્રમોનો ભાવિકોને અપાશે ધર્મલાભ

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

કચ્છમાં સિંધી સમાજના ઈષ્ટદેવ ભગવાન ઝુલેલાલની જન્મ જયંતિ ચેટીચાંદની ઉલ્લાસ મય ઉજવણીના માહોલ વચ્ચે ગાંધીધામમાં જેએમટી ટ્રસ્ટ દ્વારા આવતીકાલે ગુરુવારે ચેટીચાંદની અનેક વિધ કાર્યનો સાથે ઉજવવાની તડામાર તૈયારીમાં પૂર્વ કરી છે.

ઝૂલેલાલ મંદિર ટ્રસ્ટ (જેએમટી) ટ્રસ્ટ દ્વારા ચેટીચાંદ આ ઉત્સવમાં ભવ્ય શોભાયાત્રા, પલ્લવ, સાંસ્કૃતિક કાર્યક્રમો અને મહાપ્રસાદનું આયોજન કરવામાં આવી ચેટીચાંદના દિવસ ભગવાન




ઝૂલેલાલની ભવ્ય શોભાયાત્રા, 'બહરાણા સાહેબ' (ઝૂલેલાલ જ્યોત) ની સ્થાપના અને ભજન-કીર્તનના કાર્યક્રમો નું આયોજન કરવામાં આવ્યું છે.

ચેટીચાંદના પાવન અવસરે બાહરાણા સાહેબની પૂજા અને સરઘસ બાદ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે.

આ મહોત્સવ સિંધી સંસ્કૃતિ અને એકતાના પ્રતીક તરીકે ઉજવવામાં આવે છે. જેએમટી ટ્રસ્ટ દ્વારા તૈયારીઓને અંતિમ ઓપ અપાયું છે.

# ધારીઃ ગેરકાયદેલાયન શો અટકાવવા સાવચેતી બેનરમાં સ્થાનિક કર્મચારીઓના નંબર લખવા રજૂઆત

## ગ્રામ્ય વિસ્તારમાં જનજાગૃતિ થકી સિંહ સરક્ષણને વધુ સુદ્રઢ બનાવી શકાય

**અબતક મેહુલ ત્રિવેદી ધારી**

ધારી પંથકમાં સિંહોની સુરક્ષા, સંવર્ધન માટે વનતંત્ર ની સઘન વ્યવસ્થા વચ્ચે લાઈન શો અટકાવવા જનજાગૃતિ બેનરમાં સ્થાનિક કર્મચારીઓ ના નંબર લખવા ધારી પત્રકાર સંઘના આગેવાનોએ વનતંત્રને રજૂઆત કરી છે.

ધારી પંથક મા સિંહો ની સુરક્ષા સંવર્ધન માટે વનતંત્રની સઘન વ્યવસ્થા વચ્ચે ક્યાંક ક્યાંક ,ક્યારેક ક્યારેક ગેરકાયદે લાઈન શો ના બનાવો ભૂતકાળમાં નોંધાયા હતા, ત્યારે ધારી પત્રકાર સંઘના આગેવાનોએ વન અધિકારીઓને રૂબરૂ મળી ધારીપંથક ના ગ્રામ્ય વિસ્તારમાં લાયન શો સામે જનજાગૃતિ માટે વન વિભાગ એ




લગાવેલ બોર્ડમાં જવાબદાર વન કર્મચારી ના મોબાઈલ નંબર અથવા ફોરેસ્ટ હેલ્પલાઈન નંબર ૧૯૨૬ અને ૮૩૨૦૦૦૨૦૦૦ ફરજિયાત પણે લખવામાં આવે તો સાચા અર્થમાં લાઈન શો ની પ્રવૃત્તિ પ્રયાસ ના તબક્કામાં જ અટકાવી શકાય કેમકે, આવી પ્રવૃત્તિ અંગે કોઈ પણ વ્યક્તિ બોર્ડ પરના નંબર પર તાત્કાલિક વન વિભાગ નો સંપર્ક કરી શકે તેવી રજૂઆત ધારી પત્રકાર સંઘના આગેવાનોએ કરી છે.


# ગાંધીધામઃ અંજારની સીમમાં ડિમોલીશન રૂ.૨૩.૨૮ કરોડની સરકારી જમીનને કરાવાઈ 'દબાણ' મુકત

## અંજાર તાલુકા દબાણ સમિતિની બેઠકમાં આવેલી રજુઆતના પગલે તંત્રની અસરકારક કામગીરી

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

રાજયભરમાં સરકારી જમીનો પરના દબાણો સામે તંત્રની આકરી કાર્યવાહી વચ્ચે અંજાર તાલુકા કક્ષાની દબાણ સમીટીની બેઠકમાં અંજારના ખેંગારસર તળાવ કાંઠે દબાણોની રજુઆતના પગલે તંત્રએ ડીમોલેશન કરી ૨૩.૨૮ કરોડની જમીન મુકત કરાવતા દબાણકારોમાં સોપો પડી જવા પામ્યો હતો.

અંજાર તાલુકા લેવલની દબાણ સમિતિની બેઠકમાં અંજારમાં આવેલ ખેંગારસર તળાવ ઉપર દબાણ થયેલ હોવાની રજુઆત થતાં મામલતદાર, અંજાર તરફથી લેન્ડ



રેવન્યુ કોડની કલમ-૬૧ તળે નોટીસ આપી માલિકીના આધારો/પુરાવા રજુ કરવા પુરતી મુદત આપવામાં આવી. ત્યારબાદ હુકમ થતાં દબાણદારોને દબાણ દિન-૭ માં ખુલ્લુ કરવા તેમજ કુલ ૧૧ દબાણદારોને જુદી જુદી દંડની રકમ મળી કુલ-૧,૬૧,૦૨,૪૪૦/ અંકે એક કરોડ એકસઠ લાખ બે હજાર ચારસો ચાલીસ ભરપાઈ કરવા હુકમ કરવામાં આવેલ છે. દબાણદારો દ્વારા સદર દબાણ ખુલ્લુ કરવામાં આવેલ ન હોઈ મામલતદાર, અંજાર દ્વારા લેન્ડ રેવન્યુ કોડની કલમ-૨૦૨ તળેની નોટીસ આપવામાં આવી હતી. તેમ છતાં દબાણદારો દ્વારા દબાણ ખુલ્લુ કરેલ ન હોઈ તા.૧૭/૦૩/ ૨૦૨૬ ના રોજ મામલતદાર અંજારની ટીમ દ્વારા પુરતા પોલીસ બંદોબસ્ત સાથે રાખી અંજાર તાલુકામાં આવેલ અંજારસીમના ખેંગારસર તળાવની સરકારી જમીન પર થયેલ ગેરકાયદેસર દબાણ અંદાજીત ૩૨,૩૩૫ ચો.મી જેટલી જમીન ખુલ્લી કરવામાં આવી હતી. જેની બજાર કિંમત અંદાજીત કિંમત(જંત્રી મુજબ)રૂ.૨૩,૨૮,૧૨,૦૦૦/- (શબ્દોમાં અંકે ત્રેવીસ કરોડ અઠાવીસ લાખ બાર હજાર) થાય છે.


# તલોદમાં એસ.ટી. ડેપો બંધ થયા બાદ પૂનઃ શરૂ કરાયો હોય તેવી પ્રથમ ઘટના

## તલોદ એસ.ટી. ડેપોનું લોકાપર્ણ કરાયુંઃ મુસાફરોની સુવિધામાં વધારો

**અબતક, સંજય દિક્ષીત, સાબરકાંઠા**

તલોદ એસ.ટી ડેપોનુ લોકાર્પણનો કાર્યક્રમ તાજેતરમાં યોજાયો હતો. એસ.ટી બંધ થયેલ એસ.ટી ડેપો ચાલુ થયો હોય એવી એસ.ટી તંત્રના ઈતિહાસમાં પ્રથમ ઘટના છે.એસ.ટી ડેપો શરૂ થતા પ્રજાને એસ.ટી સુવિધાનો લાભ લેવા ધારાસભ્યે અનુરોધ કર્યો છે. મુસાફરોની સુવિધામાં પણ વધારો થયો છે.

આજથી વીસ વર્ષ પહેલા બંધ થયેલા તલોદ એસ.ટી ડેપોનુ લોકાર્પણ તલોદ-પ્રાંતિજના ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર અને જિલ્લા પંચાયત પ્રમુખ ભારતી પટેલ ની ઉપસ્થિતિમાં કરાયો હતો. આ પ્રસંગે હિમતનગર વિભાગીય



નિયામક બારોટે સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતું કે એસ.ટી બંધ થયેલ એસ.ટી ડેપો ચાલુ થયો હોય એવી એસ.ટી તંત્રના ઈતિહાસ માં પ્રથમ ઘટના છે તલોદ એસ.ટી ડેપો શરૂ થવા માટેનો યશ ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમારને આપ્યો હતો તલોદ એસ.ટી ડેપો દ્વારા હાલ ૨૬ રૂટોનુ સંચાલન કરવામાં આવશે તેમ જણાવ્યું હતું

આ પ્રસંગે ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમારે તલોદ એસ.ટી ડેપો શરૂ કરવા માટે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીનો વિશેષ આભાર વ્યક્ત કરી જણાવ્યું હતું કે તલોદ એસ.ટી ડેપો શરૂ થતા પ્રજાને એસ.ટી સુવિધાનો લાભ લેવા માટે અનુરોધ કર્યો હતો તેમજ ડિજિટલ અભિયાન ના ભાગરૂપે વધુ પારદર્શક ઝડપી સુવિધા જનક બનાવવા માટે ઓન લાઈન ટિકિટ,રિઝર્વેશનનો લાભલેવા અનુરોધ કર્યો હતો સાથે સાથે એસ.ટી ડેપો સ્વચ્છ રહે તેમજ જાહેર સંપતિનું સરક્ષણ કરવા માટે એસ.ટી કર્મચારીઓને અપીલ કરી હતી આ પ્રસંગે ધારાસભ્ય અને જિલ્લા પંચાયત પ્રમુખ દ્વારા તલોદ બારીયા અને તલોદ સુરત જેવા નવા શિડ્યુલનુ લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું આ પ્રસંગે તલોદ તાલુકાના સરપંચો,સંગઠનના પદાધિકારીઓ તેમજ કોર્પોરેટર સહિત નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થીત રહ્યા હતા સમગ્ર કાર્યક્રમનું સંચાલન ટ્રાફિક કન્ટ્રોલર જીતુ દેસાઈ અને ધર્મેન્દ્રસિંહ ઝાલાએ કર્યું હતું.

# ઝાલાવાડમાં બે સ્થળેથી એલ.સી.બી.એ રૂ.૧.૨૮ કરોડનો દારૂ-બીયરનો જંગી જથ્થો પકડ્યો

**અબતક, ધનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સૌરાષ્ટ્રના પ્રવેશ દ્વાર સમા ઝાલાવડ પંથકમાં મોટાપાયે વિદેશી દારૂ હેરાફેરી થતી હોવાની સુરેન્દ્રનગર લોકલ ક્રાઈમ બ્રાંચે સ્થાનિક પોલીસને અંધારામાં રાખી રાજકોટ-અમદાવાદ ધોરી માર્ગ પર લીંબડી નજીક અને સરા-ધ્રાંગધ્રા ચોકડી નજીકથી મળી રૂ.૧.૨૮ કરોડનો વિદેશી દારૂનો જંગી જથ્થો પકડી પાડ્યો છે. રાજકોટ રેન્જના નવનિયુક્ત વડા નિલિમ રાયે ચાર્જ સંભાળતાની સાથે સ્થાનિક પોલીસ અને મહત્વની બ્રાંચ હરકતમાં આવી છે. જેમાં સુરેન્દ્રનગર એલ.સી.બી.એ લીંબડી નજીક બલદાણા ગામના પાટીયા પાસે ટ્રકમાં પશુ આહારની આડમાં છુપાવેલો રૂ. ૮૭.૨૪ લાખની કિંમતનો દારૂ-બિયરનો પકડી

## લીંબડી નજીક ટ્રકમાં પશુ આહારની આડમાં છુપાવેલા રૂ.૮૭.૨૪ લાખનો શરાબ સાથે ચાલકની ધરપકડઃ ચારની શોધખોળ

## સરા નજીક રેતીની હેરાફેરી કરતા ડમ્પરમાંથી રૂ.૪૦.૪૭ લાખનો દારૂ ઝડપાયોઃ કિશોર સહિત ચાર ફરાર

પાડી રૂ. ૯૭.૭૪ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. આઈસરના ચાલકની ધરપકડ કરી નાશી છૂટેલા ચાર શખ્સોની શોધખોળ હાથ ધરી છે. જ્યારે સરા-ધ્રાંગધ્રા ચોકડી પાસે ડમ્પરમાં રેતીની આડમાં છુપાવેલો રૂ. ૪૦.૪૭ લાખનો દારૂ પકડી પાડ્યો છે. પોલીસ રૂ. ૬૧.૩૨ લાખનો મુદ્દામાલ કબ્જે કરી કિશોર સહિત ચાર શખ્સોની શોધખોળ હાથ ધરી છે. એલ.સી.બી. સ્થાનિક પોલીસને અંધારામાં રાખી પાડેલા દરોડાને પગલે સ્થાનિક પોલીસમાં ફફડાટ મચી જવા પામ્યો છે.

એલસીબી પોલીસે બલદાણા ગામના પાટિયા પાસે હોટલ પાસે





લોકલ ક્રાઈમ બ્રાંચે પાડેલા દરોડાથી સ્થાનિક પોલીસ કર્મચારીઓમાં ફફડાટ

થી આઈશરમાં પશુ આહારની આડમાં સંતાડેલ ઈંગ્લીશ દારૂની બોટલ નંગ ૭૭૮૧ કિંમત રૂ.૮૭.૨૪ લાખ, બિયર ટીન નંગ ૯૨ કિંમત રૂ.૨૦૨૪૦, આઈશર કિંમત રૂ.૧૦ લાખ, મોબાઈલ ફોન, પ્લાસ્ટિકના કટ્ટા, તાડપત્રી સહિત કુલ રૂ.૯૭.૭૪ લાખના મુદ્દામાલ સાથે આઈશર ચાલક અચલારામ આશુરામ સિયાગ, રહે. રાજસ્થાન વાળાને ઝડપી લીધો હતો. જેની વધુ પૂછપરછ દરમિયાન ઈંગ્લિશ દારૂનો જથ્થો મોકલનાર બાબજી, દારૂ ભરેલ ગાડી આપી જનાર, ટ્રકનો માલિક, દારૂનો જથ્થો મંગાવનાર સહિતના શખ્સોની સંડોવણી બહાર આવી હતી. આથી તમામ વિરૂદ્ધ વઢવાણ પોલીસ મથકે પ્રોહીબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જ્યારે સ્થાનિક પોલીસને અંધારામાં રાખી એલસીબી પોલીસે મોટા પ્રમાણમાં ઈંગ્લીશ દારૂ ઝડપી પાડતા સ્થાનિક પોલીસની કામગીરી સામે પણ અનેક સવાલો ઉભા થયા છે.

સુરેન્દ્રનગર એલસીબી પોલીસે મુળી પોલીસ મથકની હદમાં સરા-ધ્રાંગધ્રા ચોકડી પાસે રોડ પર થી પેટ્રોલિંગ દરમિયાન બાતમીના આધારે ડમ્પરમાં રેતીની આડમાં ચોરી છૂપીથી લઈ જવાતો ઈંગ્લિશ દારૂની નાની મોટી બોટલો નંગ ૧૦૦૬૮ કિંમત રૂ.૪૦.૪૭ લાખ, ડમ્પર કિંમત રૂ.૧૫ લાખ, કાર કિંમત રૂ.૦૫ લાખ, મોબાઈલ નંગ ૦૬ કિંમત રૂ.૩૫,૦૦૦, રોકડ રૂ.૫૦,૦૦૦ સહિત કુલ રૂ.૬૧.૩૨ લાખના મુદ્દામાલ સાથે ૦૪ શખ્સો (૧) જીજ્ઞેશગીરી ભરતગીરી ગોસ્વામી (૨) ગણપતપરી કાળપરી ગોસ્વામી (૩) દિનેશગીરી રૂપગીરી ગોસ્વામી તમામ રહે.આગથળા (જી.વાવ થરાદ) અને (૪) એક કિશોરને ઝડપી પાડ્યા હતા. જ્યારે કાર માલિક, ડમ્પર માલિક, ઈંગ્લીશ દારૂનો જથ્થો મોકલનાર અને મંગાવનાર સહિતનાઓ હાજર મળી આવ્યા નહોતા. આથી એલસીબી પોલીસે ઝડપાયેલ ૦૪ શખ્સો અને હાજર મળી નહિ આવેલ ૦૪ શખ્સો સહિત કુલ ૦૮ શખ્સો સામે મુળી પોલીસ મથકે પ્રોહીબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ધ્રાંગધ્રાના તબીબ આશિષ શાહને ડ્રગ્સ કેસમાં ફસાવી તોડનો પ્રયાસ કરવામાં કોન્સ્ટેબલ સહિત છ ઝડપાયા

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રાના ઓર્થોપેડિક ડો.આશિષ ચંપકલાલ શાહને ખોટા ડ્રગ્સ કેસમાં ફસાવી લાખો રૂપિયાનો તોડ પાડવાનો શરમજનક પ્રયાસ પોલીસ તપાસમાં બહાર આવ્યો છે બોગસ આઈ.બી. અધિકારી બની ડોક્ટરની કારમાં ડ્રગ્સ જેવી પડીકી મૂકી બ્લેકમેઈલિંગ કરવાનો ભાંડાફોડ થતાં પોલીસે મહિલા સહીત ૬ આરોપીઓને ઝડપી પાડ્યા છે. મળતી માહિતી મુજબ, ધ્રાંગધ્રાના ડોક્ટર હાઉસ હોસ્પિટલ ધરાવતા ઓર્થોપેડિક સર્જન આશિષ ચંપકલાલ શાહ તા.૧૧ માર્ચે ધ્રાંગધ્રાથી અમદાવાદ પોતાના ઘરે જવા માટે કારમાં નીકળ્યા હતા. તે દરમિયાન માલવણ-વિરમગામ હાઈવે ઉપર આવેલા ટોલબુથ નજીક કેટલાક શખ્સોએ તેમની કાર રોકી હતી આ ટોળકીમાં હિંમતનગરમાં રહેતો અને ભૂવા તરીકે ઓળખાતો કેતન હસમુખલાલ રાવલ ખાખી ડ્રેસમાં આવેલી મહિલા સહિત અન્ય સાથીદારો સાથે હાજર હતો કેતને પોતે આઈ.બી. વિભાગનો અધિકારી હોવાનું કહી કારની



તપાસ શરૂ કરી અને ચોરીથી કારમાં ડ્રગ્સ જેવી પડીકી મૂકી દીધી. ત્યારબાદ મોબાઈલમાં વીડિયો બનાવી ડોક્ટરને ખોટા ડ્રગ્સ કેસમાં ફસાવી પૈસા પડાવવાનો ષડયંત્ર રચાયું પરંતુ ડો. આશિષ શાહ ઠગ ટોળકીના દબાણમાં આવ્યા નહીં અને આખરે બજાણા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા આખું કાવતરું બહાર આવ્યું. પોલીસ તપાસમાં કેતનકુમાર હસમુખભાઈ રાવલ, રહે હિંમતનગર, સાબરકાંઠા બી. ડિવિઝનમાં પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા વૈભવસિંહ મહેન્દ્રસિંહ તથા હોમગાર્ડ આશિફશા ઈકબાલશા દીવાનભાઈ, નિલેશભાઈ ઉમેદરામ રહે મોરબી જીલ્લો હમપુર, હિતેષકુમાર ચંદુભાઈ પંચાલ રહે અમદાવાદ ગોતા, કુપાબેન વા/ઓ હિતેષભાઈ ચંદુભાઈ પંચાલ, રહે અમદાવાદ ગોતા, સહિત ૬ આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા છે ઝડપાયેલા આરોપીઓને કોર્ટમાં રજુ કરતા ૨૦ માર્ચ સુધીના રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા છે. જો કે, આ સમગ્ર તોડકાંડનો મુખ્ય સૂત્રધાર કેતન હસમુખલાલ રાવલ પણ પોલીસની પકડમાં આવી ગયો છે. બોગસ અધિકારીઓ બની લોકોને બ્લેકમેઈલ કરવાની ગંભીર ગેંગ સક્રિય હોવાનો ભાંડાફોડ થયો છે.

**માલવણ નજીક કાર અટકાવી આઈ.બી.ના અધિકારી તરીકે ઓળખ આપી બ્લેક મેઈલીંગ કર્યુંઃ મહિલા સહિત તમામ રિમાન્ડ પર**

# આદિપુરઃ ઓરડીમાંથી દારૂ બીયરના જથ્થા સાથે કિશન મહેશ્વરી ઝડપાયો

## નવી સુંદરપુરીમાં રૂ.૩.૫૧ લાખનો શરાબ પકડાયોઃ બુટલેગર ફરાર

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

પૂર્વ કચ્છ એલસીબીની ટીમે આદિપુર વોર્ડ નંબર ૧/બીમાં આવેલા પ્લોટ નંબર ૬૨ પાછળની ઓરડીમાં દરોડો પાડી પ્રોહિબિશનનો ગણનાપાત્ર કેસ શોધી કાઢ્યો છે. શૈલેષ ઉર્ફે ભલો શામજીભાઈ મહેશ્વરી અને કિશન શામજીભાઈ મહેશ્વરી નામના શખ્સો વિદેશી દારૂનો જથ્થો સંગ્રહ કરી વેચાણ કરતા હોવાની બાતમી મળી હતી. રેઈડ દરમિયાન પોલીસને ૧૨૩ બોટલ વિદેશી દારૂ અને ૨૪ બીયરના ટીન મળી આવ્યા હતા. પોલીસે શૈલેષની ધરપકડ કરી છે, જ્યારે કિશન મહેશ્વરી હાજર ન મળી આવતા તેને ફરાર જાહેર કરાયો છે. પોલીસે દારૂ, જ્યુપીટર ટુ-વ્હીલર અને મોબાઈલ સહિત કુલ રૂ.૨,૦૬,૬૮૦નો મુદ્દામાલ કબજે



કરી આગળની તપાસ આદિપુર પોલીસને સોંપી છે.

જ્યારે નવી સુંદરપુરી વિસ્તારમાં દરોડો પાડવામાં આવ્યો હતો. દરમિયાન સ્થળ પરથી ભારતીય બનાવટના વિદેશી દારૂની મોટી માત્રા મળી આવી હતી. પોલીસે કુલ રૂપિયા ૩,૫૧,૬૦૦ના મુદ્દામાલ કબજે કરી આરોપી નરેશ ઉર્ફે કારો વાલજીભાઈ મકવાણા સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ગાંધીધામ એ-ડિવીઝન પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર એમ.ડી. ચૌધરી તથા સર્વેલન્સ સ્ટાફના પોલીસ કર્મચારીઓ દ્વારા કરવામાં આવી છે.

# વિસાવદર પંથકમાં ત્યકતાને ગોંધી રાખી સામુહિક દુષ્કર્મ

## સોશિયલ મીડિયા મારફતે પરિચયમાં આવેલી સ્ત્રી મિત્રને યુવકે મળવા બોલાવી મિત્રોને હવાલે કરી

## પોલીસે ત્વરીત કામગીરી કરી છ શખ્સોની કરી ધરપકડ

**અબતક દર્શન જોશી, જુનાગઢ**

વિસાવદર પંથકમાં ધૃણાસ્પદ અને અત્યંત શરમજનક ઘટના સામે આવી હતી. જેમાં ફેસબુક પર મિત્ર બનેલી પરિણીતાને મળવા બોલાવી, છ નરાધમ શખ્સોએ સામૂહિક દુષ્કર્મ આચર્યું હતું. જે ઘટનાને લઈને સમગ્ર સોરઠ પંથકમાં ખળભળાટ મચી ગયો છે. જો કે, પોલીસે છ આરોપીઓને દબોચી લીધા હતા. અને કોર્ટમાં રજૂ કરી, ૩ દિવસના રિમાન્ડ મેળવી, આરોપીઓની પૂછપરછ અને તપાસ હાથ ધરી છે.

ભોગ બનનાર મહિલાના છૂટાછેડા બાદ પિયરમાં રહે છે. આ મહિલા અમરેલી જિલ્લાના ધારી તાલુકાના મોણવેલ ગામના રહેવાસી વિપુલ ગોહિલ નામના શખ્સના ફેસબુકના માધ્યમથી સંપર્કમાં આવી હતી. બાદમાં બંને વચ્ચે વાતચીત અને ત્યારબાદ મોબાઈલ નંબરની આપ-લે થઈ હતી.દરમિયાન આ કામના આરોપી વિપુલ ગોહિલ ગત ૧૨ માર્ચના રોજ મહિલાને મળવા માટે વિસાવદર બોલાવી હતી, મહિલા વિશ્વાસમાં આવી જઈ, રાત્રિના ૯ વાગ્યે બસ સ્ટેશન પહોંચી હતી. ત્યારે આરોપી વિપુલ ત્યાં બાઈક લઈને આવ્યો હતો અને મહિલાને બાઈક પર બેસાડી, વિસાવદર રોકાવાના બદલે ધારી તરફ જવાના રસ્તે લઈ ગયો હતો. જે બાબતે મહિલાએ વિરોધ કર્યો. પરંતુ આરોપીએ તેને જાનથી મારી નાખવાની ધમકી આપી, બળજબરીથી અપહરણ કરી, મહિલાને મોણવેલ લઈ ગયો હતો.

આરોપી વિપુલ ગોહિલ સહિત ૬ શખ્સોએ મહિલાની લાચારીનો લાભ ઉઠાવી તા. ૧૨ માર્ચની આખી રાતથી લઈને ૧૩ માર્ચની વહેલી સવાર સુધી પરણિતા પર વારાફરતી સામૂહિક દુષ્કર્મ આચર્યું હતું. બાદમાં, મહિલાને આરોપી વિપુલ ગોહિલ વિસાવદર છોડી નાશી હતો હતો. મહિલા એ હિંમત દાખવી, વિસાવદર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી..પોલીસે તમામ આરોપીઓ વિરુદ્ધ સામૂહિક દુષ્કર્મ અપહરણ અને એટ્રોસિટી એક્ટ હેઠળ ગુનો દાખલ કર્યો છે. જે ફરિયાદના આધારે પોલીસે આ ગુનામાં સંડોવાયેલા મુખ્ય આરોપી વિપુલ ગોહિલ, મનુ ઉર્ફે મુન્નો ટોટા, મણિભાઈ કોટડિયા, પ્રવીણ હરખાણી, દેહુર ભાભલા અને પરસોત્તમ કરકરની ધરપકડ કરી લીધી હતી. કોર્ટે તમામ આરોપીઓના ૩ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતાં.

# ધ્રાંગધ્રાની ફલકુ નદીમાં મૃત માછલાની દુર્ગંધથી લોકો પરેશાનઃ તંત્ર દ્વારા સફાઇ કામગીરી શરૂ

## ખાસ ટીમ બનાવાઈઃ નદીમાં પ્રદુષણ ઘટાડવા પગલા લેવાની માંગ

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રાની ફલકુ નદીમાં હજારો માછલાઓ મૃત પામ્યા છે. જેને કારણે આજુબાજુના વિસ્તારમાં દુર્ગંધ ફેલાતા લોકો માટે મુશ્કેલી ઉભી થઈ છે. નગરપાલિકા સુધી આ ફરીયાદ પહોચતા સફાઈ કામગીરી શરુ કરવામાં આવી છે. ધ્રાંગધ્રાની ફલકુ નદીમાં હજારો મૃત માછલીઓ મળતાં હાહાકાર દુર્ગંધથી લોકો પરેશાન, નગરપાલિકા દ્વારા તાત્કાલિક સફાઈ કામગીરી શરૂ પ્રાથમિક માહિતી મુજબ, કેટલાક અસામાજિક તત્વો દ્વારા અન્ય સ્થળેથી મૃત માછલીઓને લાવી નદીમાં ફેંકવામાં આવી હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. આ ઘટના અંગે સ્થાનિક લોકોએ તંત્રને જાણ કરતા નગરપાલિકા તેમજ સંબંધિત વિભાગો તરત જ હરકતમાં આવ્યા હતા નગરપાલિકાની ટીમ દ્વારા તાત્કાલિક નદીમાંથી મૃત માછલીઓને બહાર કાઢી સફાઈ કામગીરી શરૂ કરવામાં આવી છે, જેથી દુર્ગંધ અને પ્રદૂષણની સમસ્યા ઓછી કરી શકાય. આ કામગીરી માટે તંત્ર દ્વારા ખાસ ટીમો તેનાત કરવામાં આવી છે. સ્થાનિક રહેવાસીઓએ આ સમગ્ર ઘટનાની ગંભીરતાથી તપાસ કરી જવાબદાર તત્વો સામે કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠાવી છે. સાથે સાથે, એક સમય પવિત્ર ગણાતી ફલકુ નદીમાં વધી રહેલા પ્રદૂષણને રોકવા માટે તંત્ર દ્વારા લાંબા ગાળાના અસરકારક પગલાં લેવામાં આવે તેવી પણ લોકમાગ ઉઠી છે.

# જૂનાગઢ એલસીબીની દારૂના ધંધાર્થી પર તવાઈ

## ૧૧ દરોડા પાડી રૂ.૭.૮૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જુનાગઢ ક્રાઈમ બ્રાન્ચ એ બે દિવસ દરમિયાન સઘન ચેકીંગ હાથ ધરી અલગ અલગ જગ્યાએથી ગેર કાયદેસર દેશી/વિદેશી દારુનો મુદ્દામાલ પકડી, પ્રોહીબીશન ધારા હેઠળ આરોપીઓ સામે ૧૧ કેસ નોંધાવ્યા હતા. પોલીસમાંથી પ્રાપ્ત વિગતો મુજબ, દેશી/વિદેશી દારૂ તથા જુગારની બદીને નેસ્તનાબુદ કરવા અને આવી પ્રવૃતિને સંપુર્ણપણે ડામી દેવા જૂનાગઢ રેન્જનાં નાયબ પોલીસ મહાનિરીક્ષક દ્વારા પ્રોહી. ડ્રાઈવનુ આયોજન કરવામા આવેલ હોય, જે અન્વયે જુનાગઢ ક્રાઈમ બ્રાન્ચના પો.ઈન્સ. કૃણાલ એમ. પટેલ તથા પોલીસ સ્ટાફના માણસો દ્વારા સઘન ચેકીંગની કામગીરી હાથ ધરવામાં આવેલ હતી. આ દરમિયાન ક્રાઈમ



બ્રાન્ચને મળેલ બાતમી હકીકતના આધારે દિવસ બે મા જીલ્લાના વિવિધ સ્થળોએ દરોડા.પાડી, રૂ.૮૮,૦૦૦ નો ૪૩૦ લિટર દેશી દારૂ, રૂ. ૩૨,૫૦૦ ની કિંમતનો ૧૩૦૦ લિટર દારુ બનાવવાનો આથો, રૂ. ૩૮,૭૬૦ ની કિંમતની ૧૦૪ ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલો મળી, દારૂનો જથ્થો, વાહન, બેરલ સહીત કુલ રૂ.૭,૭૯,૯૬૦ નો મુદ્દામાલ જપ્ત કરી, આરોપીઓ સામે અલગ અલગ પોલીસ સ્ટેશનમાં કુલ ૧૧ કેસ રજીસ્ટર કરાવવામા આવેલ હતા.

# રાપરઃ કારમાંથી ૮૧ હજારનો વિદેશી દારૂ પકડાયો

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

પૂર્વ કચ્છ એલસીબી પીઆઇ જે.એમ.વાળાની આગેવાનીમાં એલ.સી.બી ની ટીમ રાપર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી દરમ્યાન બાતમી હકીકત મળેલ કે એક નંબર પ્લેટ વગરની એસ કોસ કાર ખેંગારપર ગામ બાજુથી ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો ભરી સુવાઈ ગામ તરફ જઈ રહેલ છે જે બાતમી આધારે એલ.સી.બી સ્ટાફના માણસો વોચમાં હતા તે દરમ્યાન ખેંગારપર ગામ બાજુથી બાતમી વાળી કાર



આવતી જોઈ રોકવાનો પ્રયત્ન કરતા કારના ચાલકે કાર ઉભી રાખી નહી અને પૂરપાટ ઝડપે ચલાવી નીકળી ગયેલ જેથી એલસીબી ટીમે આ કારનો પીછો કરતા કારચાલક પોતાના કબ્જાની કાર સુવઈ ગામ પાંજરાપોળ પાસે મુકીને નાસી ગયેલ જે કારની તપાસ કરતા વિદેશી દારૂની ૧૮૦ એમ.એલ.ની બોટલો નંગ-૨૭૦ કિં.૮૧,૦૦૦/ મળી આવતા પ્રોહી મુદ્દા માલ અને કાર સહિત કુલ ૩,૮૧,૦૦૦ નો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી કરી આગળની કાર્યવાહી માટે રાપર પો.સ્ટે.ને સોંપવામાં આવેલ છે.

# લખતર નજીક બાઈક અને ડમ્પર વચ્ચે અકસ્માતમાં યુવક ગંભીર

**અબતક ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

લખતર-વિરમગામ હાઈવે પર છેલ્લા ઘણા સમયથી અકસ્માતોના બનાવો વધી રહયા છે.ત્યારે લખતર-વિરમગામ હાઈવે પર કડુ ગામ પાસે બાઈક ચાલક પોતાનું બાઈક લઈને વિરમગામ થી સુરેન્દ્રનગર તરફ જઈ રહ્યો હતો ત્યારે કડુ ગામ પાસે પહોચતા આગળ જઈ રહેલ ડમ્પરના ચાલકે અચાનક બ્રેક મારતાં પાછળ આવી રહેલ બાઈક ચાલક ડમ્પરના પાછળના ભાગમાં જઈ ધડાકાભેર અથડાતા બાઈક ચાલકને ગંભીર ઈજાઓ પહોંચી હતી. જે અકસ્માતની ઘટનાને પગલે ગ્રામજનો અકસ્માત સ્થળે એકઠા થઈ ગયા હતા અને આ અંગે લખતરના ૧૦૮ એમ્બ્યુલન્સ ટીમને જાણ કરતા તાત્કાલિક ૧૦૮ ટીમ ઘટના સ્થળે આવી પહોંચી હતી અને ઈજાગ્રસ્ત બાઈક ચાલકને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. આ બનાવને પગલે રસ્તા પર ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા અને પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# આદીપુર : આપઘાતની ફરજ પાડનાર વિપૂલ પટેલ ઝડપાયો

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

આદિપુરના ચકચારી દિપેશ ત્રિપાઠી આત્મહત્યા કેસમાં સંડોવાયેલ નાસતો ફરતો આરોપી વિપુલ હરસુખલાલ રૂડાણી (પટેલ) પોલીસ પકડમાં આવ્યો છે. પૂર્વ કચ્છ એલ.સી.બી.ના પી.આઈ. જે.એમ.



વાળાની આગેવાનીમાં મળેલી બાતમીના આધારે પોલીસે અમદાવાદના નરોડા ખાતે ૩૨ વર્ષીય વિપુલની ધરપકડ કરી છે. આ કેસમાં આરોપી વિરુદ્ધ આત્મહત્યાની દુષ્પ્રેરણા, ધાકધમકી અને ગુજરાત નાણા ધીરધાર અધિનિયમની કલમો હેઠળ ગુનો નોંધાયેલો હતો. આરોપીને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી માટે આદિપુર પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે.

# ધ્રાંગધ્રાઃ ઉછીના રૂપિયા આપી કરાવી લીધેલા કરારના આધારે જમીનનો ૨૫ ટકા હિસ્સો વેંચી દીધો

## જમીન ખરીદનાર અને સાક્ષી સહિત ચાર શખ્સો સામે નોંધાતો ગુનો

**કૌભાંડીયા દ્વારા મિલકતધારકોને ભ્રમિત કરી લખાણ કરાવી લેતા શખ્સોથી ચેતવા જેવો કિસ્સો**

**અબતક સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા શહેરમાં કુંભારપરા વિસ્તારના ખેડૂતની વડીલોપાર્જિત જમીન પર વિશ્વાસઘાત કરીને છેતરપિંડી કરવામાં આવી હોવાનો મામલો ધ્રાંગધ્રા સિટી પોલીસ મથકે નોંધાયો છે મળતી માહિતી મુજબ, કુંભારપરાના પ્રેમજીભાઈ પુનાભાઈ લકુમ, વડીલોપાર્જિત જમીનમાં ખેતી કરીને જીવનનિર્વાહ ચલાવે છે તેમને ગત ૧૧ ફેબ્રુઆરીના રોજ આર્થિક જરૂરિયાત ઉભી થતાં શનિ લામકા અને સંજય મનુભાઈ સરૈયાએ મળીને પ્રેમજીભાઈને છ લાખ રૂપિયા ઉછીના આપ્યા હતા અને વિશ્વાસમાં લઈને દસ્તાવેજી પ્રક્રિયા કરવાની વાત કરી હતી લખાણ કરવાની આડમાં તેઓ પ્રેમજીભાઈને રજિસ્ટ્રાર કચેરીએ લઈ ગયા, જ્યાં અંગ્રેજીમાં તૈયાર કરાયેલા પાવર ઓફ એટર્ની (મુખત્યારનામું) પર તેમની સહી કરાવી લેવામાં આવી હતી આ મુખત્યારનામાનો દુરુપયોગ કરીને આરોપીઓએ જમીનનો ૨૫ ટકા હિસ્સો સુરેશ નાનુભાઈ રાતડિયા નામના વ્યક્તિને વેચી દીધો હતો બાદમાં જ્યારે પ્રેમજીભાઈને સમગ્ર બનાવની જાણ થતા તાત્કાલિક સેવા સદન ખાતે તકરારી અરજી કરીને દસ્તાવેજ રોકાવવાનો પ્રયાસ કર્યો હતો આ મામલે છેતરપિંડીનો ભોગ બનેલા પ્રેમજીભાઈએ ધ્રાંગધ્રા સિટી પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે શનિ રમેશભાઈ લામકા, સંજય મનુભાઈ સરૈયા, સાક્ષી તરીકે સહી કરનાર ચંદ્રેશ ગોપાલભાઈ ગોલતર તેમજ જમીન ખરીદનાર સુરેશ નાનુભાઈ રાતડિયા વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

# અમરેલીઃ તરૂણીને પિતરાઈએ હવસનો શિકાર બનાવી

**અબતક હર્ષ ઠાકર, અમરેલી**

અમરેલી શહેર વિસ્તારમાં એક ૧૬ વર્ષની તરૂણી સાથે પિતરાઈ ભાઈએ જાતીય અત્યાચાર અને દુષ્કર્મ કર્યાનો બનાવ સામે આવ્યો છે.અમરેલી શહેરમાં રહેતા હેવાન ભાઈએ પિતરાઈ બહેનનું શિયળ લૂંટયાનું સામે આવ્યું છે, સાવરકુંડલા રોડ ઉપર રહેતા પરિવારની ૧૬ વર્ષની દીકરીને તેના જ પિતરાઈ ભાઈએ રાત્રિના સમયે શારીરિક અડપલા કર્યા હતા. અગાઉ મહિના પહેલા પણ આ નરાધમે તરૂણી સાથે દુષ્કર્મ કરી ધમકી આપી હોવાનું જાણવા મળ્યું છે, આ અંગે દીકરીના પિતાએ અમરેલી પોલીસમાં જાણ કરતા આરોપી વિરૂદ્ધ ગુન્હો નોંધાયો છે, જેની સિટી પીઆઈ ડી.કે. વાઘેલા દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# ગેસની અછતના કારણે સિરામિક ઉદ્યોગમાં શટ ડાઉનઃ ૧૫મી સુધી વેકેશન જાહેર

## ૪૩૦થી વધુ યુનિટ પહેલાથી બંધ, બાકીના એકમો પણ તાત્કાલિક બંધ રાખવાનો સર્વાનુમતે નિર્ણયઃ શ્રમિકોની રોજગારી યથાવત રાખવાની ઉદ્યોગકારોની ખાતરી

**અબતક, ઋષી મહેતા**

મોરબી સિરામિક એસોસિએશનની મહત્વપૂર્ણ બેઠકમાં ગેસની અછત અને વૈશ્વિક યુદ્ધની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને આગામી ૧૫ એપ્રિલ સુધી સિરામિક ઉદ્યોગમાં વેકેશન જાહેર કરવાનો નિર્ણય લેવાયો છે. પહેલેથી જ ૪૩૦ જેટલા એકમો બંધ છે, ત્યારે બાકીના યુનિટો પણ તબક્કાવાર બંધ રહેશે. એસોસિએશને સ્પષ્ટ કર્યું છે કે આ સમયગાળા દરમિયાન શ્રમિકોની રોજગારી સુરક્ષિત રહેશે અને મેન્ટેનન્સ કામ ચાલુ રહેશે.

મોરબીના સિરામિક ઉદ્યોગ માટે હાલનો સમય અતિ સંકટજનક બની રહ્યો છે. વૈશ્વિક સ્તરે ચાલી રહેલી યુદ્ધની પરિસ્થિતિઓના કારણે ગેસના ભાવમાં ભારે વધારો તેમજ સપ્લાયમાં અનિશ્ચિતતા ઊભી થઈ છે. આ પરિસ્થિતિનો સીધો પ્રભાવ મોરબીના વિશ્વપ્રસિદ્ધ સિરામિક ઉદ્યોગ પર પડ્યો છે. આ જ ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને મોરબી સિરામિક એસોસિએશન દ્વારા એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી, જેમાં ઉદ્યોગના આગેવાનો અને ઉત્પાદકો હાજર રહ્યા હતા. બેઠકમાં સર્વાનુમતે નિર્ણય લેવાયો કે મોરબીના તમામ સિરામિક એકમોમાં તા.૧૫ એપ્રિલ સુધી વેકેશન જાહેર કરવામાં આવ્યું છે.





છેલ્લા કેટલાક મહિનાઓથી ગેસની અછતને કારણે ઉત્પાદન ખર્ચમાં ભારે વધારો થયો છે. જેના પરિણામે અંદાજે ૪૩૦ જેટલા સિરામિક એકમો પહેલેથી જ બંધ થઈ ચૂક્યા છે. હાલ જે એકમો કાર્યરત છે, તેઓ માટે પણ ઉત્પાદન ચાલુ રાખવું આર્થિક રીતે મુશ્કેલ બની રહ્યું છે. તેથી એસોસિએશને બાકીના એકમોને પણ તબક્કાવાર રીતે બંધ રાખવાનો નિર્ણય કર્યો છે. આ નિર્ણય અંતર્ગત જે એકમો બંધ કરવા માંગતા હોય તેઓ સ્વેચ્છાએ બંધ કરશે અને તમામ એકમો સામૂહિક રીતે ૧૫ એપ્રિલ પછી ફરી શરૂ કરવામાં આવશે. જોકે, સેનિટરી વેરના અંદાજે ૧૫૦ જેટલા યુનિટો હાલ ચાલુ રહેશે, કારણ કે તેમના ઓપરેશનલ માળખા અને બજારની માંગ અલગ છે.

આ વેકેશન દરમિયાન ઉદ્યોગકારો દ્વારા આશા વ્યક્ત કરવામાં આવી છે કે વૈશ્વિક સ્તરે ચાલી રહેલી યુદ્ધ જેવી પરિસ્થિતિ શાંત થશે, જેના કારણે ગેસના ભાવ અને સપ્લાયમાં સ્થિરતા આવશે. જો આવું બનશે તો મોરબી સિરામિક ઉદ્યોગ ફરીથી ગતિ પકડી શકશે. ઉપરાંત, ગલ્ફ દેશોમાં સિરામિક ઉત્પાદનોની નવી માંગ ઊભી થવાની શક્યતા પણ ઉદ્યોગ માટે સકારાત્મક સંકેતરૂપ માનવામાં આવી રહી છે. બીજી તરફ, આ શટડાઉનને લઈને શ્રમિકોના પલાયન અને બેરોજગારી અંગે કેટલીક અફવાઓ પણ ફેલાઈ રહી છે.

પરંતુ સિરામિક એસોસિએશને આ બાબતે સ્પષ્ટતા કરતા જણાવ્યું છે કે કોઈ પણ શ્રમિકને બેરોજગાર કરવામાં આવ્યો નથી. એસોસિએશનના પ્રમુખ મનોજભાઈ એરવાડિયાએ જણાવ્યું હતું કે ફેક્ટરીઓમાં પ્રોડક્શન ભલે બંધ રહે, પરંતુ મશીનરી અને પ્લાન્ટના મેન્ટેનન્સ માટે શ્રમિકોની જરૂરિયાત યથાવત રહેશે. તેમણે વધુમાં જણાવ્યું કે ફેક્ટરીમાં શેઠ ખાતે સુપરવાઈઝર, ઈન્ચાર્જ અને ઓફિસ સ્ટાફને નિયમિત વેતન આપવામાં આવશે. જ્યારે કોન્ટ્રાક્ટ આધારિત શ્રમિકોને મેન્ટેનન્સ કાર્યમાં જોડવામાં આવશે અથવા અન્ય ચાલુ યુનિટોમાં શિફ્ટ કરવામાં આવશે, જેથી તેમની રોજીરોટી પર કોઈ અસર ન પડે. મોરબી જેવા મોટા ઔદ્યોગિક વિસ્તારમાં રોજના ૨૦૦થી ૫૦૦ મજૂરોની આવનજાવન સામાન્ય બાબત છે,


હાલની પરિસ્થિતિ મુજબ જે કંપનીઓના ગુજરાત ગેસ સાથેના ૮૦ ટકા એમજીઓ કરાર પૂર્ણ થવાના છે, તે કંપનીઓ પણ ૧૦ થી ૧૫ એપ્રિલ વચ્ચે તબક્કાવાર બંધ થવાની શક્યતા છે. વૈશ્વિક બજારમાં પ્રોપેન અને નેચરલ ગેસના ભાવ અસ્થિર અને ઊંચા હોવાને કારણે ઉત્પાદન ખર્ચ ખૂબ વધી ગયો છે, જેના કારણે ઉદ્યોગને આ નિર્ણય લેવો ફરજિયાત બન્યો છે. ઉલ્લેખનીય છે કે કોરોના મહામારી બાદ આ પહેલી વખત છે જ્યારે એસોસિએશન સ્તરે આટલો મોટો અને સામૂહિક નિર્ણય લેવામાં આવ્યો છે. આગામી ૨૦થી ૨૫ દિવસ બાદ ગેસના સપ્લાય અને ભાવમાં સુધારો આવશે તેવી આશા સાથે ઉદ્યોગકારો આગળ જોઈ રહ્યા છે. ત્યારબાદ નવા કોસ્ટિંગ અને ભાવ સાથે મોરબીનો સિરામિક ઉદ્યોગ ફરી એકવાર ગતિમાન બનશે તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે.

# પંચાસર વિસ્તારમાં પાણીની સમસ્યાનો આવશે કાયમી અંત

## પંચાસર વિસ્તારમાં પીવાના પાણી માટે મનપાનો રૂ.૧૫.૫૭ કરોડનો પ્રોજેક્ટ પ્રગતિમાં

**અબતક, ઋષી મહેતા**

મોરબીના પંચાસર વિસ્તારમાં જૂની પાઈપલાઈન અને વધતી વસ્તીના કારણે પાણીની અછતની ફરિયાદો સતત સામે આવતી હતી. આ સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા માટે મોરબી મહાનગરપાલિકા દ્વારા વિશાળ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે. આ યોજના હેઠળ અંદાજે રૂ.૧૫.૫૭ કરોડના ખર્ચે પંચાસર હેડવર્કર્સથી કુલ ૫૮.૭ કિમી લાંબી નવી ઉઈ પાઈપલાઈન નેટવર્ક નાખવામાં આવશે. જેમાં વિવિધ વ્યાસની પાઈપલાઈન સાથે નવી સ્લુઈસ વાલ્વ વ્યવસ્થા પણ ઉભી કરવામાં આવશે, જેથી પાણી પૂરતા ફોર્સ અને જથ્થામાં સપ્લાય થઈ શકે. હાલ સુધીમાં અંદાજે ૨.૩ કિમી પાઈપલાઈન નાખવાની કામગીરી પૂર્ણ થઈ ચૂકી છે.



આ પ્રોજેક્ટ આગામી ૩૦ વર્ષ (૨૦૫૬ સુધી)ની અંદાજિત ૧ લાખથી વધુ વસ્તીની પાણી જરૂરિયાતને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવ્યો છે. રહેણાક માટે વ્યક્તિદીઠ ૧૩૫ લિટર, કોમર્શિયલ માટે ૭૦ લિટર અને ફ્લોટિંગ વસ્તી માટે ૨૦ લિટર પાણીના ધોરણ મુજબ આયોજન કરાયું છે. પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ પંચાસર વિસ્તારમાં દરેક ઘરને નિયમિત, પૂરતું અને શુદ્ધ પીવાનું પાણી ઉપલબ્ધ થશે, જેના કારણે વર્ષોથી ચાલી આવતી પાણીની સમસ્યાનો કાયમી અંત આવવાની આશા વ્યક્ત કરવામાં આવી છે.

# વેપારીને ભાગીદાર બનાવવાના બહાને વેચાણ કરેલો પ્લોટ અન્યને વેંચી રૂ.૧.૧૯ કરોડની ઠગાઈ

## બંધ કારખાનું શરૂ કરવાના બહાને ૩૩ લાખ અને પ્લોટના સોદાના ૮૬ લાખ પડાવ્યા

**અબતક, ઋષીમહેતા**

મોરબીમાં રો મટીરીયલ્સના વેપારીને વિશ્વાસમાં લઈ પહેલા બંધ કારખાનું શરૂ કરવા માટે રૂપિયા મેળવ્યા બાદ તે જ કારખાનાની જમીનમાં પ્લોટિંગ કરી ત્યના પ્લોટ વેચાણના નામે વધુ રકમ ઉઘરાવી કુલ રૂ.૧.૧૯ કરોડથી વધુની છેતરપિંડી આચરી હોવાના મામલે સીરામીક કારખાનેદાર સામે ફરિયાદ નોંધાવવામાં આવી છે. આરોપીએ ફરિયાદીને ભાગીદાર બનાવવાની તેમજ બાદમાં પ્લોટ આપવાની લાલચ આપી મોટી રકમ લઈ લીધી હતી, પરંતુ સોદાખત કરેલ પ્લોટ બીજાને વેચી નાખ્યો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ, મોરબી રવાઓર રોડ ઉપર કેપિટલ માર્કેટ સામે ૬૦૧ ગોલ્ડન પેલેસ એપાર્ટમેન્ટમાં રહેતા મૂળ જસાપર તા.મુળી જી.સુ.નગર ના વતની જયેન્દ્રભાઈ અમૃતલાલ દલસાણીયા ઉવ.૪૩ દ્વારા તાલુકા પોલીસ મથકમાં આરોપી યેશા ટાઈલ્સ પ્રા. લિમિટેડના ડાયરેકટર રાજેન્દ્રકુમાર ચતુરભાઈ હલપરા રહે. ૫૦૨ ભગવતી ટ્વિન્સ-બી સાનિધ્ય પાર્ક સોસાયટી રવાપર વાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી જાહેર કર્યું કે, ફરિયાદી જયેંદ્રભાઈ સિરામીક રો મટીરિયલ્સના વેપારી છે અને આરોપી રાજેન્દ્રકુમાર ચતુરભાઈ હાલપરા સાથે લાંબા સમયથી પરિચિત હતા. આરોપીએ યેશા ટાઈલ્સ પ્રા.લી. નામનું બંધ કારખાનું ફરી શરૂ કરવા માટે પૈસાની જરૂર હોવાનું કહી ફરિયાદીને ભાગીદાર બનાવવાનો વિશ્વાસ આપ્યો હતો. તે આધારે ફરિયાદીએ વર્ષ ૨૦૨૧-૨૦૨૨ માં અલગ અલગ તારીખે કંપનીના ખાતામાં કુલ રૂ.૧૮.૫૦ લાખ ટ્રાન્સફર કર્યા તેમજ રૂ.૧૫ લાખ રોકડા આપ્યા હતા. બાદમાં કારખાનું ફરી બંધ થઈ જતા આરોપીએ કારખાનાની જમીન પર પ્લોટિંગ કરવાની વાત કરી અને ફરિયાદીને પ્લોટ આપવાનું કહી અગાઉની રકમ સાથે વધુ રૂપિયા માગ્યા હતા.

ઉપરોક્ત પ્લોટના રૂપિયા માટે ફરિયાદીએ સગા-સંબંધીઓ પાસેથી ઉછીના લઈને ફરી ૮૬ લાખ આપી પ્લોટનું સોદાખત કરાવ્યું હતું. જોકે, બાદમાં આરોપીએ તે જ પ્લોટ બીજાને વેચી નાખ્યો અને ફરિયાદીને દસ્તાવેજ ન કરી આપતાં છેતરપિંડીનો ભાંડો ફૂટ્યો હતો. આમ ફરિયાદી સાથે રૂ.૧,૧૯,૫૫,૭૦૮/-ની છેતરપિંડી થઈ હતી. આ મામલે મોરબી તાલુકા પોલીસે આરોપી વિરુદ્ધ ઈ.પી.કો. કલમ ૪૦૬ અને ૪૨૦ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# મનપા દ્વારા શનિ-રવિ 'મિલેટ મહોત્સવ'

## કાર્યક્રમના સુચારૂ આયોજન માટે મ્યુ. કમિશનરના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ



**અબતક, ઋષી મહેતા**

મોરબી તા.૧૮ માર્ચ, આંતરરાષ્ટ્રીય મિલેટ વર્ષ નિમિત્તે "મિલેટ ડેવલોપમેન્ટ યોજના" કાર્યરત છે જે અન્વયે મોરબી મહાનગર પાલિકા દ્વારા મિલેટ મહોત્સવ તા.૨૧ અને ૨૨ માર્ચના રોજ એલ. ઈ. કોલેજ ખાતે યોજાશે. જેના સુચારૂ આયોજન અંગે એક બેઠક મ્યુનિસિપલ કમિશનર સ્વપિનલ ખરેના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી.

આ બેઠકમાં મિલેટ મહોત્સવમાં મિલેટ બેઈઝ રેડી ટુ ઈટ, લાઈવ ફૂડ આઈટમ, પ્રાકૃતિક કૃષિ પેદાશોના સ્ટોલના આયોજન માટે સમિતિના સભ્યોને કામગીરી સોપાઈ હતી. દૈનિક જીવનમાં લોકો પોષણક્ષમ આહાર મેળવે તે આજના સમયની જરૂરિયાત છે ત્યારે મોરબીમાં યોજાનાર મિલેટ મહોત્સવમાં વધુને વધુ લોકો સહભાગી થાય તેવો અનુરોધ મ્યુ. કમિશનરે કર્યો હતો.

આ તકે જીલ્લા વિકાસ અધિકારી નવલદાન ગઢવી, નાયબ જીલ્લા વિકાસ અધિકારી વિવેક ભટ્ટ, નાયબ મ્યુનિસિપલ કમિશનર કુલદીપસિંહ વાળા, જીલ્લા ખેતીવાડી અધિકારી હિમાંશુ ઉસદડિયા, સીડીએચઓ પવનકુમાર શ્રીવાસ્તવ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# શેરબજારમાં ટ્રેડિંગના નામે વેપારી સાથે રૂ.૫૦ લાખની છેતરપિંડી

## લલચામણી સ્કીમ બતાવી ૧.૧૧ કરોડનો નફો થયાનું કહી ટેક્સ-કમિશનના બહાને રૂપિયા ખંખેરીયાં

**અબતક, ઋષી મહેતા**

મોરબીના વેપારીને ટેલીગ્રામ મારફતે શેર બજારમાં ઓનલાઈન ટ્રેડિંગમાં મોટા નફાનો લોભ આપી ઠગાઈ કરાઈ હોવાનો બનાવ સામે આવ્યો છે. આરોપીઓએ પહેલા નાની રકમમાં નફો બતાવી વિશ્વાસ જીત્યો અને બાદમાં શેરબજારમાં રોકાણ કરાવી રૂ.૧.૧૧ કરોડનો નફો થયો હોવાનું બતાવ્યું હતું. ત્યારબાદ નફાની રકમ ઉપાડવા ટેક્સ, કમિશન અને ડોક્યુમેન્ટ ચાર્જના બહાને અલગ અલગ ખાતામાં કુલ રૂ.૫૦.૧૪ લાખથી વધુની રકમ ટ્રાન્સફર કરાવી ઠગાઈ આચરી હતી.

મોરબીના કંડલા બાયપાસ રોડ ઉપર ૧૦૨ સીતારામ પેલેસમાં રહેતા વેપારી જતીનભાઈ ચતુરભાઈ કુંડારિયા ઉવ.૪૩એ મોરબી સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં આરોપી તરીક (૧)કેલી એડધરેટ કે૮૧૪૩, (૨)સમીર ગુપ્તા એટધરેટ સમી૦૯૫૭, (૩)કસ્ટમર મેનેજર આઈડી એટધરેટ સીએ૧૯૯૧૫ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે, આરોપીઓએ ટેલીગ્રામ મારફતે સંપર્ક કરી શેર બજારમાં ઓનલાઈન ટ્રેડિંગમાં મોટો નફો કરાવવાના બહાના હેઠળ વિશ્વાસ જીત્યો હતો. શરૂઆતમાં નફો બતાવી વિશ્વાસ કેળવ્યા બાદ તેમને તા.૦૮/૦૮/૨૦૨૫ થી ૦૭/૧૧/૨૦૨૫ દરમિયાન શેરબજારમાં રોકાણ કરાવાયું હતું.જે બાદ આરોપીઓએ રૂ.૧.૧૧ કરોડ જેટલો નફો થયો હોવાનું બતાવી તે રકમ ઉપાડવા માટે ટેક્સ, કમિશન અને ડોક્યુમેન્ટ ચાર્જના નામે અલગ અલગ યુપીઆઈ અને બેન્ક ખાતામાં કુલ રૂ.૫૦,૧૪,૬૦૩/- ટ્રાન્સફર કરાવ્યા હતા. બાદમાં તે રકમ ઓળવી જઈ આજદિન સુધી કોઈ રકમ પરત આપી ન હતી. હાલ મોરબી સાયબર ક્રાઈમ પોલીસે ઉપરોક્ત ત્રણેય ટેલિગ્રામ યુઝર આઈડી ધારક તથા તપાસમાં ખુલ્લે તેની વિરુદ્ધ ગુનો નોંધી આગળની વધુ તપાસની તજવીજ શરૂ કરી છે.

# મનપાની યુ.ડી.સી. શાખાએ ફુટપાથ પર રહેતા ૨૨ નિરાધારોને આશ્રયગૃહમાં મોકલ્યા





**અબતક, ઋષી મહેતા**

મહારાણી નંદકુંવરબા આશ્રયગૃહ ખાતે ઘરવિહોણા અને નિરાધાર લોકોને નિઃશુલ્ક રહેવા જમવા સહિતની પ્રાથમિક સુવિધાઓ આપવામાં આવે છે. મોરબી મહાનગરપાલિકા દ્વારા નિમણૂક થયેલ સિધ્ધી ખાદી ગ્રામ ઉદ્યોગ કેળવણી સંસ્થા દ્વારા સંચાલન કરવામાં આવે છે. કમિશ્નર અને નાયબ કમિશ્નરના માર્ગદર્શન હેઠળ યુ.સી.ડી શાખા તથા સંસ્થાના સ્ટાફ દ્વારા રાત્રી સમયે ફૂટપાથ પર રહેતા ઘરવિહોણા લોકોની સ્થળ પર મુલાકાત કરીને કાઉન્સેલીંગ દ્વારા આશ્રયગૃહનો લાભ લેવા પ્રેરિત કરવાની ખાસ કામગીરી હાથ ધરવામાં આવી હતી.

જેથી ઠંડીને કારણે ઘરવિહોણા લોકોના આરોગ્ય પર વિપરીત અસર ન થાય તે હેતુથી રાત્રી દરમ્યાન નાઈટ-ડ્રાઈવનું આયોજન કરી શહેરી ઘરવિહોણા લોકોને આશ્રયગૃહમાં તબદીલ કરવામાં આવેલા હતા. ઉપરોક્ત ડ્રાઈવ દ્વારા ૨૨ ઘરવિહોણા લોકોને પોતાના પરિવાર સાથે આશ્રયગૃહ ખાતે પહોંચાડવામાં આવ્યા હતા. મોરબી મહાનગરપાલિકા દ્વારા સદર આશ્રયગૃહમાં વધુને વધુ ઘરવિહોણા લોકોને લાભ લેવા કમિશ્નરની દ્વારા અનુરોધ કરવામાં આવે છે. આ માટે મહારાણીશ્રી નંદકુંવરબા આશ્રયગૃહ મોરબી મોબાઈલ નં.૯૭૨૬૫૦૧૮૧૦ પર સંપર્ક કરવા જણાવાયું છે.

# મકાનમાંથી ૯૦૦ લીટર ઠંડો આથો, ૬૦ લીટર દેશી દારૂ સાથે મહિલાની ધરપકડ

**અબતક, ઋષી મહેતા**

મોરબી એલસીબી પોલીસ ટીમે પૂર્વ બાતમીને આધારે ઈન્દિરાનગર મફતીયાપરા વિસ્તારમાં મહિલા બુટલેગરના રહેણાંક મકાને દરોડો કરી દેશી દારૂ બનાવવા ઉપયોગમાં લેવાતો ઠંડો આથો ૯૦૦ લીટર તેમજ તૈયાર દેશી દારૂ ૬૦ લીટર એમ કુલ રૂ. ૩૪,૫૦૦/-ના મુદ્દામાલ સાથે આરોપી મહિલાની અટકાયત કરવામાં આવી હતી.

મોરબી શહેરના સામાકાંઠા વિસ્તારમાં આવેલ ઈન્દિરાનગર મફતીયાપરામાં રહેતી શોભનાબેન મુકેશભાઈ ગોરધનભાઈ સુરેલા ઉવ.૨૫ પોતાના રહેણાંક મકાનમાં દેશી દારૂ બનાવવાની ભઠ્ઠી ચલાવી દેશી દારૂ બનાવી તેની વેચાણ કરે છે, જે મુજબની બાતમી મોરબી ક્રાઈમ બ્રાંચ તથા પેરોલ ફર્લો સ્કવોડ ટીમને મળી હતી. જેથી તુરંત ઉલરોકટ સ્થળે રેઈડ કરતા જ્યાં મકાનના ફળીયા માંથી ૪૫ કેરબામાં ભરેલ ૯૦૦ લીટર ઠંડો આથો કિ.રૂ.૨૨,૫૦૦/-તથા ૧૦ કેરબામાં ભરેલ ૬૦ લીટર તૈયાર દેશી દારૂ કુ.રૂ.૧૨,૦૦૦/- સહીત કુલ ૩૪,૫૦૦/-નો મુદ્દામાલ મળી આવ્યો હતો. જેથી તુરંત મહિલા આરોપી શોભનાબેન સુરેલાની અટકાયત કરવામાં આવી તેની વિરુદ્ધ બી ડિવિઝન પોલીસ મથકમાં પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધાવી ક્રાઈમ બ્રાંચ ટીમે આગળની તપાસ ચલાવી છે.

# ભાગીદારીના હિસાબ મામલે યુવકનું અપહરણ કરી માર માર્યો

## ૧૩ લાખ વસૂલવા યુવકને કારમાં બળજબરીથી બેસાડી કારખાનામાં ગોંધી રાખ્યોઃ પાંચ સામે ફરિયાદ

**અબતક, ઋષી મહેતા**

મોરબીમાં ભાગીદારીના ધંધાના હિસાબ મુદ્દે યુવકનું અપહરણ કરી પાંચ શખ્સોએ બેફામ માર માર્યાની ઘટના સામે આવી છે. આરોપીઓએ યુવકને કારમાં બેસાડી કારખાનામાં લઈ જઈ ધમકીઓ આપી રૂપિયા વસૂલવાનો પ્રયાસ કર્યો હોવાનું પોલીસ ફરિયાદમાં સામે આવ્યું છે.

મોરબીના મહેન્દ્રનગર વિસ્તારમાં ધર્મમંગલ સોસાયટીમાં રહેતા વિશાલભાઈ રાજેશભાઈ શેરસીયા ઉવ.૨૯ દ્વારા સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદ મુજબ તેઓએ અગાઉ આરોપી ગીરીશભાઈ આખજા સાથે ભાગીદારીમાં ધંધો શરૂ કર્યો હતો. ધંધામાં નુકસાન બાદ હિસાબના રૂપિયા બાબતે બંને વચ્ચે વિવાદ ચાલતો હતો. તે દરમિયાન ગત તા.૧૬/૦૩ના રોજ ફરિયાદી વિશાલભાઈ ભકતીનગર સર્કલ ગોકુલનગર જવાના રસ્તે એક ગોડાઉન પાસે હાજર હતા ત્યારે આરોપીઓ ગીરીશભાઈ આખજા સાથે રાજુભાઈ ઝાલા, ભરતભાઈ ગઢવી, અલ્તાફભાઈ જીવાણી અને ઈમરાન ઉર્ફે ગટ્ટી તમામ રહે.મોરબી વાળા ક્રેટા કાર નં. જીજે-૩૬-એએફ-૮૭૭૧માં ત્યાં આવી પહોંચ્યા હતા. જ્યાં આરોપીઓએ ફરિયાદી વિશાલભાઈને લોખંડની કોશ, હથોડી તેમજ ઢીકાપાટુથી બેફામ માર માર્યો હતો.

ત્યારબાદ પાંચેય આરોપીઓએ વિશાલભાઈને બળજબરીપૂર્વક કારમાં બેસાડી જાંબુડીયા પાસે હિમાલયા નામના કારખાનામાં લઈ જઈ ગોંધી રાખ્યા હતા અને ૧૩ લાખ રૂપિયા આપવા દબાણ કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ દરમિયાન ફરિયાદીનો મોબાઈલ ફોન પણ ઝૂંટવી લીધો હતો. હાલ વિશાલભાઈની ફરિયફને આધારે એ ડિવિઝન પોલીસે પાંચેય આરોપીઓ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# સર્કિટ હાઉસ પાસે અજાણ્યા પુરૂષનું મોતઃ વાલી વારસની શોધખોળ

**અબતક, ઋષી મહેતા**

મોરબી સીટી બી ડીવી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી માહિતી મુજબ તા.૧૭/૦૩/૨૦૨૬ના રોજ સાંજે સર્કિટ હાઉસ નજીક અજાણ્યા પુરુષ ઉવ.આશરે ૪૦-૪૫ વાળા બિમાર હાલતમાં મળ્યા હતા. બાદમાં તેમનું મૃત્યુ થયેલું જણાયું હતું.

બનાવ અંગે જાણ થતા પોલીસે સ્થળ પર પહોંચી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. પ્રાથમિક તપાસ મુજબ આ પુરુષનું મોત બીમારીના કારણે થયું હોવાનું અનુમાન લગાવવામાં આવ્યું છે. આ અંગે બી ડિવિઝન પોલીસે અ.મોત નોંધી મૃતકની ઓળખ અંગે તપાસ શરૂ કરવામાં આવી છે.

# લક્ષ્મીનગર ગામની સીમમાં તસ્કરો ટ્રક હંકારી ગયા

**અબતક, ઋષી મહેતા**

મોરબીમાં ટીંબડી પાટીયા નજીક પાટીદાર ટાઉનશીપમાં બ્લોક નં. ૨૦૨માં રહેતા મૂળ રાજકોટ અયોધ્યા ચોક ખાતે આસ્થા રેસિડેન્સીના રહેવાસી અલકેશભાઈ સવજીભાઈ વારા ઉવ ૩૮ કે જેઓની લક્ષ્મીનગર ગામે શ્રીરામ ઓટો પાર્ટ્સના નામે ટ્રકના સ્પેર પાર્ટ્સની દુકાન છે અને ટ્રાન્સપોર્ટનું પણ કામ કરે છે. ત્યારે અલકેશભાઈને ટ્રાન્સપોર્ટના ધંધાની જરૂરિયાત માટે પાંચેક મહિના પહેલા ટ્રક રજી.નં. જીજે-૧૩-એનએક્સ-૦૨૬૯ ખરીદ કર્યો હતો. જે ટ્રક હાલ સીરામીકના કારખાબ બંધ થયા એટલે તેને લક્ષ્મીનગર ગામની સીમમાં આવેલ શિવધારા કોમ્પ્લેક્ષ પાછળ આવેલ પાર્કિંગમાં પાર્ક કર્યો હતો. ત્યારે ગત તા.૧૨/૦૩ના સવારના ૧૨ વાગ્યાથી તા.૧૩/૦૩ ના બપોરના ૩ વાગ્યા પહેલા કોઈપણ સમયે ઉપરોક્ત પાર્કિંગ કરેલ ટ્રક કોઈ ચોર ઈસમ ચોરી કરી લઈ ગયાનું સામે આવ્યું છે,

# દવે પંચોલી ઔદીચ્ય વિદ્યાર્થી ભુવન દ્વારા જરૂરીયાતમંદ છાત્રોને શિષ્યવૃત્તિ અર્પણ

**અબતક, ઋષી મહેતા**

મોરબીના શનાળા રોડ સ્થિત મોરબી દવે પંચોલી ઔદીચ્ય વિદ્યાર્થી ભુવન દ્વારા હોશિયાર તેમજ આર્થિક રીતે જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિના ચેક અર્પણ કરવાનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ દરમિયાન કુલ ૧૫ વિદ્યાર્થીઓને કુલ રૂ.૧,૫૦,૦૦૦/-ની શિષ્યવૃત્તિ આપવામાં આવી હતી, જે વિદ્યાર્થીઓને અભ્યાસમાં આગળ વધવા માટે પ્રોત્સાહનરૂપ બનશે.કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખ કાંતિભાઈ ઠાકર, ઉપપ્રમુખ મહેશભાઈ બી. ભટ્ટ, મહામંત્રી જગદીશભાઈ રાવલ તેમજ આ સંસ્થાના ટ્રસ્ટીગણ સહિતના



આગેવાનોની ઉપસ્થિતિ રહી હતી અને તેઓએ તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

# ગિરનારની ટોચ પર બિરાજતા અંબાજી મંદિરમાં દારૂ અને નોનવેજની ઘટનામાં અંતે છ સામે ફરિયાદ

## નાયબ કલેકટરના અહેવાલ બાદ કલેકટર દ્વારા કાર્યવાહી: દાનપેટીની આવક સાથે ચેડા કરી નાણાંકીય ગેરરીતિ આચરનાર પાંચ સામે ગુનો નોંધાયા

### અંબાજી મંદિરમાં મહંતની નિમણૂકની પ્રક્રિયા નવેસરથી હાથ ધરાશે

જિલ્લા કલેકટર અનિલ રાણાવાસીયા ગઈકાલે પત્રકારોને જણાવ્યું હતું કે, અંબાજી મંદિરના મહંતની જે નિમણૂકની પ્રક્રિયા ચાલે છે, તે હાલની ઘટનાના સંદર્ભમાં હાલ પૂરતી રદ કરવામાં આવી છે. અને આ બાબતે નવેસરથી નિમણૂકની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

ગિરનાર પર્વત પર સ્થિત સુપ્રસિદ્ધ અંબાજી માતાજીના મંદિર પરિસરમાં દારૂ અને નોનવેજનું સેવન કરનાર ૬ શખ્સો અને અંબાજી મંદિરમાં દાનપેટીની આવક સાથે ચેડા કરી નાણાકીય ગેરરીતિ આચરનાર ૫ પાંચ શખ્સો મળી કુલ ૧૧ શાળાઓ સામે પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવશે.

જિલ્લા કલેકટર અનિલકુમાર રાણાવસિયાએ આ ઘટના સંદર્ભે પ્રેસ કોન્ફરન્સ યોજી જાણકારી આપી હતી કે, અંબાજી મંદિરની ઘટના અંગેના જે સમાચાર માધ્યમો દ્વારા અહેવાલ પ્રસિદ્ધ થયા હતા ત્યારબાદ તાત્કાલિક ધોરણે પ્રાંત અધિકારીને તપાસ અધિકારી તરીકે નિમણૂક કરીને ઘટનાની જરૂરી તપાસ હાથ ધરી હતી.



આ તપાસ દરમિયાન આ સમગ્ર ઘટના તા. ૨૨-૧૦-૨૦૨૫ની હોવાનું સામે આવ્યું છે, જેમાં મુખ્યત્વે ૬ લોકો સામેલ છે. જે પૈકી ૨ સગીર છે. આ ઘટનાના મુખ્ય વ્યક્તિ મંદિરના મુખ્ય પૂજારી કિશોરસિંહ ચૌહાણના પુત્ર અભિષેક કિશોરસિંહ ચૌહાણ છે. એ લગભગ આ ઘટના પૂર્વે એક અઠવાડિયા પહેલા ત્યાં જ હતા. લોકો છે તે તેમના મિત્ર તરીકેની ઓળખાણ આપી રહ્યા છે. જેમાં છગનભાઈ ડાભી જે નોનવેજ અને દારૂ શહેર વિસ્તારમાંથી મંદિર સુધી લઈ જવામાં તેમનો મુખ્ય રોલ હતો. જે મંદિરની ગોખ છે એના આગળના ભાગમાં એ લોકોએ ત્યાં રાત્રિ દરમિયાન દારૂનું સેવન કર્યું હતું અને ત્યારબાદ અભિષેક ચૌહાણ તેમને મંદિરના ભંડાર ખાતે જમવા માટે લઈ ગયેલો હતો ત્યાં તેમણે મટનનું સેવન કરેલું હતું. આ તમામ લોકોએ અનઅધિકૃત રીતે ત્યાં પ્રવેશ કર્યો હતો અને અનઅધિકૃત રીતે ત્યાં રાત્રી રોકાણ પણ કર્યું હતું.

ઘટનાને ગંભીરતાથી લઈ વહીવટદારને તમામ લોકો સામે એફઆઈઆર દાખલ કરવા સૂચના આપવામાં આવી છે.

જિલ્લા કલેકટર એ અંબાજી મંદિરમાં જ બનેલ અને વિવિધ સમાચાર માધ્યમો દ્વારા પ્રસારિત બીજી ઘટના સંદર્ભે જણાવ્યું કે, મંદિરમાં પૂજારીઓ દ્વારા દાનપેટીની આવક સાથે ચેડા કરી નાણાકીય ગેરરીતિ આચરતા હોવાના વિડિયો પુરાવા પરથી ફલિત થઈ રહ્યું છે. કેટલાક પૂજારીઓ દાનપેટી પર કપડું કે અન્ય વાસણ રાખી દાનના નાણાં ભેટ પૂજા તરીકે સ્વીકારી અને તેને દાનપેટીમાં કે મંદિરમાં ડિપોઝિટ ન કરાવી નાણાકીય અનિયમિતતા આચરેલ હતી. આ નાણાકીય અનિયમિતતા ધ્યાને લઈ યોગેશગીરી, દુષ્યંતગીરી, દેવગીરી, કુંદનગીરી, ભરતનાથ એમ ૫ વ્યક્તિઓ સામે પણ વહીવટદાર ને એફઆઈઆર દાખલ કરવા માટે સૂચના આપવામાં આવી છે. આમ, પ્રથમ ઘટનામાં ૬ વ્યક્તિઓ અને બીજી ઘટનામાં ૫ એમ કુલ ૧૧ વ્યક્તિઓ સામે એફઆઈઆર કરવામાં આવશે. તે સાથે જિલ્લા કલેકટર એ એમ પણ ઉમેર્યું હતું કે, આ ઘટનાની ગંભીરતા લઈને મંદિરના ચાર્જમાં રહેલા વહીવટદારને પણ નોટિસ આપીને ખુલાસો પૂછવામાં આવશે અને તપાસ દરમિયાન વહીવટદારની બેદરકારી સામે આવશે, તો તેમની સામે પણ પગલાં લેવામાં આવશે.

### મંદિરને સીસીટીવી કેમેરાથી સજ્જ કરાશે રાઉન્ડ ધી ક્લોક સિક્યુરિટી ગોઠવાશે

આવી ઘટના ફરી વખત ન બને તે માટે નવેસરથી મંદિરમાં અનુશાસન વાળી વ્યવસ્થા ગોઠવાઈ તે માટે મંદિરને સીસીટીવી કેમેરાથી સજ્જ કરવા, મંદિરમાં ફરજ બજાવતા કર્મચારીઓનું રજીસ્ટર રાખવા, પરવાનગી વગર રાતે રોકાણ ન કરવા, વહીવટદાર દ્વારા દર અઠવાડિયે મંદિરની નિયમિત મુલાકાત લેવા, રાઉન્ડ ધી ક્લોક સિક્યુરિટી ગોઠવવા માટે વહીવટદાર અને મામલતદાર જૂનાગઢ શહેરને સુચના આપવામાં આવેલ છે.


# તાલાલાના ગુંદરણ ગામે નકલી દૂધ બનાવતી ફેક્ટરી ઝડપી રૂ.૪.૬૯ લાખનો મુદ્દામાલ જપ્ત કરતી ગીર સોમનાથ પોલીસ

## પોલીસની સંયુક્ત કાર્યવાહીમાં ૩૧૨૦ લીટર કેમિકલ દૂધ પકડાયું, આરોપીની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી

**અબતક લીલાધર હરવાણી તાલાલા**

ગીર સોમનાથ જિલ્લામાં તાલાલા તાલુકાના ગુંદરણ ગામના પ્રેમનગર નેસમાં એસ.ઓ.જી. અને એલ.સી.બી.ની ટીમે દરોડો પાડી નકલી દૂધ બનાવતી ડેરી પર દરોડો પાડી લાખો રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

પોલીસે રવિ કાળા કરમટાની ધરપકડ કરી ૩૧૨૦ લિટર ડુપ્લીકેટ દૂધ, ૨૬૦ કિલો પામતેલ અને દૂધ બનાવવાનો પાવડર, અમુલ મિલ્ક પાવડર મળી રૂપિયા ૪.૬૮ લાખનો મુદ્દામાલ કબજે કરી ધોરણ સર ની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. તાજેતરમાં વિદ્યાર્થી નેતા યુવરાજસિંહ દ્વારા ગીર પંથકમાંથી ઉત્તર ગુજરાત ની ડેરીઓમાં મોટા પાયે નકલી દૂધ ઠલવાઈ રહ્યું હોવાથી તાજેતરમાં નકલી દૂધના બે ટેન્ક કરો પકડી



પાડવામાં આવ્યા હતા. જેના પગલે જુનાગઢ રેન્જના નવનિયુક્ત વડા રાજેન્દ્રસિંહ ચુડાસમાએ લોકોના આરોગ્ય સાથે ચેડા કરી નકલી ખાદ્ય પદાર્થો બનાવતા શખ્સો પર તૂટી પડવા આપેલા આદેશને પગલે ગીર સોમનાથ જિલ્લા પોલીસ વડા જયદીપસિંહ જાડેજા એ જિલ્લામાં ગેરકાનૂની પ્રવૃત્તિઓને કડક હાથે ડામી દેવા આપેલી સુચના ને પગલે ગીર સોમનાથ એસ.ઓ.જી. અને એલ.સી.બી.ની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે તાલાલા તાલુકાના ગુંદરણના પ્રેમનગર નેસમાં રહેતો રવિ કાળાભાઈ કરમટા (ઉ.વ. ૨૪) પોતાના રહેણાંક મકાનના વાડામાં નકલી દૂધ બનાવવાનું કારખાનું ચલાવે છે. આ બાતમીના આધારે ફૂડ સેફ્ટી ઓફિસરને સાથે રાખી પોલીસે ઓચિંતો દરોડો પાડ્યો હતો.પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે, આરોપી અત્યંત જોખમી પદ્ધતિથી દૂધ બનાવતો હતો. જેમાં પામ ઓઈલ, યુરિયા ખાતર અને મિલ્ક પાવડર જેવા પદાર્થોનું મિશ્રણ કરીને સફેદ ઝેર તૈયાર કરવામાં આવતું હતું. સ્થળ પરથી પોલીસે ૩૧૨૦ લીટર તૈયાર નકલી દૂધ, ૨૬૦ કિલો પામતેલ, ૧૦૫ કિલો દૂધ બનાવવાનો સ્પેશિયલ પાવડર, ૧૬ કિલો મિલ્ક પાવડર અને ખાલી કેન, કુલ ૪.૬૯ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.પ્રાથમિક પૂછપરછમાં આરોપીએ કબૂલાત કરી હતી કે તે દરરોજ અંદાજે ૬ હજાર લીટર નકલી દૂધ બનાવીને તાલાલા પંથકની વિવિધ ડેરીઓમાં સપ્લાય કરતો હતો. ફૂડ સેફ્ટી ઓફિસરે દૂધના નમૂના લઈ પૃથ્થકરણ માટે લેબમાં મોકલી આપ્યા છે. પોલીસે આરોપી રવિ કરમટાની ધરપકડ કરી આ રેકેટમાં અન્ય કોઈ સંડોવાયેલું છે કે કેમ તે દિશામાં તપાસ તેજ કરી છે.લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરી નકલી દૂધ બનાવવાની ફેક્ટરી પર પોલીસે ત્રાટકીને કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. એસ.ઓ.જી. ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર ડી.એમ.કાગડા, પો.સબ.ઈન્સ આર.એચ.સુવા એસ.ઓ.જી. ના એ.એસ.આઈ. જીગ્નેશગીરી,હેડ.કોન્સ. વિપુલભાઈ, અરજણભાઈ, મહેન્દ્રભાઈ, કલ્પેશભાઈ, કૈલાસાભાઈ ,મહાવીરસિંહ એલ.સી.બી. એ.એસ.આઈ.સોનીંગસિંહ અને કોન્સ. કૃષ્ણકુમારસિંહ સહિતના ટાફે કામગીરી હાથ ધરી છે

# ધોરાજી પોલીસે ભરણપોષણના કેસમાં ૩ માસથી ફરાર બે આરોપીઓને અલગ-અલગ વિસ્તારમાંથી દબોચ્યાં

## પરેશ વધાસીયા અને સદામ હુસેન સામદાને પકડી પાડી રાજકોટ મધ્યસ્થ જેલ મોકલવાની તજવીજ હાથ ધરાઈ

**અબતક રમણીક ટોપીયા ધોરાજી**

ધોરાજી સિટી પોલીસે અલગ-અલગ બે કાર્યવાહીમાં સફળતા મેળવી છે. જેમાં ફેમિલી કોર્ટના ભરણપોષણના સજા વોરંટમાં છેલ્લા ત્રણ મહિનાથી નાસતા-ફરતા બે શખ્સોને પોલીસે દબોચી લીધા છે.પ્રથમ કિસ્સામાં, જૂનાગઢ ફેમિલી કોર્ટના ભરણપોષણના સજા વોરંટના કામે ફરાર આરોપી પરેશભાઈ મનસુખભાઈ વધાસીયા (ઉ.વ.૪૩) ને ધોરાજીના દાતારવાડી, બાલાજી હનુમાન પાસે તેના રહેણાંક મકાનમાંથી ઝડપી પાડવામાં આવ્યો છે.બીજા બનાવમાં કેશોદ ફેમિલી કોર્ટના સજા વોરંટમાં છેલ્લા ત્રણ માસથી નાસતા-ફરતા આરોપી દાઉદશા ઉર્ફે



સદામ હુસેનશા સામદા (ઉ.વ.૩૭) ને ધોરાજીના જૂના કબ્રસ્તાન પાસે તેના મકાનમાંથી ઝડપી પાડ્યો છે. ધોરાજી પી.આઈ. કે.એસ. ગરચરના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ આર.બી. બલદાણીયા તથા સર્વેલન્સ સ્ટાફના એ.એસ.આઈ. મહેશભાઈ રાડા, હેડ કોન્સ. વાસુદેવસિંહ જાડેજા અને રાજુભાઈ ભોળદરીયા સહિતની ટીમે ટેકનિકલ એનાલિસિસ અને ખાનગી બાતમીદારોની મદદથી આ બંને આરોપીઓને પકડી પાડી રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપવા તજવીજ હાથ ધરી છે.

# મોરબીના બે,પોરબંદર અને ધોરાજીના મળી રાજ્યના પાંચ જજને ફરજિયાત નિવૃત્ત કરી દેવાયા

## હાઈકોર્ટે અસમાધાનકારક કામગીરી દર્શાવતા અધિકારી સામે કડક વલણ અપનાવતા કાયદા વિભાગે પ્રિ-મેચ્યોર રિટાયર્મેન્ટના ઓર્ડર કાઢ્યા

**અબતક,રાજકોટ**

ગુજરાતના ન્યાયિક ઈતિહાસમાં એક મોટો કડાકો હાઈકોર્ટની ભલામણના આધારે મોરબીના બે,પોરબંદર અને ધોરાજીના મળી પાંચ ડસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ કક્ષાના અધિકારીઓને તાત્કાલિક અસરથી 'પ્રિ-મેચ્યોર રિટાયર' (ફરજિયાત નિવૃત્ત) કરી દીધા છે. લાંબા સમયથી જેમની કામગીરી અને શિસ્ત સામે સવાલો ઊઠી રહ્યા હતા. તેવા અધિકારીઓ સામે હાઈકોર્ટના ચીફ જસ્ટિસની સૂચનાથી તવાઈ આવી છે.ગુજરાત સરકારના કાયદા વિભાગના જોઈન્ટ સેક્રેટરી એચ.એચ. વર્મા દ્વારા મોરબીના પ્રિન્સિપલ ડિસ્ટ્રિક્ટ જજ પ્રથમેશ વિનોદચંદ્ર શ્રીવાસ્તવ, મોરબીની ફેમિલી કોર્ટના પ્રિન્સિપલ જજ પ્રશાંત વિનોદરાય જોશી, પોરબંદરની ફેમિલી કોર્ટના પ્રિન્સિપલ જજ મોહમ્મદઈલિયાસ ફરીદભાઈ માંડલી, ધોરાજીના થર્ડ એડિશનલ ડિસ્ટ્રિક્ટ જજ અલીહુસેન મોઈબુલ્લાહ શેખ અને મોડાસાના એડિશનલ ડિસ્ટ્રિક્ટ જજ કિરીટકુમાર જયંતીલાલ દરજીને ફરજિયાત નિવૃત્તિનો હુકમ કરવામાં આવ્યો છે. આ પાંચેય જજ સામે લાંબા સમયથી વિજિલન્સ તપાસ અને નબળી કામગીરીના અહેવાલો હતા.હાઈકોર્ટના વહીવટી વિભાગ દ્વારા કોઈ જજની પ્રામાણિકતા શંકાસ્પદ હોય, તો તેમને સજા તરીકે નહીં પણ 'જાહેર હિત'માં ઘરે બેસાડી શકાય છે.સમયાંતરે લેવાયેલા આકરા પગલાનો હેતુ ન્યાયતંત્રની ગરિમા જાળવવાનો છે

# બગસરાના બસ સ્ટેશન પાસે પૈસાના ડખ્ખામાં યુવાન પર છરી વડે હુમલો

## રાત્રિના સમયે આંટો મારવા નીકળેલા યુવકને રાજુ નામના શખ્સે પૈસાની લેતી દેતી મામલે માર માર્યો, પોલીસે તપાસ હાથ ધરી

**અબતક રાજકોટ**

માળિયા મિયાણા તાલુકાના બગસરા ગામમાં બસ સ્ટેશન પાસે ગત રાત્રિના સમયે પૈસાની લેવડદેવડના મામલે યુવક પર છરી વડે હુમલો થતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા યુવકને તાત્કાલિક સારવાર અર્થે રાજકોટની સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે.પ્રાપ્ત વિગતો મુજબ, બગસરા ગામમાં રહેતા દાનિશભાઈ કાળુભાઈ સોલંકી (ઉં.વ. ૨૮) ગઈકાલે રાત્રિના આશરે ૧૦:૦૦ વાગ્યાની આસપાસ ગામમાં આંટો મારવા નીકળ્યા હતા. તે દરમિયાન ગામના બસ સ્ટેન્ડ પાસે રાજુ નામના શખ્સ સાથે પૈસાની લેતીદેતી બાબતે ઉગ્ર બોલાચાલી થઈ હતી. જોતજોતામાં મામલો બિચક્યો હતો અને ઉશ્કેરાયેલા રાજુએ દાનિશભાઈ પર છરી વડે હુમલો કરી દીધો હતો. હુમલાને પગલે ઈજાગ્રસ્ત દાનિશભાઈને પ્રથમ સ્થાનિક અને ત્યારબાદ વધુ સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે દાનિશભાઈ યાર્ડમાં મજૂરી કામ કરે છે. પોતે બે ભાઈ અને એક બહેનમાં સૌથી મોટા છે. ઘટનાની જાણ થતા જ પોલીસ કાફલો હોસ્પિટલ દોડી ગયો હતો અને ઈજાગ્રસ્તનું નિવેદન લેવાની તજવીજ હાથ ધરી હતી.

# ધોરાજીમાંથી બીયરના જથ્થા સાથે નામચીન ઈમરાન ખૂરેશી ઝડપાયો

## બિયરની છ પેટી, બાઈક અને મોબાઈલ મળી, રૂ.૭૧ હજારનો મુદ્દામાલ કબ્જે

**અબતક રમણીક ટોપીયા ધોરાજી**

ધોરાજી શહેરમાં આવેલા ભવનાથ મંદિર પાસે આવેલા રસુલપરામાંથી બાતમીના પગલે ધોરાજી પોલીસની ટીમે નામચીન ઈમરાન જુમાભાઈ ઉર્ફે બાબુભાઈ ખુરશીને બિયરની છ પેટી, બાઈક અને મોબાઈલ મળી, રૂ.૭૧ હજારનો મુદ્દામાલ સાથે ઝડપી લીધો છે.



પોલીસ સુત્રો પાસેથી પ્રાપ્ત માહિતી મુજબ, ધોરાજી પોલીસની ટીમ શહેરમાં પેટ્રોલિંગમાંથી તે દરમિયાન તેઓને બાકી મળી હતી કે, ચકલા ચોક, ચિસ્તીયા મસ્જિદ પાસે રહેતો ઈમરાન જુમાભાઈ ઉર્ફે બાબુભાઈ ખુરેશી નામનો શખ્સ તેના બાઈકમાં બિયર ના જથ્થા સાથે ભુતનાથ મંદિર પાસે આવેલા રસુલપરામાં તરફ આવી રહ્યો છે. ધોરાજી પોલીસની ટીમ ભુતનાથ મંદિર પાસે વોચમાં ગોઠવાઈ જઈ,જેવો ઈમરાન તેના બાઈકમાં ત્યાંથી પસાર થતા તેને અટકાવી , તેની પાસે રહેલા થેલાની તલાસી લેતા તેમાંથી બીયરની છ પેટી મળી આવી હતી. પોલીસે બિયરનો જથ્થો, બાઈક અને મોબાઈલ મળી રૂ.૭૧ હજારનામુદ્દા માલ સાથે ઈમરાન જુમાભાઈ ઉર્ફે બાબુભાઈ ખુરેશી નામના શખ્સની ધરપકડ કરી છે. ઝડપાયેલા શખ્સની બિયર અંગે પૂછપરછ કરતા તેની સાથે ધોરાજીમાં રહેતો સલીમ ઉર્ફે બાબર હાજી ઈસ્માઈલ ખુરશી નામનો શખ્સ સંડોવાયા હોવાની કબુલાત આપતા, પોલીસે તેના વિરુદ્ધ ગુન્હો નોંધી તેની શોધખોળ હાથ ધરી છે. પોલીસ તપાસમાં ઈમરાન જુમાભાઈ ઉર્ફે બાબુભાઈ ખુરેશી ધોરાજી પોલીસમાં દારૂ અને જુગારના ગુનામાં છ વખત પોલીસ ચોપડે ચડી ચૂક્યો છે તેમજ માંગરોળ પોલીસ મથકમાં માદક પદાર્થના ગુનામાં પણ પોલીસ ચોપડે ચડી ચૂક્યો છે. આ દરોડા ની કામગીરી પીએસઆઈ આર બી બલદાણીયા, એએસઆઈ એમાં આર રાડા, હેડ કોન્સ્ટેબલ વસુદેવસિંહ જાડેજા ,નારણભાઈ પંપાણીયા ,કોન્સ્ટેબલ રાજુભાઈ અને કોન્સ્ટેબલ હર્ષદભાઈ સાથે બજાવી છે.

# વેરાવળ: પીજીવીસીએલની મેગા ડ્રાઈવમાં ૨૦૮૬ વીજ જોડાણ પાસેથી રૂ.૧.૪૩ કરોડની વસુલાત

## વેરાવળ કાર્યપાલક ઈજનેર જી.બી. વાઘેલાના માર્ગદર્શન હેઠળ ૯૪ ટીમો મેદાને ઉતરી

**અબતક, જયેશ પરમાર, સોમનાથ**

સોમનાથ - વેરાવળ પીજીવીસીએલ ડીવીઝન હસ્તકના સાત સબ ડીવીઝનોમા: આજે એક દિવસીય વીજ બીલ વપરાશ બાકી રકમ ન ભરતા વિજ જોડાણો કાપવા નો જોરદાર મેગા ડીસ કનેકશન ડ્રાઈવ યોજાયો.

વેરાવળ કાર્યપાલક ઈજનેર જી.બી. વાઘેલાના માર્ગદર્શન હેઠળ



૯૪ ટીમો આ કાર્યવાહી માટે ઉતારવામાં આવી હતી. અને કુલ ૨૦૮૬ વીજ જોડાણ બાકી રકમ ધારકો અંગે કાર્યવાહી કરવાની હતી કે જેની અંદાજીત રકમ રૂ. ૧૪૩.૩૮ લાખ થવા જાય છે.

મોડી સાંજ સુધી ચાલેલી આ કાર્યવાહીનો રીપોર્ટ કેટલા જોડાણ કપાર્યા, કેટલી વસુલાત થઈ અને અન્ય વિગતો મેળવાઈ રહી છે જે મોડી સાંજ સુધીમાં ચિત્ર સ્પષ્ટ થશે.

# લોધિકાના હરીપર પાળ ગામે જમીનના મામલે યુવક પર હુમલો

## ભાઈ ભત્રીજા સહિત ત્રણ સામે નોંધાતો ગુનો

**અબતક રાજકોટ**

લોધિકા તાલુકાના હરીપર પાળ ગામમાં જમીન બાબતે ચાલી રહેલા જૂના વિવાદનો ખાર રાખી મોટા ભાઈ સહિત ત્રણ શખ્સોએ નાના ભાઈ પર લોખંડના પાઈપ વડે હુમલો કરતા ચકચાર મચી જવા પામી છે. ઈજાગ્રસ્ત યુવકને તાત્કાલિક સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ, હરીપર પાળ ગામમાં રહેતા અને કડિયાકામ કરી પરિવારનું ગુજરાન ચલાવતા અજયભાઈ સોમાભાઈ પરમાર (ઉ.વ. ૪૨) ગત રાત્રે આશરે ૨:૩૦ વાગ્યાના અરસામાં પોતાના ઘર પાસે હતા. આ સમયે જમીન બાબતે ચાલી રહેલા જૂના વિવાદને લઈ ગઈકાલે અજયભાઈના મોટાભાઈ ટપુભાઈ તેમજ તેના દીકરા ઝીણાભાઈ અને લાભુભાઈએ અજયભાઈ સાથે જગડો કરી તેના પર પાઈપ વડે હુમલો કર્યો હતો, હુમલામાં અજયભાઈને માથાના તેમજ શરીરના ભાગમાં ઈજાઓ પહોચતા તેમને તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે અજયભાઈ ત્રણ ભાઈ અને ચાર બહેનોમાં ત્રીજા નંબરના છે. તેમને સંતાનમાં બે દીકરા અને એક દીકરી છે. અજયભાઈ કડિયાકામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે, હાલ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# રાજ્યભરમાં ચકચાર મચાવનાર ઉના કાંડના પાંચ શખ્સોને પાંચ વર્ષની જેલ

## વર્ષ-૨૦૧૬માં સમઢીયાળા ગામે મૃત પશુની ખાલ ઉતારતા પરિવારને ગૌ રક્ષકોએ ગાડી પાછળ બાંધી જાહેરમાં ઢોર મારમાર્યો'તો: ૩૫ શખ્સોનો નિર્દોષ છૂટકારો

**અબતક, અતુલ કોટેચા વેરાવળ**

સૌરાષ્ટ્ર સહિત દેશભરમાં ચકચાર મચાવનાર ઉનાના સમઢીયાળા કાંડનો કેસ વેરાવળની સ્પે.એટ્રોસીટી અદાલતમાં ચાલી જતા પાંચ શખ્સોને તકસીરવાન ઠેરવી પાંચ વર્ષની સજાનો હુકમ અને દંડ ફટકારતો હુકમ કર્યો છે. ૩૫ શખ્સોને નિર્દોષ છોડી મુકવાનો હુકમ કર્યો હતો.

ગીર સોમનાથ જિલ્લાના ઉનાના સમઢિયાળાના વર્ષ ૨૦૧૬ના દેશભરમાં ચકચારી કાંડનો કેસ વેરાવળની સ્પેશ્યલ એટ્રોસિટી કોર્ટના જજ પંડ્યાની કોર્ટમા ચાલી જતાં મહત્વનો ચુકાદો આપવામાં આવ્યો છે. વિગતો મુજબ તા.૧૧/૭/૨૦૧૬ ના સમઢીયાળા ગામે મરેલ ઢોરની ખાલ ઉતારતા પરીવારને ગૌ રક્ષકોએ માર મારેલો અને કારમાં લઈ જઈ ચાર જણાને ગાડી પાછળ બાંધી જાહેરમા મારતા મારતા સરઘસ રૂપે ફેરવી ઢોર મારતા લઈ ગયા હતા. આ સંબંધે પોલીસ ફરીયાદ ઉના પો.સ્ટે.માં નોંધાઈ હતી. જે ગુનાની પ્રથમ ઉના પોલીસ અને ત્યારબાદ તપાસ સીઆઈડી ક્રાઈમ ગાંધીનગર દ્વારા કરી કુલ ૪૧ જેટલા આરોપીઓ સામે ગુનો નોંધાયો હતો. બાદ તપાશ પૂર્ણ થતા અદાલતમાં ચાર્જશીટ દાખલ કરાયેલી હતી. જે દરમિયાન એક પોલીસ અધિકારીનુ અવશાન થયેલ હતુ. ત્યારબાદ ૪૦ આરોપીઓ સામે આ કેસ વેરાવળના બીજા એડીશનલ ડીસ્ટ્રીકટ જજની કોર્ટમાં ચાલેલ હતો. જેમાં સરકાર પક્ષે સ્પે.પી.પી. છુટા થતાં ડી.જી.પી.ગીર સોમનાથનાને કેસ ચલાવવા કાયદા વિભાગ દ્વારા આદેશ કરવામાં આવ્યો હતો. પોલીસ બંદોબસ્ત હેઠળ સાહેદોને લાવવામાં આવ્યા હતા. આ કેસમાં સરકાર પક્ષે ડી.જી.પી. કેતનસિંહ વાળાએ આશરે ૨૪૦ જેટલા સાહેદોને તપાસેલ અને લેખીત તથા મૌખિક દલીલો કરી વકીલોની લાંબી દલીલો બાદ ગુન્હો સાબીત થતાં વેરાવળના સ્પે. એટ્રોસીટી કોર્ટના જજ જે.જે.પંડ્યાએ ૪૧ પૈકી પાંચ આરોપી રમેશ ભગવાન જાદવ, રાકેશ રસીક જોશી, નાગજી ડાયા વાણીયા, પ્રમોદગીરી રમેશગીરી ગૌસ્વામી અને બળવંતગીરી ગૌસ્વામીને તકસીરવાન ઠેરવી એટ્રોસિટીની કલમમાં પાંચ વર્ષ, મારામારીમાં ત્રણ વર્ષ, અપશબ્દોમાં બે વર્ષ અને ગેરકાયદે અટકાયત કરવામાં એક વર્ષની સજા સાથે તમામ સજા એકીસાથે ભોગવવાની રહેશે. દંડ ફટકારતો હુકમ કર્યો છે. જ્યારે ૩૫ આરોપીને કેસમાં નિર્દોષ જાહેર કર્યા છે.

### પાંચ પૈકી ચાર આરોપીએ ૬ વર્ષ જેલવાસ ભોગવ્યો હોવાથી મુક્તિનો માર્ગ મોકળો?

ચાર આરોપીએ અગાઉ ૬ વર્ષથી વધુ સમય જેલમાં વિતાવી ચુક્યા હોવાથી કોર્ટે ફટકારેલી પાંચ વર્ષની સજાની અવધિ પહેલેથી જ પૂર્ણ થઈ ગઈ હોય આથી આરોપીને સજા મજરે આપવાની વકીલની અરજી કોર્ટે ગ્રાહ્ય રાખી છે. આથી ચાર આરોપીઓને જેલમુક્તિનો માર્ગ મોકળો થયો છે. એક આરોપી નાગજી ડાયાએ ચાર વર્ષ અને બે માસનો જેલવાસ ભોગવ્યો હોવાથી તેને બાકી રહેતી સજા ભોગવવાની રહેશે.

# લોધિકા પંથકમાં નકલી જંતુનાશક દવા બનાવવાનું રેકેટ ઝડપાયું

## એસ.જી ની ટીમે ત્રણ કારખાનામાં દરોડા પાડી ડુપ્લીકેટ દવાના જથ્થા મળી ૨૫.૭ લાખનો મુદ્દામાલ કબજે કર્યો: યુ.પી.એલ કંપનની નકલી દવાનું ઉત્પાદન કરતા, ચાર વિરુદ્ધ ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

નકલીની બોલબાલા રહી છે નકલી દૂધ, નકલી ઘી અને નકલી ડોક્ટર બાદ હવે નકલી જંતુનાશક દવા બનાવવાનું રેકેટ ઝડપાયું છે. રાજકોટ એસઓજીની ટીમે લોધીકા વિસ્તારમાં આવેલા ત્રણ કારખાનામાં દરોડો પાડી ડુપ્લીકેટ જંતુનાશક દવાઓનો જથ્થો ઝડપી લીધો હતો. આ મામલે પોલીસે ચાર શખસો સામે ગુનો નોંધ્યો છે અને રૂપિયા ૨૫.૦૭ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.જાણવા મળતી વિગતો મુજબ, રાજકોટ રેન્જ આઈ.જી નિર્લિપ્ત રાય અને રાજકોટ એસપી વિજયસિંહ ગુર્જર દ્વારા જિલ્લામાં ખેતીવાડીની ગેરકાયદે ડુપ્લીકેટ રાસાયણિક દવાઓ બનાવતા શખસો વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી હતી. જે સૂચનાને લઈ એસઓજી પીઆઈ એફ.એ.પારગીના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઇ જી.જે.ઝાલા તથા તેમની ટીમ તપાસમાં હતી. દરમિયાન એવી બાતમી મળી હતી કે, લોધિકા પંથકમાં આવેલા કારખાનાઓમાં ડુપ્લીકેટ જંતુનાશક દવાઓનું ઉત્પાદન કરવામાં આવી રહ્યું છે.લોધિકા વિસ્તારમાં આવેલા ત્રણ કારખાનાઓમાંથી યુનાઈટેડ ફોસ્ફરસ લિમિટેડ કંપનીની ડુપ્લીકેટ જંતુનાશક દવાઓ બનાવતા કારખાનાઓ જેમાં એડીકોન પેસ્ટીસાઈડસ પ્રા.લી, શક્તિ કેમિકલ, ગ્રીન ભારત કેમિકલમાંથી અલગ અલગ ટેકનિકલ તથા કન્ટેનવાળી ડેપ્લીકેટ જંતુનાશક દવાઓનો જથ્થો ઝડપી લીધો હતો.પોલીસે આ મામલે ચાર શખ્સો સામે ગુનો નોંધ્યો છે જેમાં એડીકોન પેસ્ટીસાઈડ (માખાવડ તા. લોધિકા) ના ધ્રુવ રસિકભાઈ પટોડીયા (ઉ.વ. ૨૭ રહે રાજકોટ, અભ્યાસ બીએસસી એગ્રીકલ્ચર) અહીંથી



૧.૯૫ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. જ્યારે શક્તિ કેમિકલ્સ (વીરવા તા. લોધીકા) ના ધવલ ગોવર્ધન કોરાટ (ઉ.વ. ૨૮ અભ્યાસ એમએસસી કેમિકલ)ની કંપની માંથી ૧૪.૧૦ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.રાવકી ગામે આવેલી ગ્રીન ભારત કેમિકલના સાહિલ સુરેશભાઈ ટીંબડીયા (ઉ.વ. ૩૦ રહે શાપર અભ્યાસ ડિપ્લોમા એગ્રીકલ્ચર) અને કશ્યપ મગનભાઈ આકોલીયા (ઉ.વ. ૩૫ રહે. રાજકોટ અભ્યાસ ડિપ્લોમા કેમિકલ) વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો અને અહીંથી ૯.૦૨ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. આમ એસ.ઓજીની ટીમે આ ત્રણ કંપનીઓમાં દરોડા પાડી ૪ શખસો સામે ગુનો નોંધી કુલ રૂપિયા ૨૫,૦૭,૮૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો.આ કામગીરીમાં એસઓજી એએસઆઈ પરબતભાઈ શામળા, વિપુલભાઈ ગુજરાતી, હેડ કોન્સ્ટેબલ વિજયભાઈ વેગડ, ચંદુભાઈ પલાળીયા, મયુરભાઈ વિરડા, નૈમિશભાઈ મહેતા, પિયુષભાઈ અઘેરા, કોન્સ્ટેબલ વિજયગીરી, રણજીતભાઈ, ચિરાગભાઈ, વિપુલભાઈ, પૃથ્વીરાજસિંહ અને નરશીભાઈ બાવળિયા સાથે રહ્યા હતા.

# જામનગરના નાની અને મોટી બાણુંગર ગામે પિતરાઈ ભાઈઓનો આપઘાત

## બન્ને પિતરાઈ ભાઈઓને કુટુંબી મામા સાથે ઝઘડો થયા બાદ મનમાં લાગી આવતાં એક પછી એક ભાઈઓએ ભર્યું અંતિમ પગલું

**અબતક, સાગર સંઘાણી, જામનગર**

જામનગર તાલુકાના નાની બાણુગાર તેમજ મોટી બાણુંગાર ગામમાં એક પરિવારમાં કરુણ જનક કિસ્સો બન્યો છે, અને બે પિતરાઈ ભાઈઓએ એક પછી એક ગળાફાંસા દ્વારા આત્મહત્યા કરી લેતાં ગમગીની ફેલાઈ છે. પોતાના મામા સાથે ઝઘડો થયા બાદ આવેશમાં આવી જઈ આ પગલું ભરી લીધા નું પોલીસમાં જાહેર થયું છે. આ ચકચારજનક બનાવની વિગત એવી છે કે જામનગર તાલુકાના મોટી બાણુગાર ગામમાં રહેતા ખુમલોભાઈ રણછોડભાઈ બુડોરીયા નામના ૨૬ વર્ષના યુવાને પોતાની વાડીમાં ઈલેક્ટ્રીક પોલમા ચુંદડી બાંધી ગળાફાંસા દ્વારા આત્મહત્યા કરી લીધી હતી.

જે બનાવ અંગે મૃતકના ભાઈ નવલભાઈ રણછોડભાઈએ પોલીસને જાણ કરતાં પંચકોશી એ. ડિવિઝનના પી.આઈ. એન.એમ. શેખ તેમજ પીએસઆઈ એ આર પરમાર સહિતની પોલીસ ટુકડી બનાવના સ્થળે તોડી ગઈ હતી, અને મૃતદેહનો કબજો સંભાળ્યો હતો.

ત્યાં જ નાની બાણુંગારમાં રહેતા તેના પિતરાઈ ભાઈ સંદીપભાઈ ગણપતભાઈ બુડારીયા નામના યુવાને પણ ગઈકાલે પોતાની ગેર ગળાફાંસો ખાઈ લેતાં તેને સારવાર માટે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં પહોંચાડ્યો હતો જ્યાં ફરજ પરના તબીબે તેનું મૃત્યુ નિપજ્યું હોવાનું જાહેર કર્યું હતું.

આ બનાવ અંગે મૃતક ના પિતા ગણપતભાઈ બુડારીયા પોલીસને જાણ કરતા પીઆઈ એમ.એમ શેખ અને તેઓની ટીમ દ્વારા આ મામલામાં પણ ઊંડાણ પૂર્વકની તપાસ હાથ ધરી હતી. પોલીસની પૂછપરછ બંને મૃતક ભાઈઓને પોતાના કુટુંબી મામા સાથે ઝઘડો થયો હતો, અને બોલા ચાલી થઈ હતી, તેનું મનમાં લાગી આવતાં બંને પિતરાઈ ભાઈઓએ એક પછી એક આત્મહત્યાના પગલાં ભરી લીધા હતા જેથી પરિવારજનોમાં ભારે શોકમગ્ન વાતાવરણ બની ગયું છે.

# જામનગરના ધુતારપર ગામે યુવાને આઠ માસની પુત્રી સાથે કૂવામાં ઝંપલાવતા બન્નેના મોત

## ચારિત્ર્યની શંકા બાબતે દંપતી વચ્ચે ઝઘડો થતાં પતિને મનમાં લાગી આવવાથી માસુમ સાથે કૂવામાં ઝંપલાવી જીવન ટુંકાવ્યું: પોલીસે પુત્રીની હત્યા કરનાર પિતા સામે ગુન્હો નોંધ્યો

**અબતક, સાગર સંઘાણી, જામનગર**

જામનગર તાલુકાના ધુતારપર ગામમાં ગઈકાલે ભારે કરુણાજનક કિસ્સો બન્યો છે. પ્રેમ લગ્ન કરનાર એક દંપત્તિ વચ્ચે ઝઘડો થયા બાદ ઉસકેરાયેલા પ્રેમીએ પોતાની આઠ માસ ની પુત્રીને સાથે રાખીને વાડીના કૂવામાં ઝંપલાવી દીધું હતું, જેથી પિતા-પુત્રિ બન્નેના મૃત્યુ નીપજતાં પરિવારજનોમાં ભારે ગમગીની ફેલાઈ છે. પોલીસે પિતા સામે પુત્રીની હત્યા નીપજાવવા અંગે ગુનો નોંધ્યો છે.

આ બનાવની વિગત એવી છે કે મૂળ મધ્ય પ્રદેશના ધાર જિલ્લા ના વતની અને હાલ ધૂતારપર ગામમાં એક ખેડૂતની વાડીમાં આંટો દેવા આવેલા અકલેશભાઈ શંભુભાઈ નામના ૨૧ વર્ષના શ્રમિક યુવાને ગઈકાલે પોતાની માત્ર આઠ માસની પુત્રી દેવિકા ને સાથે રાખીને વાડીના કૂવામાં ઝંપલાવી દીધું જેથી પિતા પુત્રી બંનેના ડૂબી જવાના કારણે મૃત્યુ નિપજતાં ભારે ગમગીની ફેલાઈ હતી.

મૃતક યુવાન ની પત્ની દુર્ગાબેન અકલેશભાઈએ પોલીસને જાણ કરતાં પંચકોશી એ. ડિવિઝનના પી.આઈ .એમ.એન. શેખ તેઓની ટીમ સાથે બનાવના સ્થળે દોડી ગયા હતા, અને પિતા પુત્રીના મૃતદેહ નો કબજો સંભાળી સમગ્ર મામલામાં ઊંડાણપૂર્વકની તપાસ હાથ ધરી હતી.

પોલીસમાં જાહેર થયા અનુસાર ફરિયાદી દુર્ગા દેવી કે જેના આજથી બે વર્ષ પહેલા અક્લેશ સાથે પ્રેમ લગ્ન થયા હતા, અને વાડી વિસ્તારમાં રહીને ખેત મજૂરી કામ કરતા હતા.

દરમિયાન હોળીના તહેવારના દિવસે પતિ પત્ની બંને વચ્ચે ઝઘડો થયો હતો, પતિ ચારિત્ર્યાની શંકા કરતો હોવાથી દુર્ગાબેન કે જે જામનગર તાલુકાના ઘુતારપર ગામમાં રહેતા ખેડૂત પોપટભાઈ નારણભાઈ ની વાડીમાં તેની માતા મજૂરી કામ કરે છે, જ્યાં માતા સાથે રહેવા લાગી હતી, અને પોતાની પુત્રી દેવિકાને પણ સાથે લઈને આવી ગઈ હતી.

જયાં ગઈકાલે પતિ અકલેશભાઈ પહોંચ્યો હતો, અને ફરીથી બંને વચ્ચે ઝગડો થયો હતો, અને પ્રેમી અકલેશે પોતાની પુત્રી દેવિકા ને સાથે રાખી વાડીના કૂવામાં ઝંપલાવી દીધુ હતું, જેથી બન્ને ના મૃત્યુ નીપજ્યા હતા. આ સમગ્ર મામલામાં પંચકોશી એ. ડિવિઝનના પી.આઈ.એમ.એન. શેખ ઊંડાણપૂર્વકની તપાસ હાથ ધરી છે અને દુર્ગાબેન ની ફરિયાદના આધારે તેની પુત્રી ની હત્યા નિપજાવવા અંગે પતિ અકલેશભાઈ સામે ગુનો નોંધ્યો છે.

# જામનગર: બે ઘરફોડીનો ભેદ ઉકેલાયો: ત્રિપુટી ઝડપાઈ

## એ-ડિવિઝન પોલીસે સોના-ચાંદીના ઘરેણા, રોકડ અને મોબાઈલ મળી રૂ.૪ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

**અબતક, જામનગર**

જામનગરમાં મુલ્લા મેડી વિસ્તારમાં વ્હોરા પરિવારના ઘરમાં ચાર દિવસ પહેલાં થયેલી રૂપિયા ચાર લાખની માલમતા ની ચોરી બે ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલી નાખવામાં પોલીસ સફળ થઈ છે. સિટી એ. ડિવિઝનના પોલીસ સ્ટાફે ચોરાઉ મુદ્દા માલ સાથે તસ્કર ત્રિપુટીને ઝડપી લીધી હતી. જેને એક દિવસના રિમાન્ડ પર લેવાઈ છે.



શહેરના મુલ્લા મેડી વિસ્તારમાં ગલેરીયા શેરીમાં રહેતા અલી અસગરભાઈ ગાંધી નામના વ્હોરા પરિવારના રહેણાક મકાનમાં આજથી ચાર દિવસ પહેલાં વહેલી સવારે ચોરી થઈ હતી, અને તસ્કરો રૂપિયા ચાર લાખ પાંચ હજારની માલમતા જેમાં રોકડ રકમ, સોના ચાંદીના દાગીના, મોબાઈલ ફોન વગેરેની ચોરી કરી લઈ ગયા હતા. જે ચોરીના બનાવ અંગે અલી અસગરભાઈ ગાંધીએ સીટી એ. ડિવિઝન પોલીસ મથકમાં ગત ૧૨મી તારીખે ફરિયાદ નોંધાવી હતી, જે ફરિયાદના અનુસંધાને સીટી એ. ડિવિઝનના પોલીસ સ્ટાફે ચોરીનો ભેદ ઉકેલ નાખ્યો છે, અને ઉપરોક્ત રહેણાંક મકાનને નિશાન બનાવનાર તસ્કર ત્રિપુટીને ઝડપી લીધી છે. જામનગરમાં ગુજરાતી વાડ વિસ્તારના રહેતા અને અગાઉ ૨૨ થી વધુ ચોરીઓમાં પકડાઈ ચૂકેલા એઝાજ કાદરભાઈ શેખ ઉર્ફે એઝલો, તેમજ તેના બે સાગરીત શકીલ અનવરભાઈ ખફી અને સાહિલ રહીમભાઈ સેતા ત્રણેયની અટકાયત કરી લીધી છે. પોલીસે ત્રણેયને અદાલત સમક્ષ રજૂ કરી એક દિવસના રિમાન્ડ પર લીધા છે.

તેઓ પાસેથી સોનાની બે નંગ બંગડી, પાંચ નંગ સોનાની વીંટી, બે સોનાના ચેઈન, બે નંગ સોનાની બુટ્ટી, ૧૫,૦૦૦ની રોકડ રકમ, મોબાઈલ ફોન વગેરે સહિત રૂપિયા ચાર લાખની માલમતા કબજે કરી લીધી છે. સિટી એ. ડિવિઝનના પી.આઈ. એન. એ. ચાવડા અને તેઓની ટીમ દ્વારા આ સમગ્ર કાર્યવાહી કરવામાં આવી હતી. મુખ્ય સૂત્રધાર આરોપી એઝાજ ૨૨ જેટલા ચોરીના ગુના નોંધાઈ ચૂક્યા છે, અને તેમાં તેની ધરપકડ પણ થઈ છે.

# ગોંડલ પંથકમાં ખનીજ માફીયાઓ બેફામ: રોક શકો તો રોક લો...!!

## મોવિયા, કમઢીયા, વોરા કોટડા, માંડલ કુંડલા, બાંદરા, ગોમટા, ભુણાવા, મહિકા સહિતના ગામોમાં ગેરકાયદે ખનન

**અબતક, હરેશ ગણોદીયા, ગોંડલ**

ગોંડલ પંથકમાં ગેરકાયદેસર મંજૂરી વગર ઈન્ડસ્ટ્રીઝ એરીયા તેમજ સીકસલેનની કામગીરીમા સ્ટાઈસ માટી રેતી પથ્થર સહિતનું મટીરિયલ ખનીજ માફીયાઓ દિનરાત ચોરી કરી તગડી કમાણી કરતા માફીયાઓની શાન ઠેકાણે લાવી તગડો દંડાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવે તે જરૂરી બની છે

ગોંડલ પંથકના મોવિયા માંડલ કુંડલા બાંદરા ગોમટા ભુણાવા મહિકા કમઢીયા ઉમવાડા સહિતના અનેક વિસ્તારોમાં બેફામ ખનન થતુ હોવાનું પ્રકાશમાં આવ્યું છે જે અંગેનાં લોકેશન સાથેના વિડિયો પણ સોશ્યલ મીડિયામાં વાયરલ થતાં આવ્યા છે તેમછતાં તંત્ર દ્વારા કાર્યવાહી કરવામાં લાજ કાઢતાં હોવાથી ખનીજ માફીયાઓ રોક શકો તો રોક લો તેવો પડકાર જાણે ફેંકી રહ્યા હોવાનો ઘાટ સર્જાવાની સાથે તંત્ર સામે સવાલો ઉઠવા પામ્યા છે રેન્જ આઈજી ના આગમનથી બુટલેગરો અને દાદાઓ ભોભીતર થયાં છે ત્યારે ખનીજ માફીયાઓ ઉપર ત્રાટકી કાયદાનું ભાન કરાવે તેવી માંગ ઉઠવા પામી છે.

## (પહેલા પાનાનું ચાલું)

### ભૂખમરાનો શિકાર...

કારણે અંદાજે વધારાના ૪.૫ કરોડ (૪૫ મિલિયન) લોકો તીવ્ર ભૂખમરામાં ધકેલાય તેવી સંભાવના છે. આ વધારા સાથે વૈશ્વિક ભૂખમરાનો આંકડો તેની વર્તમાન ૩૧.૯ કરોડની (૩૧૯ મિલિયન) રેકોર્ડ સપાટીને પણ પાર કરી જશે.

કાર્લ સ્કાઉએ વધુમાં ઉમેર્યું હતું કે આ પરિસ્થિતિ વૈશ્વિક ભૂખમરાના સ્તરને સર્વકાલીન રેકોર્ડ પર લઈ જશે અને તે એક અત્યંત ભયાનક સંભાવના છે. તેમણે સ્પષ્ટ કર્યું કે આ યુદ્ધ શરૂ થયા પહેલા જ વિશ્વ એક એવી ભયંકર સ્થિતિમાં હતું કે જ્યાં ભૂખમરો આંકડા અને ગંભીરતાની દ્રષ્ટિએ ક્યારેય આટલો વિકરાળ નહોતો.

યુદ્ધની સીધી અસર વિશે જણાવતા સ્કાઉએ માહિતી આપી કે ૨૮ ફેબ્રુઆરીથી શરૂ થયેલા આ હુમલાઓ બાદ શિપિંગ ખર્ચમાં ૧૮ ટકાનો જંગી વધારો થયો છે અને કેટલાક જહાજોના રૂટ પણ બદલવા પડ્યા છે. દાતાઓએ હવે પોતાનું ધ્યાન સંરક્ષણ ક્ષેત્રે વધુ કેન્દ્રિત કરતા વર્લ્ડ ફૂડ પ્રોગ્રામના ખર્ચમાં પણ મોટો કાપ મુકાયો છે, અને તેની સામે શિપિંગનો આ વધારાનો ખર્ચ પડ્યા પર પાટુ સમાન સાબિત થઈ રહ્યો છે.

### સિલિન્ડરની તંગી...

સામાન્ય રીતે ગેસ ટ્રાન્સપોર્ટમાં જ્યારે પાઈપલાઈન નેટવર્કમાંથી નિર્ધારિત માત્રા કરતા વધુ કે ઓછો ગેસ લેવામાં આવે અથવા ઈન્જેક્ટ કરવામાં આવે ત્યારે દંડ સ્વરૂપે આ ઈમ્બેલેન્સ ચાર્જ લગાવવામાં આવતો હોય છે. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના જોઈન્ટ સેક્રેટરી સુજાતા શર્માએ એક પ્રેઝન્ટેશનમાં જણાવ્યું હતું કે દેશમાં પીએનજીના વિસ્તરણને અટકાવતી માળખાકીય અડચણોને દૂર કરવા માટે કેન્દ્ર સરકાર સક્રિય પ્રયાસો કરી રહી છે.

સોમવારે કેન્દ્ર દ્વારા રાજ્ય સરકારોને પેન્ડિંગ પડેલી સિટી ગેસ ડિસ્ટ્રિબ્યુશન પાઈપલાઈનની અરજીઓને તાત્કાલિક પરવાનગી આપવા અને નવી પરવાનગીઓ ૨૪ કલાકમાં મંજૂર કરવાનું ફરજિયાત કરવા જણાવાયું હતું. આ ઉપરાંત, સ્થાનિક સત્તાવાળાઓ દ્વારા લેવાતા ચાર્જ માફ કરવા, કામકાજના સમયમાં છૂટછાટ આપવા અને સંકલન તથા ઝડપી અમલીકરણ માટે સ્ટેટ નોડલ ઓફિસરોની નિમણૂક કરવા પણ સૂચન કરાયું છે.

દેશમાં હાલ પીએનજી અને એલપીજીના વપરાશકર્તાઓની સંખ્યામાં મોટો તફાવત છે. ભારતમાં ૩૩૦ મિલિયન (૩૩ કરોડ) એલપીજી ગ્રાહકોની સામે હાલમાં માત્ર ૧૦ મિલિયન (૧ કરોડ) એક્ટિવ પીએનજી ગ્રાહકો છે, જેને વધારવા પર સરકાર હાલ ભાર મૂકી રહી છે.

### રિઝર્વ બેન્ક...

નિર્ધારિત કરાયેલા ૧.૫૦ લાખ કરોડ રૂપિયા કરતા નોંધપાત્ર રીતે ઓછી જોવા મળી હતી.

વેરિયેબલ રેટ રેપો મિકેનિઝમ હેઠળ, મધ્યસ્થ બેંક ચલિત વ્યાજ દરો પર ટૂંકા ગાળાના ભંડોળ પૂરા પાડે છે, જેનાથી બેંકો તેમની જરૂરિયાતોના આધારે લિક્વિડિટી સપોર્ટ માટે બિડ કરી શકે છે. આરબીઆઈના આ પગલાનો મુખ્ય હેતુ ટૂંકા ગાળાની રોકડની વધઘટને મેનેજ કરવાનો અને મની માર્કેટમાં યોગ્ય વ્યવસ્થા જાળવી રાખવાનો છે.

આ સપ્તાહના અંતમાં ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સની ચૂકવણીને લગતા વધારાના આઉટફ્લોના કારણે આગામી દિવસોમાં બેન્કિંગ સિસ્ટમમાં રોકડની ખેંચ હજુ વધુ જોવા મળે તેવી ધારણા છે. સીઝનલ ટેક્સ સંબંધિત દબાણો વચ્ચે માર્કેટના સહભાગીઓ આ બદલાતી લિક્વિડિટીની સ્થિતિ પર નજીકથી નજર રાખી રહ્યા છે.

આંકડાકીય માહિતી જોઈએ તો, ૧૬ માર્ચના રોજ બેન્કિંગ સિસ્ટમમાં સરપ્લસ લિક્વિડિટી આશરે ૭૫,૪૮૩.૬૩ કરોડ રૂપિયા હતી, જે એડવાન્સ ટેક્સની ચૂકવણી પહેલા ૧૫ માર્ચના રોજ નોંધાયેલા ૨.૦૮ લાખ કરોડ રૂપિયા કરતા ઘણી ઓછી છે. આ મોટો ઘટાડો નાણાકીય વર્ષના અંતિમ સપ્તાહોમાં સિસ્ટમની લિક્વિડિટી પર ટેક્સ આઉટફ્લોની સીધી અસર દર્શાવે છે.

જાન્યુઆરી ૨૦૨૬ થી આરબીઆઈએ સરકારી સિક્યોરિટીઝની ઓપન માર્કેટ ખરીદી દ્વારા ૩.૫૦ લાખ કરોડ રૂપિયાની લિક્વિડિટી સિસ્ટમમાં દાખલ કરી છે. તાજેતરના મહિનાઓમાં આરબીઆઈ ઓવરનાઈટ મની માર્કેટ રેટને નિયંત્રણમાં રાખવા માટે સક્રિયપણે સિસ્ટમમાં રોકડ ઉમેરી રહી છે, જેના પરિણામે ઓવરનાઈટ રેટ પોલિસી રેપો રેટથી સતત નીચે રહ્યા છે.

## (છેલ્લા પાનાનું ચાલુ)

### પૂ. જગાબાપા...

સાંથલ, ભુવાજી વિજયભાઈ સુવાડા, આશ્રમના કવિરાજ દડુભા કરપડા, મોજી રમકડુ, ઋષભભાઈ આહીર, સ્ટેજ સંચાલક રવિન્દ્રભાઈ સોલંકી, ભાવિકોને સાહિત્ય રસ - ભકિતરસ પિરસશે સંતવાણીનું સંચાલન કુશા મહારાજ અને દાદુભાઈ રબારી કરશે. આ પાવન અવસરે પાટડી ઉદાસી આશ્રમના મહંત પૂ. ભાવેશબાપુ અને લઘુમહંત પૂ. વૈભવબાપુ ભાવિકોને આશિવર્ચન પાઠવશે. સંત શિરોમણી પૂ. જગાબાપાની ૧૩મી પૂણ્યતિથીએ યોજાનારા ભાવવંદના રૂપ ભકિતસભર કાર્યક્રમમાં ઉમટી પડવા સીતારામ પરિવાર દ્વારા ભાવિકોને સ્નેહ નિતરતું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

### રોડ કોન્ટ્રાકટરો...

કરવામાં આવી રહ્યું છે. બજેટમાં આ માટે રૂ. ૨૪૦ કરોડની નવી જોગવાઈ કરાઈ છે.

તદુપરાંત, તાલુકા અને જિલ્લા કનેક્ટિવિટી અંગે કહેવામાં આવ્યું હતું કે, રાજ્યના ૨૬૭ તાલુકા મથકોને જોડતા રસ્તાઓના મજબૂતીકરણ માટે રૂ.૯૨૭ કરોડની નવી જોગવાઈ કરવામાં આવી છે. મુખ્ય મંત્રી ગ્રામ સડક યોજના હેઠળ સમૃદ્ધ ગ્રામ થકી સમૃદ્ધ ગુજરાતના સંકલ્પ સાથે ગ્રામીણ રસ્તાઓ માટે રૂ.૫,૬૦૩ કરોડની જંગી જોગવાઈ કરવામાં આવી છે.

નમો શક્તિ અને સોમનાથ-દ્વારકા એક્સપ્રેસ-વે અંગે મંત્રીએ કહ્યું હતું કે, ડીસા-સુરેન્દ્રનગર-પીપાવાવને જોડતો ૪૩૧ કિ.મી.નો નમો શક્તિ એક્સપ્રેસ-વે કુલ ૯ જિલ્લાઓને સાંકળી લેશે. જેના પરિણામે મુસાફરીનો સમય ૭.૩૦ કલાકથી ઘટીને માત્ર ૪ કલાક થશે અને આશરે ૩ થી ૩.૩૦ કલાકની બચત થશે.

તેવી જ રીતે, રૂ. ૫૭,૧૨૦ કરોડના ખર્ચે ૬૮૦ કિ.મી. લંબાઈ ધરાવતો સોમનાથ-દ્વારકા એકસપ્રેસ-વે પણ કુલ ૯ જિલ્લાઓને જોડશે. જેના પરિણામે અમદાવાદથી દ્વારકા પહોંચવાનો સમય પણ ૩ કલાક ઘટશે. આ ઉપરાંત અમદાવાદ-મહેસાણા ૮-લેન પ્રોજેક્ટ હેઠળ રૂ. ૨,૬૩૦ કરોડના ખર્ચે ૪૮ કિ.મી.ના આ માર્ગ પર એલિવેટેડ ફ્લાયઓવર અને ૮ નવા ફલાયઓવર બનાવવામાં આવશે.

કોસ્ટલ હાઈવે અને પરિક્રમા પથ અંગે મંત્રીએ જણાવ્યું હતું કે, દેશના સૌથી લાંબા દરિયાકિનારાના વિકાસ માટે ઉમરગામથી નારાયણ સરોવર સુધીનો ૧૦ મીટર પહોળો કોસ્ટલ હાઈવે બનાવવામાં આવી રહ્યો છે. આ પ્રોજેક્ટથી મત્સ્ય ઉદ્યોગ, પ્રવાસન અને રાષ્ટ્રીય સુરક્ષાને બળ મળશે. સાથે જ, પરિક્રમા પથ યોજના હેઠળ એક્સટ્રીમ આઉટર રિંગ રોડ અને ઈનર રિંગ રોડ દ્વારા આંતરરાજ્ય કનેક્ટિવિટી પણ સુદ્રઢ થશે.

તેમણે જણાવ્યું હતું કે, પર્યાવરણની સુરક્ષા સાથે રસ્તા નિર્માણ માટે ગુજરાત નવી ટેકનોલોજી અપનાવી રહ્યું છે. વેસ્ટ પ્લાસ્ટિક, કોલ્ડ મિક્સ અને સિમેન્ટ સ્ટેબિલાઈઝેશન જેવી પદ્ધતિઓથી 'ગ્રીન રોડ' બનાવવામાં આવશે. જંબુસર ખાતે ૧૦ કિ.મી.નો પાયલોટ પ્રોજેક્ટ રૂ.૫૦ કરોડના ખર્ચે આ ટેકનોલોજીથી સાકાર થઈ રહ્યો છે, જે કાર્બન ઉત્સર્જન ઘટાડવામાં મદદરૂપ થશે.

ગરવી ગુજરાત હાઈ-સ્પીડ કોરિડોર અંતર્ગત રાજ્યના ૧૨ કોરિડોરની અંદાજિત ૧૦૩૨.૮૨ કી.મી. લંબાઈને રૂ.૭૨૪૬.૭૮ કરોડના ખર્ચે હાઈ-સ્પીડ તરીકે વિકસાવવાની મંજૂરી મળી છે. આ ૧૨ હાઈ સ્પીડ કોરીડોર બનવાથી ગુજરાતના દરેક ખુણા જોડાશે અને એકધારી ઝડપે સલામતી સાથે મુસાફરી શકય બનશે. આ બજેટ માત્ર આંકડા નથી પરંતુ ગુજરાતના વિકાસ વિઝનની ગાથા છે.

### 'પી.એમ. રાહત' યોજના...

હોસ્પિટલોમાં આપવામાં આવે છે. આ સુવિધામાં મુખ્યત્વે ટ્રોમા, સર્જિકલ અને પોલીટ્રોમા જેવી ગંભીર ઈજાઓની સારવારનો સમાવેશ થાય છે. આ યોજના માત્ર ભારતીય નાગરિકો જ નહીં, પરંતુ ભારતની મુલાકાતે આવેલા વિદેશી નાગરિકો માટે પણ ઉપલબ્ધ છે. હોસ્પિટલોમાં કલેમની પ્રક્રિયા એનએચએ ના ટીએમએસ પોર્ટલ મારફતે ઓનલાઈન કરવામાં આવે છે, જિલ્લા કલેકટર એસ.કે. પ્રજાપતિ અને જિલ્લા વિકાસ અધિકારી ડો. હસરત જૈસમીનના માર્ગદર્શન તેમજ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ના આયોજન હેઠળ મહેસાણા જિલ્લામાં આ યોજનાનો અસરકારક પ્રારંભ થયો છે. જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે, માર્ગ અકસ્માત જેવી દુર્ઘટના સમયે સમય ગુમાવ્યા વગર નજીકની સંલગ્ન હોસ્પિટલનો સંપર્ક કરી ''પીએમ-રાહત'' યોજના હેઠળ તાત્કાલિક સારવાર મેળવવી જોઈએ.

### ટેકનિકલ કોલેજોની ફી...

જેમણે હાલમાં જે ફી છે તે પૈકી કોઈપણ પ્રકારનો વધારો માગ્યો નથી.

ફી કમિટી સમક્ષ ૨૧ સંસ્થાઓએ કોઈપણ પ્રકારની દરખાસ્ત જ રજૂ કરી નથી. આ કોલેજો સામે આગામી દિવસોમાં કમિટી દ્વારા કાર્યવાહી કરવામાં આવશે. આજ રીતે ૧૨ સંસ્થાઓ એવી છે કે, જેણે પોતાના ટેકનિકલ કોર્સ બંધ કરવા માટે દસ્તાવેજો કમિટીની સુપ્રત કર્યા છે. ૫ ટકાથી ઓછો વધારો માંગનારી કોલેજો પૈકી ૬ કોલેજોએ કોઈ દસ્તાવેજો મોકલ્યા નથી, ૪૧ કોલેજોની ફી જાહેર કરવામાં આવી નથી. ૧૦૩ સંસ્થાઓએ ૫ ટકાથી વધારે ફી વધારો માગ્યો હોવાથી આગામી દિવસોમાં દસ્તાવેજોની ચકાસણી કરીને નવી ફી જાહેર કરવામાં આવશે.

# ગોંડલ: મૈત્રી કરાર તોડતા બિભત્સ ફોટા બનાવી પ્રેમીકાને બદનામ કરવાનો પ્રયાસ

**અબતક, રાજકોટ**

ગુંદાસરા ગામના આશિષ રમેશભાઈ રામોલિયા (ઉં.વ. ૩૨) એ ભોગ બનનાર પરિણીતાને પોતે અપરિણીત હોવાનું ખોટું કહી વિશ્વાસમાં લીધી હતી. આરોપીએ પરિણીતા સાથે મૈત્રી કરાર કર્યા હતા અને તેની સાથે શારીરિક સંબંધો બાંધ્યા હતા. જોકે, બાદમાં આરોપી પોતે પરિણીત હોવાની જાણ થતા પરિણીતાએ તેની સાથેના મૈત્રી કરાર તોડી નાખ્યા હતા.

પરિણીતાએ મૈત્રી કરાર તોડી નાખ્યા બાદ આશિષે મૈત્રી તેને બદનામ કરવા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના માધ્યમથી પરિણીતાના ચહેરાનો ઉપયોગ કરી ખોટા અને બિભત્સ ફોટા બનાવ્યા હતા.આ ફોટાઓ દ્વારા સોશિયલ મીડિયા કે અન્ય માધ્યમોથી તેણીને સમાજમાં બદનામ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.પરિણીતાએ છેડો ફાડી નાખતા ઉશ્કેરાયેલા આરોપીએ આટલેથી ન અટકીને પરિણીતાના ઘર પાસે જઈ હંગામો મચાવ્યો હતો.આ ઉપરાંત, તેણે પરિણીતાના પતિને પણ ફોન પર ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનો ઉલ્લેખ ફરિયાદમાં કરાયો છે.

# દુ:ખદ અવસાન

## સદ્‌ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

**ગોંડલ:** સામદેવી શ્રીમાળી બ્રાહ્મણ સ્વ. જયંતિલાલ લક્ષ્મીશંકર ત્રિવેદીના પુત્ર અતુલભાઈ (ઉ.વ.૫૯) તે સ્વ. અશ્વિનભાઈ, જીતેન્દ્રભાઈ, સ્વ. મુકેશભાઈના ભાઈ, મિતેષ અશ્વિનભાઈ ત્રિવેદી, કૌશલ જીતેન્દ્રભાઈ ત્રિવેદી, કિશનભાઈ ત્રિવેદી, કૌશલ જીતેન્દ્રભાઈ ત્રિવેદી, જીલભાઈ ત્રિવેદીના કાકાનું તા. ૧૭ ના રોજ મંગળવારે અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૧૯ ના ગુરુવારે ૪ થી ૬ બેનાણી વાડી વચલી શરી નાની બજાર ગોંડલ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** નવીનચંદ્ર મહેતા (પતિરા) (ઉ. ૮૦) તે શૈલાબેન ના પતિ, સ્વ.ધીરજલાલ રામજીના પુત્ર, ભાવેશ, સેજલના પિતા, સંગીતા, રિતેશ ચોક્સીના સસરા, વૃષ્ટિ દર્શના દાદા, નિયતિના નાના, સ્વ. કિશોરભાઈ, સ્વ. પ્રવીણભાઈ, સ્વ.અનિલભાઈ, સ્વ.પ્રતાપભાઈ, સ્વ.જીતુભાઈ, સ્વ. પદમાંબેન, સ્વ. ભારતીબેન, પ્રદીપભાઈ ના ભાઈ, સ્વ.રમણીકલાલ ભગવાનદાસ પારેખના જમાઈનું તા.૧૭/૩ ના રોજ અવસાન થયેલ છે તેમનું ઉઠમણું તા.૧૯/૩/ ગુરૂવાર ના રોજ સદર ઉપાશ્રય સવારે ૧૦.૩૦ કલાકે રાખેલ છે

**રાજકોટ:** મુળ ગામે ખરેડી નિવાસી હાલ રાજકોટ દિલીપભાઈ મગનલાલ રાયચુરા (ઉ.વ.૭૫) તે મગનલાલ માવજીભાઈના પુત્ર, ગૌ.વા. લલીતભાઈ, ગૌ.વા. નલીનભાઈ, ગૌ.વા. દિનેશભાઈ, જગદીશભાઈ, જીતુભાઈ, બીપીનભાઈના ભાઈ, કુંજનભાઈ, સુરભીબેન, ધારાબેનના પિતા, મનીષકુમાર નટવરલાલ મહેતાના સસરા ગૌ.વા. રામજીભાઈ કરશનભાઈ તન્નાના જમાઈનું તા. ૧૫ ના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તથા પિયર પક્ષની સાદડી તા. ૧૯ ને ગુરુવારના રોજ સિધ્ધેશ્વર મહાદેવ મંદિર, સરીતા વિહાર સોસાયટી, યુનિ. રોડ, રાજકોટ ખાતે સાંજના ૫ થી ૬ કલાકે રાખેલ છે. લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# અંજાર નગરપાલિકાના સેવા સેતુ કેમ્પમાં ૧૫૮ અરજીઓનો સ્થળ પર જ નિકાલ

## નાયબ કલેક્ટર અને વહીવટદારના અધ્યક્ષ સ્થાને વોર્ડ નં.૧થી ૫ના નાગરિકોને ઘર આંગણે સરકારી યોજનાઓના લાભો અપાયા



**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

રાજ્ય સરકારના જનકલ્યાણકારી અભિગમને વેગ આપવા માટે અંજાર નગરપાલિકા દ્વારા અગિયારમાં તબક્કાના પ્રથમ 'સેવાસેતુ' કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. વહીવટદાર અને નાયબ કલેક્ટર સુરેશભાઈ ચૌધરીના અધ્યક્ષ સ્થાને નગરપાલિકાના મુખ્ય સભાખંડ ખાતે આ કેમ્પ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં વોર્ડ નંબર ૧ થી ૫ ના રહેવાસીઓ તરફથી મળેલ કુલ ૧૫૮ અરજીઓનો સ્થળ પર જ હકારાત્મક નિકાલ કરવામાં આવ્યો હતો. મામલતદાર, ચીફ ઓફિસર અને વિવિધ સરકારી વિભાગોના અધિકારીઓની ઉપસ્થિતિમાં નાગરિકોને આવકના દાખલા, રેશનકાર્ડ, હેલ્થ કાર્ડ અને પી.જી.વી.સી.એલ. જેવી વિવિધ કચેરીઓને લગતી સેવાઓ એક જ સ્થળે પૂરી પાડવામાં આવી હતી. અધિકારીઓ અને નગરપાલિકાના સ્ટાફની જહેમતથી સેંકડો નાગરિકોને સરકારી કચેરીઓના ધક્કા ખાવામાંથી મુક્તિ મળી હતી.

# ધ્રાંગધ્રા નગરપાલિકા ખાતે 'સેવા સેતુ' કાર્યક્રમનું સફળ આયોજન: અરજીઓનો ત્વરિત નિકાલ

## મામલતદાર અને ચીફ ઓફિસરની હાજરીમાં આધાર કાર્ડથી લઈ આરોગ્ય સુધીની સેવાઓ એક જ છત નીચે ઉપલબ્ધ કરાવાઈ

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**



રાજ્ય સરકારના જનકલ્યાણકારી અભિગમને સાર્થક કરવાના હેતુથી ધ્રાંગધ્રા નગરપાલિકા ખાતે 'સેવા સેતુ' કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દ્વારા સરકારી કચેરીઓના ધક્કા ખાવાને બદલે નાગરિકોને એક જ સ્થળે તમામ જરૂરી સેવાઓ અને યોજનાઓનો લાભ અત્યંત સરળતાથી પૂરો પાડવામાં આવ્યો હતો. આ કેમ્પ દરમિયાન વિવિધ સરકારી વિભાગો દ્વારા સ્ટોલ લગાવીને સ્થળ પર જ કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં આધાર કાર્ડ અપડેટ કરવા, જાતિના પ્રમાણપત્રો મેળવવા, ચૂંટણી કાર્ડ, રેશનકાર્ડ તેમજ જન્મ-મરણના દાખલા જેવી મહત્વની સેવાઓ માટેની અરજીઓ સ્વીકારીને તેનો ત્વરિત ઉકેલ લાવવામાં આવ્યો હતો. આ ઉપરાંત, શહેરીજનો માટે તબીબી સેવાઓ અને આરોગ્ય તપાસની વ્યવસ્થા પણ રાખવામાં આવી હતી, જેનો મોટી સંખ્યામાં લોકોએ લાભ લીધો હતો.

કાર્યક્રમમાં ધ્રાંગધ્રા મામલતદાર બળદેવભાઈ પટેલ અને નગરપાલિકાના ચીફ ઓફિસર મંટીલકુમાર પટેલ સહિતના ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારીઓ હાજર રહ્યા હતા. અધિકારીઓએ અરજદારો સાથે સીધો સંવાદ કરી તેમની સમસ્યાઓનું ઝડપી નિરાકરણ લાવવા માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. એક જ સ્થળે અનેક કામગીરી પૂર્ણ થતા લોકોના સમય અને શક્તિની બચત થઈ હતી, જેને કારણે ધ્રાંગધ્રાની જનતામાં ખુશી અને સંતોષની લાગણી જોવા મળી હતી.

# ગાંધીધામમાં ગેસના ભાવવધારા સામે મહિલા કોંગ્રેસ દ્વારા ઉગ્ર વિરોધ: નારા સાથે 'બાટલાની નનામી' કાઢી

## ગેસની અછત અને કાળાબજારી મુદ્દે મહિલાઓએ ગાંધી માર્કેટથી મામલતદાર કચેરી સુધી રેલી યોજી

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**



ગાંધીધામમાં ગેસના બાટલાના અસહ્ય ભાવવધારા, અછત અને વધી રહેલી કાળાબજારીના વિરોધમાં ગાંધીધામ મહાનગર મહિલા કોંગ્રેસ તેમજ શહેર અને તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા રણશિંગુ ફૂંકવામાં આવ્યું હતું. ગુજરાતમાં સંભવતઃ પ્રથમ વખત અનોખો વિરોધ પ્રદર્શન કરતા મહિલાઓએ ગેસના બાટલાની પ્રતીકાત્મક 'નનામી' કાઢીને સરકારની નીતિઓ સામે રોષ વ્યક્ત કર્યો હતો.

ગાંધી માર્કેટથી મામલતદાર કચેરી સુધી યોજાયેલી આ રેલીમાં મોટી સંખ્યામાં મહિલા કાર્યકરો જોડાયા હતા. 'રામ નામ સત્ય છે' અને સરકાર વિરોધી સૂત્રોચ્ચાર સાથે મામલતદારને આવેદનપત્ર પાઠવી પ્રજાની હાલાકી સત્વરે દૂર કરવા માંગ કરવામાં આવી હતી. આક્રમક રજૂઆત બાદ મામલતદારે આ પ્રશ્નોના હકારાત્મક ઉકેલ લાવવાની ખાતરી આપી હતી.

આ વિરોધ પ્રદર્શનમાં પ્રમુખ ભરતભાઈ ગુપ્તા, રાધાસિંહ ચૌધરી અને ઉમાબેન સૈનીની આગેવાની હેઠળ પ્રદેશ જઈ આગેવાન કોકિલાબેન ધેડા, ઘઈઈ પ્રમુખ લતીફભાઈ ખલીફા, જિલ્લા મંત્રી ભરત મ્યાત્રા, બિંદુ યાદવ, દશરથસિંહ ખગારોત સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત પૂર્વ કાઉન્સિલરો શિવરાજ ગઢવી, ઝવેરબેન મહેશ્વરી, યુવા કોંગ્રેસ પ્રમુખ વિશાલ ધેડા, તેમજ જુમ્માબેન મહેશ્વરી, મરિયમબેન માંજોઠી, બેલાબેન જોશી, નવીન અબચુંગ, નરેન્દ્રભાઈ કેલા, સબીરભાઈ કુરેશી, બાબુ આહીર, બિજલ આહીર, અશરફ માંજોઠી, અરુણ હારાણી અને સોમાભાઈ પરમાર સહિતના કાર્યકરોએ બહોળી સંખ્યામાં જોડાઈને વિરોધને વેગ આપ્યો હતો.

# સાબરકાંઠા: સાંસદ રમીલાબેન બારાની ઉપસ્થિતિમાં વિજયનગર બસ સ્ટેશનનું ભૂમિપુજન




**અબતક, સંજય દિક્ષિત, સાબરકાંઠા**

સાબરકાંઠા જીલ્લાના વિજયનગર ખાતે રમીલાબેન બારા (રાજયસભા સાંસદ) ની પ્રેરક ઉપસ્થિતિમાં બસ સ્ટેશનનું ભૂમિ પૂજન કાર્યક્રમ યોજાયો હતો જેમાં આ પ્રસંગે કનુ પટેલ (પ્રમુખ ભાજપ સા.કાં),ડો. પરેશ પટેલ (પ્રમુખ ભાજપ વિજયનગર),તેજા પટેલ, આર.જે.પાંડોર,મંજુલાબેન (સરપંચ),ફૂલવંતીબેન સોલંકી (તાલુકા પંચાયત પ્રમુખ),મયુર શાહ (મંત્રી સા.કાં.),સંગઠન હોદ્દેદારો તેમજ વેપારી એસોસિયેશન, વિજયનગર ગામના ગ્રામજનો, ડોક્ટર એસોસિએશન,તમામ સમાજના અગ્રણીઓ તેમજ મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહી આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# સરહદ ડેરી દ્વારા અકસ્માતે જીવ ગુમાવનાર પશુપાલકના વારસદારને રૂ.૧ લાખની વીમા સહાય અર્પણ કરાય

## ભુજ તાલુકાની કુનરિયા દૂધ મંડળીના સભાસદ સ્વ.ગીતાબેન કેરાસિયાના પરિવારને ચેક અપાયો

**અબતક, ભારતી માખીજાણી, અંજાર**



કચ્છ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. સરહદ ડેરી દ્વારા પશુપાલકોના કલ્યાણ માટે ચલાવવામાં આવતી વીમા યોજના અંતર્ગત વધુ એક વારસદારને આર્થિક સહાય પૂરી પાડવામાં આવી છે. સરહદ ડેરી સાથે સંકળાયેલા અને નિયમિત દૂધ ભરાવતા પશુપાલકો માટે ન્યુ ઈન્ડિયા ઈન્સ્યોરન્સ કંપની મારફતે અકસ્માત વીમા યોજના અમલી છે, જેમાં પશુપાલકના આકસ્મિક મૃત્યુના કિસ્સામાં તેમના પરિવારને ₹૧ લાખની સહાય આપવામાં આવે છે.

આ યોજના હેઠળ ભુજ તાલુકાના લોરીયા સેન્ટરની કુનરિયા દૂધ મંડળીમાં દૂધ ભરાવતા પશુપાલક સ્વ. ગીતાબેન કાનજી કેરાસિયાનું અકસ્માતમાં અવસાન થતા, તેમના વારસદાર કાનજી લખમણ કેરાસિયાને રૂ ૧,૦૦,૦૦૦ નો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો.

આ તકે નોટીયાર ભાખરી દૂધ મંડળીના મંત્રી ભરતભાઈ કાનજી આહિર અને નોખણીયા દૂધ મંડળીના મંત્રી રમેશભાઈ આહિર ખાસ ઉપસ્થિત રહ્યા હતા. દૂધ સંઘના તમામ ડાયરેક્ટરઆઓ અને કર્મચારીઓએ દિવંગત આત્માને શ્રદ્ધાંજલિ અર્પી પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી.

# મુળીના ખાખરાળામાં સફેદ માટીના ગેરકાયદે ખનન પર તંત્રની તવાઈ: રૂ.૧.૭૮ કરોડની મતા જપ્ત

## ચોટીલાના ડે. કલેકટર એચ.ટી. મકવાણાનો સપાટો: ખાખરાળા ગામના સરપંચ તલાટી મંત્રી સામે કાર્યવાહીના આદેશ

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**



સુરેન્દ્રનગરના મુળીમાં ગેરકાયદેસર ખનન પર તંત્રએ તવાઈ ઉતારતા ભુમાફીયાઓમાં ફફડાટ ફેલાયો છે. મુળીના ખાખરાળાની સીમમાં ચાલતી સફેદ માટીના ગેરકાયદે ખનન પર ચોટીલા ડે.કલેકટર એચ.ટી. મકવાણાની ટીમે દરોડો પાડી ડમ્પરો, ટ્રેકટરો, ટ્રોલી સહીત રૂ. ૧.૭૮ કરોડનો મુદામાલ કબ્જે લેવાતા ફફડાટ ફેલાયો છે.

મુળી તાલુકાના ખાખરાળા ગામમાં આવેલ ધાવડીમાં મંદિર વિસ્તારની આસપાસ આવેલ સરકારી જમીનમાં સરપ્રાઈઝ ચેકીંગ કરતા ગેરકાયદેસર સફેદ માટી (ચાઈના કલે.)નું ખનન ઝડપાયું હતું અને સ્થળ પર થી ૧ ડમ્પર, ૩ ટ્રેક્ટર ટ્રોલી સાથે, ૨ ડમ્પર સહિત કૂલ રૂ.૧.૭૮ કરોડનો મુદામાલ કબજે કરી તમામ મુદામાલ ચોટીલા મામલતદાર કચેરી ખાતે ખસેડવામાં આવ્યો હતો. ગેરકાયદેસર સફેદ માટીનું ખનન કરનાર વાહન માલિકો હરીભાઈ જોગરાણા ખાખરાળા અને ડમ્પરના માલિકો પ્રવીણભાઈ મનુભાઈ ગોવાળિયા રહે. રાયપર જી.બોટાદ અને તરકટા ગોપાલભાઈ વેરશીભાઈ રહે.ઉંમરડા તા. મુળી.વાળા સામે લેન્ડ ગ્રેબિંગ અને તડીપાર અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. તેમજ ખાખરાળા ગામના તલાટી કમ મંત્રી અને સરપંચ સામે પણ શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરાઈ હતી. જ્યારે ચોટીલા ડેપ્યુટી કલેકટર એચ.ટી.મકવાણાની રેઈડ થી ભૂમાફિયાઓમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો હતો.

# સાબરકાંઠા: વડાલી તાલુકા પંચાયતના સદસ્યોને સન્માન સમારોહ સાથે આપી વિદાય



**અબતક, સંજય દીક્ષીત, સાબરકાંઠા**

વડાલી તાલુકા પંચાયતની પાંચ વર્ષની ટર્મ પૂર્ણ થતાં તાલુકા પંચાયત ખાતે સન્માન સમારંભ યોજાયો હતો. પંચાયતમાં ફરજ બજાવતા સદસ્યોનું શાલ ઓઢાડી ફુલહારથી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સાબરકાંઠા જિલ્લા પૂર્વ પ્રમુખ, વડાલી તાલુકા ભાજપ પ્રમુખ કનુભાઈ પટેલ, મહામંત્રી ગીરીશભાઈ બ્રહ્મભટ્ટ સહિત સંગઠનના હોદેદારો ઉપસ્થિત રહ્યા હતા.

# બગસરા-જેતપુર બાયપાસ માટે સંપાદીત જમીનનું ખેડુતોને વળતર ચુકવવા માંગ

## ૨૫ વર્ષ પૂર્વે કપાત જમીનનું તાકીદે વળતર ચુકવવા સવા વર્ષ પહેલા કોર્ટે હુકમ કર્યો તો

**અબતક, સમીર વિરાણી, બગસરા**



બગસરા-જેતપુર બાયપાસ માટે ૨૫ વર્ષ પૂર્વ ખેડુતોની કપાત જમીનનું વળતર ચુકવવા પ્રશ્ને ૧૫ મહિના પુર્વે કોર્ટના આદેશ છતા ખેડુતોને વળતર ન ચુકવાતા ખેડુતોમાં રોષ સાથે તાકીદે વળતરની માંગ કરવામાં આવી છે.

૨૫ વર્ષ પૂર્વે ૬ કિલોમીટર લાંબા બગસરા જેતપુર બાયપાસમાં ખેડૂતોની લાખો ચોરસ મીટર કિંમતી ખેતીની જમીન સંપાદન બાદ તંત્ર દ્વારા વળતર પેટે ચોરસ મીટરના માત્ર રૂ.૧૧ થી રૂ.૨૫ જેવું મામૂલી રકમ ચૂકવતા ખેડૂતોએ યોગ્ય વળતર માટે કોર્ટમાં દાવો કરેલો પરંતુ દોઢ દાયકાની અનેક તારીખો બાદ પંકાયેલા ન્યાયતંત્રએ હુકમ કરેલ જેને આજે ૧૫ માસ થવા છતાં વળતર ન ચૂકવતા ખેડૂતોનું પ્રતિનિધિ મંડળ જિલ્લા કક્ષાએ રજૂઆત કરવા માટે ગયેલા ત્યાં અધિકારીઓ દ્વારા એકબીજાને ખો આપતા ખેડૂતોમાં નારાજગી જોવા મળેલી હતી.

બગસરા જેતપુર બાયપાસ નિર્માણ માટે જમીન સંપાદનમાં તારીખ ૨૪ - ૬ - ૧૯૯૯ માં જાહેરનામું બહાર પાડી ૬ કિલોમીટર લાંબા બગસરા જેતપુર બાયપાસમાં બગસરાના ૭૯ ખેડૂત ખાતેદારોની લાખો ચોરસ મીટર ખેતીની કિંમતી જમીન એકવાયર બાદ તંત્ર દ્વારા ચોરસ મીટરના માત્ર રૂપિયા ૧૧ થી ૨૫ જેવું મામૂલી વળતર ચૂકવતા ખેડૂતોએ યોગ્ય વળતર માટે ન્યાયતંત્રનો આશરો લીધેલ અને ૨૦૦૧ માં સિવિલ કોર્ટ અમરેલીમાં કેસ દાખલ કરેલ ૧૭ વર્ષ બાદ એટલે કે ૨૦૧૭ માં કોઈપણ જાતના નિર્ણય વગર આ કેસને ધારી સિવિલ કોર્ટ (એસ.ડી) માં કેસ ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો ત્યાં પણ અનેક તારીખો બાદ ૮ વર્ષ એટલેકે ૨૦૨૪ માં ૨૫ વર્ષ બાદ ચોરસ મીટર દીઠ ૧૬૮ ચૂકવવા હુકમ કરેલ.

આમ ખેડૂતોની હાલત બાર વર્ષે બાવો બોલ્યો જેવી હાલત થઈ ૨૫ - ૨૫ વર્ષની લડત બાદ રૂ.૨૫ માંથી ૧૬૮ જેવી રકમ ચૂકવવા હુકમમાં ખેડૂતોને નારાજગી જોવા મળી હતી. તેમ છતાં કોર્ટના આદેશ મુજબ વળતર માટે તમામ ખેડૂતો સંમત થયેલ કોર્ટના હુકમને ૧૫ - ૧૫ મહિના વિતવા છતાં તંત્ર દ્વારા વળતરની રકમ ચૂકવવા કોઈ કાર્યવાહી ન થતાં ખેડૂતોનું એક પ્રતિનિધિ મંડળ જિલ્લા કક્ષાએ અમરેલી મંત્રી કૌશિકભાઈ વેકરીયાને મળેલ તેમણે પ્રાંત અધિકારી પાસે મોકલેલ પ્રાંત અધિકારીએ કાર્યપાલક ઈજનેર પાસે મોકલતા ખેડૂતોમાં રોષ ભભૂકી ઊઠ્યો છે. અને વળતર ચુકવવા માંગ કરી છે.

# દીનદયાલ પોર્ટ પર ડીઝલ સપ્લાય ઠપ્પ થતા શિપિંગ ઉદ્યોગ પર આર્થિક સંકટના વાદળો

## ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સે પોર્ટના ચેરમેનને પત્ર લખી તાત્કાલિક હસ્તક્ષેપની માંગ કરાય

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

વૈશ્વિક સ્તરે ચાલી રહેલા અખાતી યુદ્ધની સીધી અસર હવે દેશના અગ્રણી દીનદયાલ પોર્ટ, કંડલા પર જોવા મળી રહી છે. પોર્ટ પર અચાનક ડીઝલ સપ્લાય બંધ થઈ જતાં સમગ્ર શિપિંગ ઉદ્યોગ અને ટ્રેડ જગતમાં ફફડાટ વ્યાપી ગયો છે. ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીએ આ મામલે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે અને પોર્ટ ઓથોરિટીના ચેરમેન સુશીલ કુમાર સિંઘને રજૂઆત કરી તાત્કાલિક ઉકેલ લાવવા માંગ કરી છે.

ચેમ્બર પ્રમુખ તેજાભાઈ કાનગડે જણાવ્યું હતું કે, ડીઝલ એ પોર્ટની કામગીરી માટે લાઈફલાઈન સમાન છે. પોર્ટમાં કાર્યરત ક્રેન્સ, જનરેટર્સ, ટ્રક્સ, લોડર્સ અને એક્સ્કાવેટર્સ સંપૂર્ણપણે ડીઝલ પર નિર્ભર છે. ખાનગી સપ્લાયર્સ દ્વારા સપ્લાય અચાનક બંધ કરાતા કાર્ગો લોડિંગ અને અનલોડિંગની પ્રક્રિયા ઠપ્પ થઈ શકે છે. જો સમયસર ડીઝલ ઉપલબ્ધ નહીં થાય તો આગામી દિવસોમાં આવનારા વહાણોના ચક્રને કારણે કાર્ગો ઈવેક્યુએશનમાં મોટો વિલંબ થશે, જેની અસર દેશભરના ઉદ્યોગોના કાચા માલના પુરવઠા પર પડશે.

માનદ મંત્રી મહેશ તીર્થાણીએ પરિસ્થિતિની ગંભીરતા સમજાવતા કહ્યું કે, પોર્ટ યુઝર્સે ગત અઠવાડિયે સ્થાનિક રિટેલ આઉટલેટ્સ પરથી ડીઝલ મેળવી કામ ચલાવ્યું હતું, પરંતુ હવે ત્યાં પણ સપ્લાય મર્યાદિત બનતા સ્થિતિ વિકટ બની છે. આ સંકટ માત્ર પોર્ટ પૂરતું સીમિત નથી, પરંતુ ટ્રાન્સપોર્ટ, લોજિસ્ટિક્સ અને મેન્યુફેક્ચરિંગ સેક્ટરને પણ લાખોનું નુકસાન કરાવી શકે છે.

નોંધનીય છે કે, દીનદયાલ પોર્ટ ઓથોરિટીએ તાજેતરમાં જ ૧૫૦ મિલિયન મેટ્રિક ટન કાર્ગો હેન્ડલિંગનો ઐતિહાસિક આંકડો પાર કર્યો છે. આવી પ્રગતિના સમયે જ ડીઝલ સંકટ ઉભું થવું તે દેશના ટ્રેડ માટે મોટો ફટકો સાબિત થઈ શકે છે. ગાંધીધામ ચેમ્બરના પ્રતિનિધિ મંડળે રૂબરૂ મુલાકાત લઈ ઓઈલ કંપનીઓ સાથે સંકલન સાધી પોર્ટ માટે ખાસ ડીઝલ નીતિ ઘડવા અનુરોધ કર્યો છે, જેથી દેશના આ મહત્વપૂર્ણ ગેટવે પોર્ટ પર કામગીરી અવિરત ચાલુ રહી શકે.

# બાબરા: વડલીવાળા મેલડી માતાજીના સાનિધ્યમાં કાલે નવલખો માંડવો અને મહાયજ્ઞ

## સામૈયા, શોભાયાત્રા, છપ્પન ભોગ, ભજન - કિર્તન સહિતના કાર્યક્રમોની વણઝાર

**અબતક, રાજકોટ**

બાબરાના જુના તળાવની પાળે બિરાજતા શ્રી વડલીવાળા મેલડી માતાજીના સાનિધ્યમાં ચૈત્રી નવરાત્રીના પાવન અવસરે ભવ્ય ધાર્મિક મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. વિક્રમ સંવત ૨૦૮૨, ચૈત્ર સુદ-૧ ને ૧૯ માર્ચ ૨૦૨૬ થી ચૈત્ર સુદ-૨ને ૨૦ માર્ચ ૨૦૨૬ દરમિયાન ૨૪ કલાકનો 'નવલખો માંડવો' અને શિવ-શક્તિ મહાયજ્ઞ યોજાશે.

આ મહોત્સવનો પ્રારંભ ૧૯ માર્ચના રોજ સવારે ૮:૦૦ કલાકે ધારપરા ખાતે આવેલા ચામુંડા માતાજીના મઢથી ભવ્ય સામૈયા સાથે થશે. વાજતે-ગાજતે નીકળનારી આ શોભાયાત્રા સમગ્ર બાબરા ગામમાં ભ્રમણ કરી બપોરે ૧૨:૦૦ કલાકે માતાજીના ધામ, જુના તળાવ ખાતે પહોંચશે.

ત્યારબાદ, ૨૦ માર્ચના રોજ સવારે ૮:૦૦ કલાકે સ્થંભ વધાવવાનું મુહૂર્ત અને સવારે ૯:૦૦ કલાકે મંડપ મુહૂર્ત રાખવામાં આવ્યું છે. આ પ્રસંગે માતાજી અને શ્રી દ્વારકાધીશ ભગવાનને છપ્પન ભોગ ધરવામાં આવશે, જેના દર્શન સવારે ૯:૦૦ થી સાંજે ૫:૩૦ સુધી ખુલ્લા રહેશે. માંડવાની પૂર્ણાહુતિ ૨૧ માર્ચના રોજ વહેલી સવારે ૫:૫૦ કલાકે થશે.

મંદિરના પરમ ઉપાસક અને સેવક રાજુભાઈ જે. જેઠવા (રાજકોટવાળા) દ્વારા છેલ્લા ૬ વર્ષથી અવિરતપણે શિવ-શક્તિ યજ્ઞ કરવામાં આવી રહ્યો છે. આ વર્ષે યજ્ઞનો સાતમો વર્ષમાં મંગલ પ્રવેશ થશે. લોક કલ્યાણ અર્થે આયોજિત આ યજ્ઞ કુલ ૧૦ વર્ષ સુધી નિત્ય ચાલશે. જાણીતા કલાકારો જેવા કે ઉદયભાઈ ધાધલ, અનુભાઈ ગઢવી, કિરીટદાન ગઢવી, રીયાઝભાઈ મીર અને કમલેશભાઈ ગઢવી ભજન-કીર્તનની રમઝટ બોલાવશે.

શ્રદ્ધાળુઓ માટે ૨૦ માર્ચના રોજ સવારે ૧૧:૦૦ થી ૨:૦૦ અને સાંજે ૭:૦૦ થી ૯:૩૦ દરમિયાન મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

શ્રી મેલડી માતાજી મંદિર સમિતિ અને વિવિધ સેવાભાવી યુવક મંડળો દ્વારા બાબરા તાલુકા અને અમરેલી જિલ્લાની ધર્મપ્રેમી જનતાને લાભ લેવા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે. વધુ માહિતી માટે સેવક રાજુભાઈ જેઠવા (મો.૯૮૯૮૦ ૮૬૯૮૬) પર સંપર્ક કરવા જણાવાયું છે.

### આઈપીએલ શરૂ થાય તે પહેલા જ

# ઈજાગ્રસ્ત ખેલાડીઓ બેગ્લોર, કોલકતા અને હૈદ્રાબાદ માટે માથાના દુખાવા સમાન બન્યાં!




## કોલકતાનો હર્ષિત રાણા આઈપીએલમાંથી બહાર: પથિરાના પણ ઈજાગ્રસ્ત, ટીમ બંનેનું રિપ્લેસમેન્ટ નહીં લે: રહેમાનની જગ્યાએ મુઝરબાનીને સિલેક્ટ કર્યો


## આઈપીએલ પહેલા રોહિત શર્મા ફીટ



રોહિત શર્મા ફરી એકવાર તૈયાર છે.આઈપીએલની આગામી સીઝન નજીક છે, અને ટીમોએ તેની તૈયારીઓ શરૂ કરી દીધી છે. આ દરમિયાન મુંબઈ ઈન્ડિયન્સના ભૂતપૂર્વ કેપ્ટન અને ઓપનિંગ બેટ્સમેન રોહિત શર્મા ઈન્ડિયન પ્રીમિયર લીગનીતૈયારી માટે મેદાનમાં ઉતર્યા છે.તેને પ્રેક્ટિસ દરમિયાન ફરી એકવાર આકાશને આંબી ગયેલી સિક્સર ફટકારી. આ વીડિયો હવે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.

રોહિત શર્માની વાત કરીએ તો તે હાલમાં ટીમનો કેપ્ટન નથી, પરંતુ તે થિંક ટેન્કમાં છે. તાજેતરના ભૂતકાળમાં તેની ફિટનેસ અંગે ઘણા સવાલો ઉભા થયા છે, પરંતુ હવે એવું લાગે છે કે તેને તેના પર કામ કર્યું છે. તેથી જ જ્યારે તે તૈયારી માટે મેદાનમાં ઉતર્યો ત્યારે તે એકદમ ફિટ જોવા મળ્યો હતો.

## રાહુલ દિલ્હી કેપિટલ્સ માટે ઓપનિંગ કરશે



આઈપીએલ ૨૦૨૬માં કે એલ રાહુલ ફક્ત દિલ્હી કેપિટલ્સનો ઓપનિંગ બેટ્સમેન જ નહીં, પરંતુ તેમનો વિકેટકીપર પણ હશે. અક્ષર પટેલની આગેવાની હેઠળની દિલ્હી ફ્રેન્ચાઈઝીએ આ બંને પ્રતિબદ્ધતાઓની પુષ્ટિ કરી છે. આઈપીએલ ૨૦૨૫માં કેએલ રાહુલ પ્રથમ ૧૧ મેચોમાં મિડલ ઓર્ડરમાં રમ્યો હતો. પરંતુ જેક ફ્રેઝર મેકગર્કના ખરાબ ઓપનિંગ પ્રદર્શનથી કંટાળીને દિલ્હી ફ્રેન્ચાઈઝીએ કેએલ રાહુલને ઈનિંગની શરૂઆત કરાવી. રાહુલે આ તક ઝડપી લીધી અને ટીમ માટે સારું પ્રદર્શન કર્યું.

## કેકેઆરને પથિરાના ફિટ થવાની આશા

શ્રીલંકાનો ફાસ્ટ બોલર મથીશા પથિરાના પણ ઈજાના કારણે હાલ ઉપલબ્ધ નથી. જોકે,કેકેઆર તેને રિપ્લેસ કરવા માગતી નથી કારણ કે ફ્રેન્ચાઈઝીને આશા છે કે તે આઈપીએલ દરમિયાન કોઈ સમયે ટીમ સાથે જોડાઈ શકે છે.કેકેઆરએ મેગા ઓક્શનમાં પથિરાનાને ૧૮ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો. સોમવારે તેના મેનેજરે કેકેઆર જર્સીમાં તેનો ફોટો શેર કર્યો હતો, જેનાથી તેની ટુર્નામેન્ટમાં રમવાની આશા વધી ગઈ છે.

## પેટ કમિન્સ અને જોશ હેઝલવુડ શરૂઆતની મેચ નહીં રમે!

ઈન્ડિયન પ્રીમિયર લીગની તારીખોની જાહેરાત સાથે, ટીમોએ તેમના કેમ્પ શરૂ કરી દીધા છે. આ કેમ્પ તે સ્થળોએ ગોઠવવામાં આવી રહ્યા છે જ્યાં તેમની ટીમો સિઝનની તેમની પહેલી મેચ રમશે. આ દરમિયાન એવું જાણવા મળ્યું છે કે સનરાઈઝર્સ હૈદરાબાદના કેપ્ટન અને શાનદાર ફાસ્ટ બોલર પેટ કમિન્સ તાત્કાલિક ટીમમાં જોડાશે નહીં. તેમના આગમનમાં વિલંબ થવાની ધારણા છે. આ દરમિયાન મીડિયા રિપોર્ટ મુજબ આરસીબીનો ફાસ્ટ બોલર જોશ હેઝલવુડ પણ સિરીઝની શરૂઆતની મેચો ગુમાવશે.

**અબતક, રાજકોટ**

આઈપીલની આગામી સીઝન હવે ૨૮ માર્ચથી શરૂ થશે.બીસીસીઆઈએ જાહેરાત કરી છે કે પહેલી મેચ ૨૮ માર્ચે રમાશે. તે દિવસે આરસીબી અને એસઆરએચ બેંગલુરુમાં એકબીજા સામે ટકરાશે. દરમિયાન કેટલાક ખેલાડીઓ સીઝન શરૂ થાય તે પહેલાં તેમની ટીમમાં જોડાવામાં મોડું કરી રહ્યા છે, જે ટીમો માટે મુશ્કેલીઓ વધારી રહ્યું હોય તેવું લાગે છે. હાલમાં બે ટીમોને ઝટકો લાગતો જોવા મળે છે. એવું જાણવા મળ્યું છે કે ૨ ખેલાડીઓ તેમની ટીમમાં મોડા જોડાશે.જોશ હેઝલવુડ વગર કોઈ સમસ્યા તો નથી, પરંતુ બધા જાણે છે કે તેની ગેરહાજરીથી ટીમમાં તેનું સ્થાન કોણ લેશે તે જોવાનું રહેશે. જોશ હેઝલવુડ એક એવો બોલર છે જે ફક્ત થોડી ઓવરમાં જ મેચને પલટવામાં સક્ષમ છે. જો આ ૨ ખેલાડીઓ ઉપલબ્ધ ન હોય તો ટીમમાં તેમના સ્થાને કોને સામેલ કરવામાં આવે છે તે જોવાનું રસપ્રદ રહેશે.દરમિયાન સૌથી મોટું ટેન્શન હૈદ્રાબાદ માટે રહેશે. પેટ કમિન્સ માત્ર ટીમનો મેચ વિનર ફાસ્ટ બોલર જ નથી, પરંતુ તે ટીમનો કેપ્ટન પણ છે. આનો અર્થ એ છે કે ટીમ શરૂઆતની કેટલીક મેચો માટે કેપ્ટન વિના રહેશે. આવી પરિસ્થિતિમાં ટીમને નવો કેપ્ટન શોધવો પડશે. પરંતુ નવો કેપ્ટન કોણ હશે તે અંગે ટીમ દ્વારા હજુ સુધી કોઈ નિવેદન જાહેર કરવામાં આવ્યું નથી, પરંતુ એવું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે ઈશાન કિશન ટીમની કમાન સંભાળી શકે છે. પરંતુ ઈશાન કિશને ક્યારેય સિનિયર લેવલે કેપ્ટનશીપ કરી નથી, તે ઘરેલુ ક્રિકેટમાં તેની ટીમની કેપ્ટનશીપ કરી રહ્યો છે. આમ તેને કેપ્ટનશીપ માટે મજબૂત દાવેદાર માનવામાં આવે છે.


# પાકિસ્તાન-અફઘાનિસ્તાન સંઘર્ષ વચ્ચે પીએસએલ રદ થઈ જશે?

## ઓસ્ટ્રેલિયાએ પોતાના ૧૭ ખેલાડીઓને પાકિસ્તાન ન જવા આપી ચેતવણી: રાવલપિંડી અને પેશાવરના હાઈ-રિસ્ક ઝોનમાં મેચોના આયોજન પર અસમંજસ: સ્મિથ-વોર્નર જેવા દિગ્ગજો હટી જશે તો પીસીબીને થશે કરોડોનું નુકસાન

**અબતક, રાજકોટ**

પાકિસ્તાન સુપર લીગ ૨૦૨૬ શરૂ થાય તે પહેલાં એક મોટા સમાચાર સામે આવ્યા છે જેને ટુર્નામેન્ટને જોખમમાં મૂકી દીધી છે. અફઘાનિસ્તાનની રાજધાની કાબુલમાં પાકિસ્તાનના હવાઈ હુમલા બાદ પરિસ્થિતિ તંગ બની ગઈ છે અને હવે મીડિયા રિપોર્ટમ મુજબ ઓસ્ટ્રેલિયન ખેલાડીઓને પાકિસ્તાની શહેર પેશાવરની મુસાફરી ન કરવાની સલાહ આપવામાં આવી છે.કાબુલમાં થયેલા હવાઈ હુમલા બાદ જેમાં લગભગ ૪૦૦ લોકો માર્યા ગયા હતા, પાકિસ્તાન-અફઘાનિસ્તાન સરહદ પર પરિસ્થિતિ અત્યંત સંવેદનશીલ બની ગઈ છે. વધુમાં ઈરાન-ઈઝરાયલ-યુએસ સંઘર્ષે મુસાફરી પ્રતિબંધો વધારી દીધા છે, જેની અસર પાકિસ્તાન સુપર લીગ પર પડી રહી હોય તેવું લાગે



છે.દરમિયાન સ્ટીવ સ્મિથ, ડેવિડ વોર્નર, માર્નસ લાબુશેન અને ગ્લેન મેક્સવેલ સહિત ઘણા અગ્રણી ઓસ્ટ્રેલિયન ખેલાડીઓ પીએસએલ ૨૦૨૬માં રમવાના છે. આ ટુર્નામેન્ટ ૨૬ માર્ચે શરૂ થશે, જે ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૬ના માત્ર ૨ દિવસ પહેલા છે.પેશાવર ઝાલ્મી અને રાવલપિંડી રાઈડર્સ વચ્ચેની મેચ ૨૮ માર્ચે મારન ખાન ક્રિકેટ સ્ટેડિયમમાં યોજાવાની છે. બંને ટીમોમાં ઓસ્ટ્રેલિયન ખેલાડીઓ છે. એરોન હાર્ડી ઝાલ્મી સાથે છે, જ્યારે જેક ફ્રેઝર-મેકગર્ક બીજી ટીમનો ભાગ છે. આનાથી મેચ પર સવાલો ઉભા થયા છે. રિપોર્ટમાં એવો પણ દાવો કરવામાં આવ્યો છે કે જો જરૂરી હોય તો ખાનગી ફ્લાઈટ્સ દ્વારા ઓસ્ટ્રેલિયન ખેલાડીઓને સુરક્ષિત રીતે બહાર કાઢવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

## અફઘાન ખેલાડીઓ પણ રમશે નહીં


પીએસએલ ૨૦૨૬ માટે ખેલાડીઓના ઓક્શનમાંથી ઘણા અફઘાન ખેલાડીઓએ પોતાનું નામ પાછું ખેંચી લીધું હતું. મુજીબ ઉર રહેમાન, મોહમ્મદ નબી અને ફઝલહક ફારૂકી જેવા ખેલાડીઓએ આ પગલું ભર્યું હતું.પીએસએલ ૨૦૨૬ પહેલા સુરક્ષા અને રાજકીય તણાવે ટુર્નામેન્ટને મુશ્કેલ સ્થિતિમાં મૂકી દીધી છે. પરંતુ લીગ શેડ્યૂલ મુજબ શરૂ થવાની છે, પરંતુ વિદેશી ખેલાડીઓની સંપૂર્ણ ભાગીદારી પ્રશ્નાર્થમાં છે. હવે બધાની નજર તેના પર રહેશે કે પરિસ્થિતિ સુધરે છે કે પીએસએલ ફરીથી શેડ્યૂલ અને સ્થળો બદલવાની ફરજ પાડવામાં આવશે.

# ખોડલધામ મંદિરે કાલથી ચૈત્રી નવરાત્રિ પર્વ આસ્થાભેર ઉજવાશે

## વિવિધ જિલ્લા-તાલુકાની મહિલા સમિતિ દ્વારા ધાર્મિક કાર્યક્રમોનું આયોજન

**અબતક,રાજકોટ**

કાલથી નવરાત્રિ પર્વનો પ્રારંભ થઈ રહ્યો છે. ત્યારે ખોડલધામ ખાતે ચૈત્રી નવરાત્રિ પર્વની ઉજવણી થશે તેમજ નવ દિવસ વિવિધ કાર્યક્રમો ઉજવાશે. મા ખોડલની આરાધનાનો પર્વ એટલે ચૈત્રી નવરાત્રિ ચૈત્રી નવરાત્રિમાં વિશ્વ પ્રસિધ્ધ દર વર્ષની જેમ આ વર્ષે પણ ખોડલધામ મંદિરે ચૈત્રી નવરાત્રિ દરમિયાન ખોડલધામ મહિલા સમિતિ દ્વારા વિવિધ ભવ્ય કાર્યક્રમોનું આયોજન કરાયું છે. ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના સ્વપનદ્રષ્ટા નરેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ખોડલધામ મહિલા સમિતિ દ્વારા ચૈત્રી



નવરાત્રિની વિશિષ્ટ ઉજવણી કરવામાં આવશે. ચૈત્રી નવરાત્રિ દરમિયાન ખોડલધામ મંદિરે અલગ અલગ ભકિતમય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ધ્વજારોહણ, અન્નકૂટ, યજ્ઞ, રાસ-ગરબા, માતાજીને ચુંદડી અર્પણ અને ધુન-કિર્તન સહિતના ધાર્મિક કાર્યક્રમો દરરોજ યોજાશે.

તારીખ ૧૯ માર્ચ ને ગુરુવારથી ૨૭ માર્ચ ને શુક્રવાર સુધી ખોડલધામ મહિલા સમિતિ દ્વારા વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે. જેમાં પ્રથમ નોરતે જામનગર, બીજા નોરતે ધોરાજી, ત્રીજા નોરતે પોરબંદર, ચોથા નોરતે અમરેલી, પાંચમાં નોરતે ગોંડલ, છઠ્ઠા નોરતે જૂનાગઢ, સાતમાં નોરતે ઉપલેટા, આઠમા નોરતે રાજકોટ શહેર અને નવમા નોરતે જામકંડોરણા મહિલા સમિતિની બહેનો દ્વારા ધાર્મિક કાર્યક્રમો યોજીને મા ખોડલની આરાધના કરવામાં આવશે.

# પૂ. મોરારિબાપુના આશિર્વાદ લેવા દિલીપ સંઘાણી તલગાજરડા પહોંચ્યા



**અબતક, હર્ષ ઠાકર**
**અમરેલી**

મહુવાના તલગાજરડા ખાતે મોરારીબાપુના આશીર્વાદ લેવા માટે ભકિતબાપુ સાથે દિલીપભાઈ સંઘાણી પરિવાર સાથે પહોંચ્યા હતા. જયા ધાર્મિક ચર્ચાઓ કરી હતી. ભક્તિબાપૂ અને સંઘાણી પરિવાર દ્વારા મોરારીબાપુના આશીર્વાદ મેળવી આધ્યાત્મિક માર્ગદર્શન મેળવવામાં આવ્યું હતું. તલગાજરડા ધામમાં સદૈવ આધ્યાત્મિકતા, સંસ્કાર અને શાંતિનું પવિત્ર વાતાવરણ રહેતું હોય છે, જેના કારણે દેશ-વિદેશમાંથી મોટી સંખ્યામાં ભક્તો અહીં દર્શનાર્થે આવે છે. દિલીપભાઈ સંઘાણીએ જણાવ્યું હતું કે મોરારીબાપુના આશીર્વાદથી જીવનમાં નવી ઉર્જા, પ્રેરણા અને સકારાત્મકતા પ્રાપ્ત થાય છે.

# અંજાર: પીજીવીસીએલ મેગા ડિસકનેક્શન ડ્રાઈવમાં ૧૯૪૯ વીજ કનેક્શન કપાયા

## ૩૪૦ ટીમો દ્વારા રૂ.૫.૦૯ કરોડની વસુલાત

**અબતક, ભારતી માખીજાણી**
**ગાંધીધામ**



સમગ્ર કચ્છ વિસ્તારમાં પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ (પીજીવીસીએલ)ની અંજાર અને ભુજ વર્તુળ કચેરી હેઠળ મેગા ડિસકનેક્શન ડ્રાઈવ દરમિયાન આશરે ૧૯૪૯ જેટલા વીજ કનેક્શનો કપાયા અને કુલ રૂપિયા ૫.૦૯ કરોડનું કલેક્શન.સમગ્ર કચ્છ વિસ્તારમાં પીજીવીસીએલ દ્વારા આજે તારીખ ૧૭-૦૩-૨૦૨૬ના રોજ મેગા ડિસકનેક્શન ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ડ્રાઈવ અંતર્ગત પીજીવીસીએલની અંજાર અને ભુજ વર્તુળ કચેરી હેઠળ આવતા ગ્રાહકોમાં રહેણાંક, વાણિજ્ય, ઔધોગિક, ખેતીવાડી વગેરે વીજ જોડાણોમાં મોટી રકમના ગ્રાહકોના વીજ કનેક્શનોના ફિઝિકલ ડિસકનેક્શનની કાર્યવાહી કરવામાં આવી હતી.આ ઝુંબેશમાં અંજાર વર્તુળ કચેરી હેઠળની ૧૩૨ અને ભુજ વર્તુળ કચેરી હેઠળની ૨૦૮ આમ કુલ ૩૪૦ ટીમો દ્વારા આશરે ૧૯૪૯ જેટલા વીજ કનેક્શનોનું ડિસકનેક્શન કરવામાં આવ્યું હતું.સામખયારી અને ભચાઉ ના પટ્ટામાં હાઈવે ની હોટલો અને સોલ્ટ ના કનેક્શનનો મોટા પ્રમાણમાં કાપવામાં આવ્યા હતા, ડિસકનેક્શનના પગલે અનેક ગ્રાહકોને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. બાદમાં ગ્રાહકો દ્વારા કચેરીઓમાં હાજર રહી રી-કનેક્શન ચાર્જની ચુકવણી કરવી વીજ પુરવઠાની પુનઃ જોડાણ પ્રક્રિયા ની હલાકી ભોગવી પડી હતી.આ મેગા ડ્રાઈવ દરમિયાન પીજીવીસીએલ અંજાર વર્તુળ હેઠળ ૨.૦૯ જરોદ અને ભુજ વર્તુળ કચેરી હેઠળ ૩.૦૦ કરોડ આમ કુલ અંદાજે રૂપિયા ૫.૦૯ કરોડનું કલેક્શન પ્રાપ્ત થયું છે.પીજીવીસીએલ દ્વારા સ્પષ્ટ કરવામાં આવે છે કે આવી ડિસકનેક્શન કાર્યવાહી આગામી દિવસોમાં પણ ચાલુ રહેશે. હવે આવનારા સમયમાં તમામ વીજ કનેક્શનો માટે પણ વીજ કપાત ઝુંબેશ હાથ ધરવામાં આવશે.આથી બાકી વીજબિલ ધરાવતા તમામ ગ્રાહકોને અનુરોધ કરવામાં આવે છે કે વીજ પુરવઠો બંધ ન થાય તે માટે બાકી રકમ તાત્કાલિક સ્થાનિક પેટા વિભાગીય કચેરીમાં અથવા ઓનલાઈન વિવિધ માધ્યમો દ્વારા ભરપાઈ કરી દેવી. ગ્રાહકો GOOGLE PAY, પીજીવીસીએલની વેબસાઈટ, ક્રેડિટ કાર્ડ, PHONEPE, AMAZON PAY, UPI, BHIM UPI, RTGS તેમજ વિવિધ બેંકોની મોબાઈલ એપ્લિકેશન મારફતે ચુકવણી કરી શકે છે.અત્રે બાકી રહેલ વીજબિલની રકમ તાત્કાલિક ભરપાઈ કરી વીજ જોડાણ કપાતથી બચવા વિનંતી.

### પડતર માંગો પુરી નહી થતા

# સુરેન્દ્રનગરના દસાડા તાલુકાની તમામ આંગણવાડી બે દિવસ બંધ

## પગાર વધારો, જુના મોબાઈલ બદલી આપવા સહિતની માંગને લઈ આંગણવાડી બંધ રાખી સીડીપીઓને આવેદન

**અબતક,ઘનશ્યામ ભટ્ટી**
**સુરેન્દ્રનગર**



દસાડા તાલુકામાં આંગણવાડી કેન્દ્રની બહેનોની પડતર માંગો અંગે અનેક વખત રજુઆત બાદ પણ કોઈ જ ઉકેલ નહી આવતા ગત તા.૦૫ માર્ચથી ઓનલાઈન કામગીરી બંધ કરી છે પરંતુ તેમ છતાંય તંત્ર કે સરકારના પેટનું પાણી પણ નહી હલતા આજ તા.૧૮ માર્ચ થી તા.૨૦ માર્ચ સુધી તાલુકાના આંગણવાડી કેન્દ્રો બંધ રાખી વિરોધ કરવા અંગે આવેદનપત્ર પાઠવ્યું હતું.

આ અંગે મળતી માહિતી મુજબ સરકાર દ્વારા આંગણવાડી બહેનોના પડતર પ્રશ્નો જેમ કે પગાર વધારો, જુના મોબાઈલ બદલી નવા મોબાઈલ આપવા, સુપ્રીમ કોર્ટના ચુકાદાને આધારે કાયમી કરવા, નિવૃતિ મર્યાદા અન્ય રાજ્યોની જેમ ૬૦ વર્ષ કરવી, ઉનાળામાં વેકેશન આપવામાં આવે સહિતની માંગો અંગે અનેક વખત રજૂઆતો કરવા છતા સરકાર દ્વારા કોઈ જ ઉકેલ આવ્યો નથી. અગાઉ સરકાર દ્વારા કોઈ જ હકારાત્મક અભિગમ નહી દાખવતા તા.૨૦ માર્ચ સુધી દસાડા તાલુકાના તમામ આંગણવાડી કેન્દ્ર બંધ રાખી વીરોધ કરવામાં આવશે અને તે અંગે સ્થાનિક આંગણવાડી બહેનોએ પાટડી ખાતે પ્રોગ્રામ ઓફિસર તેમજ સીડીપીઓને આવેદનપત્ર પાઠવ્યું હતું.

# જૂનાગઢમાં વ્યાપાર વિશે આંતરરાષ્ટ્રીય પરિષદ મળી: દેશ-વિદેશથી નિષ્ણાંતો હાજર રહ્યા

## ૧૨૫ વિદ્યાર્થીઓએ પેપર પ્રેઝન્ટેશન બતાવ્યું: મેક ઈન ઈન્ડિયા, ડીજિટલ ઈન્ડિયા પર ભાર મુકાયો

**અબતક, દર્શન જોશી,**
**જુનાગઢ**


ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ હેઠળ કાર્યરત નોલેજ કન્સોર્ટીયમ ઓફ ગુજરાત ના દ્વારા વૈશ્વિક વેપારની બદલાતી ગતિશીલતા અને નવા વિશ્વ વ્યવસ્થામાં ભારતની ભૂમિકા: ૨૦૪૭ સુધીમાં અમૃત કાળનું વિઝનિંગ વિષય પર એક દિવસીય આંતરરાષ્ટ્રીય પરિષદનું આયોજન ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઓફ કોમર્સ અને મેનેજમેન્ટ દ્વારા કરવામાં આવ્યું હતું જેમાં દેશ-વિદેશના પ્રતિષ્ઠિત શિક્ષણવિદો, સંશોધકો, ઉદ્યોગજગતના નિષ્ણાતોએ પોતાના વિચારો રજૂ કર્યા હતા. તથા ૧૨૫ વિદ્યાર્થીઓએ પેપર પ્રેઝન્ટેશન કર્યુ હતુ




કાર્યક્રમનાં અધ્યક્ષ અને યુનિ.નાં કુલપતિ પ્રો.(ડો.) પ્રતાપસિંહ ચૌહાણે પોતાનાં પ્રાસંગિક વક્તવ્યમાં જણાવ્યુ હતુ કે આજના સમયમાં વૈશ્વિક વેપાર ખૂબ ઝડપથી બદલાઈ રહ્યો છે. ટેકનોલોજી, ડિજિટલાઈઝેશન, ભૂ-રાજકીય પરિસ્થિતિઓ, સપ્લાય ચેઈનની નવી વ્યવસ્થા અને આંતરરાષ્ટ્રીય સહકારના નવા માળખાઓના કારણે વિશ્વના વેપારની ગતિશીલતા સતત બદલાતી રહી છે. આ બદલાતી પરિસ્થિતિમાં ભારતની ભૂમિકા ખૂબ મહત્વપૂર્ણ બની રહી છે.

# છોટી કાશીને કાલે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ રૂ.૪૧૨ કરોડના ૫૭ પ્રકલ્પોની ભેટ આપશે

## હાપા માર્કેટિંગ યાર્ડ ખાતે ખેડૂતોને સંબોધન કરશે :જામસાહેબના સૌજન્યથી નિર્માણ પામશે અત્યાધુનિક 'ઓક્સિજન પાર્ક', સાથે જ રૂ. ૯૮૧ લાખના ખર્ચે ગુલાબનગરમાં નવી આઈટીઆઈ આકાર લેશે



ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આગામી ૧૯મી માર્ચના જામનગર જિલ્લાની મુલાકાતે આવી રહ્યા છે. આ પ્રવાસ દરમિયાન તેઓ જામનગર શહેર અને જિલ્લાના વિકાસને નવી ઊંચાઈએ લઈ જતા રૂ. ૪૧,૨૬૧ લાખ (૪૧૨ કરોડથી વધુ) ના ખર્ચે તૈયાર થયેલા અને આયોજિત કુલ ૫૭ જેટલા વિકાસલક્ષી કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. આ મુલાકાતને લઈને વહીવટી તંત્ર દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે.

મુખ્યમંત્રી સવારે ૧૦:૦૦ કલાકે જામનગર એરપોર્ટ પર ઉતરાણ કર્યા બાદ સીધા હાપા એપીએમસી (APMC) ખાતે પહોંચશે. અહીં તેઓ જિલ્લાભરમાંથી ઉમટી પડનારા ખેડૂતોને સંબોધન કરશે. આ તકે ખેડૂતોની સુવિધા માટે રૂ. ૮૫ લાખના ખર્ચે નવનિર્મિત એસી કેન્ટીનનું લોકાર્પણ કરવામાં આવશે, જ્યાં ખેડૂતોને માત્ર રૂ. ૩૫ના નજીવા દરે શુદ્ધ અને પૌષ્ટિક ભોજન મળી રહેશે. આ ઉપરાંત, રૂ. ૬૫ લાખના ખર્ચે બનેલા નવા ગેસ્ટ હાઉસનું પણ ઉદઘાટન કરવામાં આવશે.

ત્યારબાદ ટાઉનહોલ ખાતે આયોજિત મુખ્ય કાર્યક્રમમાં મુખ્યમંત્રી રિમોટ કંટ્રોલથી કુલ ૫૭ વિકાસકાર્યોની ભેટ આપશે. જેમાં રૂ. ૨૫,૯૬૧.૨૯ લાખના ખર્ચે ૨૯ કામોનું લોકાર્પણ અને રૂ. ૧૫,૩૦૦.૧૪ લાખના ખર્ચે ૨૮ નવા કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવશે. આ પ્રોજેક્ટ્સમાં શિક્ષણ, આરોગ્ય, આવાસ અને માળખાગત સુવિધાઓનો સમાવેશ થાય છે.

આ મુલાકાતનું મુખ્ય આકર્ષણ અંબા વિજય સોસાયટી પાસે નિર્માણ પામનાર 'ઓક્સિજન પાર્ક' છે. જામસાહેબ શત્રુશલ્યસિંહજી દ્વારા લોકાપયોગી હેતુ માટે દાનમાં અપાયેલી ૧૬,૦૬૬ ચો.મી. જગ્યા પર રૂ. ૧૪૪.૮૫ લાખના ખર્ચે 'યોગિક ચક્ર' થીમ આધારિત આ પાર્ક બનશે. જેમાં 'C-4' કેટેગરીના ખાસ વૃક્ષો વાવવામાં આવશે જે હવામાં ઓક્સિજનનું પ્રમાણ વધારશે. વધુમાં, ગુલાબનગર ખાતે રૂ. ૯૮૧ લાખના ખર્ચે આધુનિક આઈ.ટી.આઈ. (ITI) બિલ્ડિંગનું ખાતમુહૂર્ત કરાશે, જે ભવિષ્યમાં ૩૫૦થી વધુ યુવાનોને રોજગારીલક્ષી તાલીમ પૂરી પાડશે.

શહેરના વિકાસની વાત કરીએ તો, સાધના કોલોની ખાતે રૂ. ૪૨૫૫ લાખના ખર્ચે ૩૭૨ જર્જરિત મકાનોનું પુનઃનિર્માણ, પાયલોટ બંગલોથી પંચવટી સુધીનો 'ગૌરવપથ', અમૃત ૨.૦ હેઠળ સ્યુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, અને જિલ્લામાં વિવિધ સ્થળોએ સબ સેન્ટરો તથા નવી શાળાઓના બિલ્ડિંગોનું નિર્માણ કરવામાં આવશે. આ તમામ વિકાસકાર્યોથી જામનગરની જનતાની સુખાકારીમાં નોંધપાત્ર વધારો થશે.

# કોંગ્રેસે ઉમેદવારો પસંદ કરવા ૮વોર્ડમાં લીધી દાવેદારોની સેન્સ

## વોર્ડ નં. ૧ થી ૮ની ૩૨ બેઠકો માટે ૧૦૦થી વધુ દાવેદારો; પ્રભારી લલિત વસોયાની હાજરીમાં ટાઉનહોલ ખાતે ચૂંટણી લડવા ઈચ્છુક









જામનગર મહાનગર પાલિકાની વર્તમાન બોડીની મુદત ૧૧ માર્ચના રોજ પૂર્ણ થયા બાદ હવે આગામી દોઢ માસમાં યોજાનારી ચૂંટણીને લઈ રાજકીય માહોલ ગરમાયો છે. 'પહેલો ઘા રાણાનો'ની નીતિ અપનાવી જામનગર શહેર કોંગ્રેસે શાસક પક્ષ ભાજપ કરતા વહેલી ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા શરૂ કરી દીધી છે. શહેર કોંગ્રેસ કાર્યાલય ખાતે આજે વહેલી સવારથી જ ઉમેદવારી નોંધાવવા ઈચ્છતા દાવેદારો અને કાર્યકરોનો ભારે ધમધમાટ જોવા મળ્યો હતો.પ્રથમ સત્રમાં ૧૦૦થી વધુ દાવેદારો સામે આવ્યા જામનગર શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા આયોજિત આ સેન્સ પ્રક્રિયામાં આજે સવારે ૧૦ થી ૧ વાગ્યા દરમિયાન વોર્ડ નં. ૧ થી ૮ની કુલ ૩૨ બેઠકો માટે ટિકિટ વાંચ્છુઓને સાંભળવામાં આવ્યા હતા. માહિતી મુજબ, પ્રથમ સત્રમાં જ ૧૦૦થી વધુ દાવેદારોએ ચૂંટણી લડવાની ઈચ્છા વ્યક્ત કરી છે. પ્રભારી તરીકે પૂર્વ ધારાસભ્ય લલિતભાઈ વસોયા અને પૂર્વ કોર્પોરેટર રહીમભાઈ સોરાએ સ્થાનિક અગ્રણીઓ તેમજ કાર્યકરોને વ્યક્તિગત રીતે સાંભળીને ગ્રાઉન્ડ રિપોર્ટ મેળવ્યો હતો. આ તકે શહેર કોંગ્રેસ પ્રમુખ દિગુભા જાડેજા સહિતના સ્થાનિક નેતાઓ પણ હાજર રહ્યા હતા. વહીવટદાર શાસન વચ્ચે ચૂંટણીની તૈયારી ઉલ્લેખનીય છે કે, મહાનગર પાલિકામાં હાલ ચૂંટાયેલી પાંખની મુદત પૂરી થતા વહીવટદાર તરીકે સિનિયર આઈએસ અધિકારી અનિતા વિરને ચાર્જ સોંપવામાં આવ્યો છે. એક તરફ વહીવટી પ્રક્રિયા ચાલી રહી છે, ત્યારે બીજી તરફ કોંગ્રેસે સંગઠનાત્મક સ્તરે મજબૂતી લાવવા અને યોગ્ય ઉમેદવારોની પસંદગી માટે કવાયત તેજ કરી છે.બપોર બાદ પણ પ્રક્રિયા ચાલુ રહી બપોરના વિરામ બાદ વોર્ડ નં. ૯ થી ૧૧ની બેઠકો માટે ઉમેદવારોને સાંભળવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. કોંગ્રેસની આ આક્રમક રણનીતિને કારણે જામનગરના રાજકારણમાં ભારે ચર્ચાઓ શરૂ થઈ છે. મોટી સંખ્યામાં દાવેદારો પોતાના ટેકેદારો સાથે ઉમટી પડતા આગામી મહાનગરપાલિકાની ચૂંટણીનો જંગ રોમાંચક બનવાના એંધાણ અત્યારથી જ વર્તાઈ રહ્યા છે.

# હાલારમાં વીજ તંત્રનો મોટો સપાટોઃ ૪૨,૬૨૨ ગ્રાહકો પાસેથી રૂ.૨૦.૩૫ કરોડની વસૂલાત

## બાકી લેણાંની વસૂલાત માટે ૩૬૧ ટીમો મેદાને, કનેક્શન કાપવાની મેગા ડ્રાઈવ

હાલાર પંથકમાં વીજ બિલની કરોડો રૂપિયાની બાકી રકમ વસૂલવા માટે વીજ તંત્ર દ્વારા આજે ફરી એકવાર મેગા ડિસ-કનેકશન ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું. જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાની કુલ ૩૬ પેટાવિભાગીય કચેરીઓ હેઠળ વહેલી સવારથી જ ૩૬૧ ટીમો દ્વારા કડક ચેકિંગ હાથ ધરી સંખ્યાબંધ બાકીદારોના વીજ જોડાણો કાપી નાખવાની કાર્યવાહી કરવામાં આવી હતી.

વીજ તંત્રના જણાવ્યા અનુસાર, બંને જિલ્લામાં કુલ ૫૮,૯૧૫ ગ્રાહકો પાસે રૂ. ૨૮.૫૭ કરોડ જેટલી માતબર રકમ બાકી બોલે છે. આ લેણાંની વસૂલાત માટે ચાલુ માસ દરમિયાન તંત્ર અત્યંત કડકાઈથી કામ કરી રહ્યું છે.







અત્યાર સુધીમાં ૧૫,૩૭૪ ગ્રાહકોએ રૂ. ૬.૬૦ કરોડની રકમ ભરપાઈ કરી દીધી છે, જ્યારે રૂ. ૧.૬૨ કરોડના બાકી લેણાં ધરાવતા ૯૧૯ ગ્રાહકોના વીજ જોડાણો કાયમી ધોરણે કાપી નાખવામાં આવ્યા છે.

હજુ પણ ૪૨,૬૨૨ બાકીદારો પાસેથી રૂ. ૨૦.૩૫ કરોડની રકમ વસૂલવાની બાકી હોય, તંત્ર દ્વારા દૈનિક ૨૪૦થી વધુ ટીમો કાર્યરત રાખવામાં આવી છે. આ ઝુંબેશ અંતર્ગત જે ગ્રાહકો રકમ ભરપાઈ નથી કરતા, તેમના મીટર, સર્વિસ વાયર અને જરૂર જણાય તો ટ્રાન્સફોર્મર (TC) પણ ઉતારી લેવાની કડક સૂચના આપવામાં આવી છે. આગામી દિવસોમાં પણ આ વસૂલાતની કામગીરી વધુ વેગવંત બનાવવામાં આવશે.

### ૧૧ નામચીન શખ્સોને તોતિંગ દંડ ફટકારાયો

જામનગર શહેરમાં એનડીપીએસ (નશીલા પદાર્થ) ના ગુનામાં સંકળાયેલા ૧૧ નામચીન આરોપીઓના રહેણાંક મકાનોમાં પોલીસ અને વીજ તંત્ર દ્વારા સંયુક્ત ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ ઓપરેશન દરમિયાન આઘાતજનક રીતે કુલ રૂ. ૪૪,૫૦,૦૦૦ ની વીજ ચોરી ઝડપી પાડવામાં આવી છે.તંત્ર દ્વારા કરવામાં આવેલી આ આકરી કાર્યવાહીમાં ખોજા નાકા વિસ્તારના આરોપી અસ્ફાક ઉર્ફે બાટુમામાને સૌથી વધુ ૧૭ લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. આ ઉપરાંત, તુષાર ઉર્ફે ટકો અને કામીલરજા મેતરને રૂ. ૫.૫૦ લાખ, સોહીલ સમાને રૂ. ૪.૫૦ લાખ તેમજ અન્ય આરોપીઓને લાખો રૂપિયાના દંડકીય બિલો પાઠવવામાં આવ્યા છે. ગુનેગારોની આર્થિક કમર તોડવા માટે લેવાયેલા આ કડક પગલાથી જામનગરના અસામાજિક તત્વોમાં ભારે ફફડાટ ફેલાઈ ગયો છે.

# બિલ્ડર નિલેશભાઈ દતાણીના પુત્રનું સાતમાં માળેથી પટકાતા મોત

## ત્રિમંદિર પાસે નિર્માણાધીન બિલ્ડિંગની સાઈટ પર નિરીક્ષણ દરમિયાન પગ લપસતા આશાસ્પદ યુવાનનું મોતઃ લોહાણા સમાજ અને બિલ્ડર લોબીમા ઘેરો શોક

જામનગરના કન્સ્ટ્રક્શન ઉદ્યોગના જાણીતા બિલ્ડર નિલેશભાઈ દતાણીના પરિવાર પર આભ ફાટ્યું છે. શહેરના ત્રિમંદિર પાસે ચાલી રહેલી બિલ્ડિંગની સાઈટ પર કામગીરીના નિરીક્ષણ દરમિયાન ૨૮ વર્ષીય પુત્ર ભવ્ય દતાણીનું સાતમા માળેથી નીચે પટકાવાને કારણે અકાળે મોત થયું છે. આ સમાચાર વાયુવેગે પ્રસરતા સમગ્ર જામનગર અને ખાસ કરીને લોહાણા સમાજમાં ઘેરા શોકની લાગણી વ્યાપી ગઈ છે.પ્રાપ્ત વિગતો અનુસાર, ત્રિમંદિર નજીક આવેલી તેમની નિર્માણાધીન સાઈટ પર કામકાજની તપાસવા માટે આજે સવારે ભવ્ય દતાણી ગયા હતા.ત્યારે સાતમા માળે પહોંચીને તેઓ સ્લેબ પરથી કામગીરીનું નિરીક્ષણ કરી રહ્યા હતા, ત્યારે અચાનક તેમનો પગ



લપસી ગયો હતો. સંતુલન ગુમાવવાને કારણે તેઓ સીધા સાતમા માળેથી નીચે પટકાયા હતા. આ ભયાનક અકસ્માતને પગલે સાઈટ પર હાજર મજૂરો અને સ્ટાફમાં દોડધામ મચી ગઈ હતી.ગંભીર રીતે ઘાયલ થયેલા ભવ્યને તાત્કાલિક લોહીલુહાણ હાલતમાં સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. હોસ્પિટલના તબીબો દ્વારા તેમને બચાવવાના તમામ પ્રયાસો કરવામાં આવ્યા હતા, પરંતુ ઈજાઓ એટલી ગંભીર હતી કે ટૂંકી સારવારના અંતે તેમને મૃત જાહેર કરવામાં આવ્યા હતા. ૨૮ વર્ષની નાની વયે એક હોનહાર અને ઉભરતા યુવાનના નિધનથી દતાણી પરિવાર પર વજ્રઘાત થયો છે.આ આકસ્મિક દુર્ઘટનાના સમાચાર મળતા જ જામનગરના બિલ્ડર એસોસિએશનના સભ્યો, લોહાણા સમાજના અગ્રણીઓ, રાજકીય નેતાઓ અને મિત્ર વર્તુળ મોટી સંખ્યામાં હોસ્પિટલ ખાતે ઉમટી પડ્યા હતા. એક મિલનસાર અને પ્રતિભાસાળી યુવાન ગુમાવ્યાનો અફસોસ દરેકના ચહેરા પર સ્પષ્ટ દેખાતો હતો. પરિવારના આક્રંદથી હોસ્પિટલનું વાતાવરણ અત્યંત ગમગીન બની ગયું હતું.

### વિશ્વ ચકલી દિવસ નિમિતે
## ધ્રોલઃ એમ.ડી મહેતા વિજ્ઞાન કેન્દ્ર દ્વારા ચકલીના માળાનું નિ:શુલ્ક વિતરણ

**અબતક,સંજય ડાંગર**
**ધ્રોલ**

'વિશ્વ ચકલી દિવસ'ની ઉજવણી કરવામાં આવનાર છે. આ અવસરે લુપ્ત થતી જતી ચકલીઓના સંરક્ષણ માટે એમ. ડી. મહેતા એજ્યુકેશન ધ્રોલ સંચાલિત અને ગુજકોસ્ટ ગાંધીનગર પ્રેરિત એમ. ડી. મહેતા જિલ્લા વિજ્ઞાનકેન્દ્ર દ્વારા એક પ્રશંસનીય પહેલ કરવામાં આવી છે. સંસ્થા દ્વારા તા. ૨૦/૦૩/૨૦૨૬ના રોજ લોકવિજ્ઞાન કેન્દ્ર, દરબારગઢ, ધ્રોલ ખાતે સવારે ૧૦:૦૦ થી બપોરે ૨:૦૦ વાગ્યા સુધી પક્ષીપ્રેમી જનતા માટે ચકલીના માળાનું નિઃશુલ્ક વિતરણ રાખવામાં આવ્યું છે.વધતા જતાં શહેરીકરણ વચ્ચે ચકલીઓને રહેવા માટે સુરક્ષિત જગ્યા મળી રહે તે હેતુથી આ આયોજન કરાયું છે. સંસ્થાના ચેરમેન ધર્મેશભાઈ મહેતા, સેક્રેટરી સુધાબેન ખંઢેરીયા અને કેન્દ્રના ડો. સંજય પંડ્યા દ્વારા ધ્રોલની પક્ષીપ્રેમી જનતાને આ સેવાનો લાભ લેવા અને વધુમાં વધુ સંખ્યામાં માળા લઈ જઈ પોતાના આંગણે પક્ષીઓ માટે આશરો ઊભો કરવા હાર્દિક અનુરોધ કરવામાં આવ્યો છે.

## ખંભાળીયા પાલિકા પ્રમુખના પતિ અને તત્કાલીન સફાઈ કામદાર વચ્ચે બઘડાટી

### હકક, હિસ્સાની રજુઆત વેળાએ મામલો ગરમાયોં

**અબતક, વિનાયક ભટ્ટ**
**ખંભાળીયા**

ખંભાળિયામા મહિલા સફાઈ કામદાર અને પાલિકા પ્રમુખના પતિ વચ્ચે વિવાદ થતા પ્રમુખ ના પતિ સામે ફરિયાદ નોંધાવવામાં આવી છે. પાલિકાના સંકલનકર્તાઓની બેઠક ખાનગી હોટલમાં ચાલતી હતી ત્યારે પાલિકામા અગાઉ સફાઈ કામદારની ફરજ બજાવતા મંજુબેન પીંગળ ત્યાં પહોંચ્યા હતા અને તેઓના હકક હિસ્સા માટે ઉગ્ર રજૂઆત કરવામાં આવી હતી.

જેથી ઉશ્કેરાઈ પાલિકા પ્રમુખ રચનાબેન મોટાણીના પતિ મોહિતભાઈ મોટાની ઉપર મંજૂબેને એટ્રોસીટી સહિત વિવિધ કલમ સાથે વિધિવત પોલીશ ફરિયાદ નોંધાવી છે આશ્ચર્ય ની વાત એ છે કે પ્રમૂખ ની અઢી વર્ષની ટર્મે પૂણે થવાના ગણત્રી ના દિવસો જ બાકી હતા ત્યાંજ છેલ્લે આ વિવાદ થયો જાણે કે શનિની અઢી વર્ષની પનોતી છેલ્લે તેમનો ભાગ ભજવી ગઈ.

## દ્વારકાઃ બે શ્રધ્ધાળુઓને લૂંટી લેનાર ઉમરાળા પંથકની બેલડી ઝડપાઈ

**અબતક, વિનાયક ભટ્ટ**
**ખંભાળીયા**

દ્વારકા ખાતે આશરે ૧૫ દિવસ પૂર્વ બે શ્રદ્ધાળુઓને ઠંડા પીણા પીવડાવી બેભાન બનાવી રોકડ અને સોનાના ઘરેણાની લુંટ ચલાવનાર ઉમરાળા પંથકની બેલડી ઝડપાય છે.દ્વારકા બે માલધારી પ્રૌઢ પણ ત્યાં આવેલા હતા. અને દીવાદાંડી પાસે ફરતા હતા ત્યારે બે શખ્સોએ ઠંડા પીણા પીવડાવી વાતોમાં ભોળવીને બેભાન કરીને સોનાના ડોળીયા તથા રોકડ ત્રણ લાખ રૂપિયાની લુંટ કર્યાનો બનાવ બન્યો હતો.

ફુલડોળ જેવા પવિત્ર તહેવારમાં આવેલા પદયાત્રી સાથે થયેલા અન્યાયી બનાવ અંગે ઉંડી તપાસ કરવા પોલીસ વડા જયરાજસિંહ વાળાની સુચનાને પગલે સીસી ટીવી કુટેજ તથા પુછપરછ પરથી આ ઘટનાના બે લુટારું ને પકડી પાડીને મુદામાલ કબ્જે કર્યો છે.

ડી.વાય.એસ.પી. સાગર રાઠોડ દ્વારા પત્રકાર પરિસદમાં જણાવાયા મુજબ ઉમરાળા ભાવનગરના વતની અને અગાઉ પણ લુંટ ચોરીના ગુના કર્યા હતા. તે કાળુભાઈ અમરશી વાઘેલા તથા હરેશ બાબુભાઈ ઉર્ફે હકબાને સોનાના છ નંગ ડોળીયા તથા બે મોબાઈલ અને રોકડા રૂપિયા સાથે ૩.૧૪ લાખનો મુદામાલ પકડીને વિશેષ તપાસ હાથ ધરવામાં આવી છે. તથા આરોપીઓની રીમાંડ મેળવવા પણ કાર્યવાહી થઈ છે.

●●●●●● બાપા તું બડો ધણી તુજશે બડો ન કોઈ, તું જીસ કે સર પે હાથ રખે વો જગમેં બડો હોઈ ●●●●●●

# સંત શિરોમણી પૂ. જગાબાપાની ૧૩મી પૂણ્યતિથિએ પાટડીમાં રવિવારે ભાવ વંદના

## શ્રી જગાબાપા પ્રેરિત પાટડી ઉદાસી આશ્રમના સીતારામ પરિવાર દ્વારા ભકિતસભર આયોજનઃ ભજન, ભોજન અને ભકિતનો મહાસંગમ

**રાજયભરના ભાવિકોને ઉમટી પડવા સીતારામ પરિવાર દ્વારા સ્નેહ નિતરતું આમંત્રણ**



**અબતક,રાજકોટ**

સંતો ભલે સદેહ આપણી વચ્ચે ઉપસ્થિત ન હોય પરંતુ તેઓની કૃપા દ્રષ્ટિનો સાક્ષાત્કાર નિયમીત સમયાંતરે ભાવિકોને થતો રહે છે. સૌરાષ્ટ્રની ભૂમિને સંતો અને સુરાની ભૂમિ માનવામાં આવે છે. સૌરાષ્ટ્રના પ્રથમ પંકિતના સંત શીરોમણીમાં જેમની ગણના થાય છે. તેવા પાટડીના ઉદાસી આશ્રમના પ્રણેતા પ.પૂ. જગાબાપાની ૧૩મી પૂણ્યતિથીના અવસરે સુરેન્દ્રનગર જિલ્લાના દસાડા તાલુકામાં પાટડી ગામે ખારાગોઢા રોડ સ્થિત ઉદાસી આશ્રમ ખાતે આગામી ૨૨મી માર્ચના રોજ ભકિતસભર ઉજવણી કરવામાં આવશે ભાવવંદના અંતર્ગત પૂ. બાપાને શિષ્યભાવે સ્મરણાંજલી અર્પણ કરશે ભજન, ભોજન અને ભકિતનો મહાસંગમ રચાશે. પૂ. બાપાની સમાધીનું પણ ભાવીગણો દ્વારા ભકિતભાવ સાથે પૂજન કરવામાં આવશે. પાટડીમાં શ્રી જગદીશ્વર મહાદેવ તપોભૂમિમાં દુઃખ દરિદ્રતા, પંડ પીડાનો કાયમી અંત એવા સંત શિરોમણી પૂ. જગાબાપા સમાધિ સ્વરૂપ બિરાજે છે તેઓનાં પરચાનો સાક્ષાત્કાર શિષ્યગણોને સતત પ્રાપ્ત થઈ રહ્યો છે. જગાબાપા એ ભલે વિદાય લીધાને સવા દાયકા જેવો સમય વિતી ગયો છે. પરંતુ ભાવિકોના એક સ્મરણે બાપા આજેય પીડા હરવા માટે પરચા પૂરે છે. આગામી ૨૨મી માર્ચના રોજ પૂ. જગાબાપાની ૧૩મી પૂણ્યતિથી છે. આ પાવન અવસરે સીતારામ પરિવાર દ્વારા ભાવવંદના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. રસ્મીએ વહેલી સવારે યજ્ઞનો આરંભ થશે. ત્યારબાદ સવારે ૧૦.૧૫ કલાકે મૂતિપૂજન અને બપોરે ૧.૩૦ કલાકે ભાવિકો માટે પ્રસાદ પિરસાશે. બપોરે ૪ કલાકે ભવ્યાતિભવ્ય શોભાયાત્રા નીકળશે જેમાં ચાંદ મીર એન્ડ ગ્રુપ એચ.વી. સાઉન્ડના સથવારે શોભાયાત્રામાં રાહુલ આજણા, જયમીન ડભોણા, સુરેશ ડુમાણા અને વિપુલ સુસરા જમાવટ કરશે. શિષ્યગણો તથા જાહેર જનતા માટે સાંજે ૭ કલાકથી મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. રાત્રિના ૯ કલાકે જાહેર સંતવાણીનો કાર્યક્રમ યોજાશે જેમાં લોક સાહિત્યકાર માયાભાઈ આહીર, ભજનીક ફરીદાબેન મીર, લોક ગાયક દેવ પગલી, ભજનીક જયમંતભાઈ દવે, લોક ગાયક ઉદયભાઈ ધાંધલ, લોક ગાયક જીજ્ઞેશભાઈ બારોટ, ઉમેશભાઈ બારોટ, હાસ્ય કલાકાર હકાભા ગઢવી, ભજનીક શિવરાજભાઈ ગઢવી, મોજીલો માલધારી મેરૂભાઈ રબારી, ભુવાજી ગમનભાઈ

(અનુ. આઠમા પાને)



**યજ્ઞ, સમાધીપૂજન, મહાપ્રસાદ સહિતના અનેકવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશેઃ મહંત પૂ. ભાવેશ બાપુ અને લઘુમહંત વૈભવ બાપુ ભકતગણોને આર્શિવચન પાઠવશે**

**ઉદાસી આશ્રમનો સેવાયજ્ઞ**

- અન્નક્ષેત્રની સેવા
- અભિયાગતની સેવા
- ગૌ શાળા પર્વની ઉજવણી
- અમાસે કષ્ટ નિવારણ વૈદિક યજ્ઞ
- આપાત કાલે અનિવાર્ય સેવાઓ

અબ તક CHANNEL પૂ. જગાબાપાની ૧૩મી પૂણ્યતિથીએ ભાવ વંદના અબતક પર લાઈવ નિહાળો ૨૨મીએ રાત્રે ૯:૦૦ કલાકે

**સમાધી પૂજન, વિશાળ શોભાયાત્રા, સંતવાણીમાં માયાભાઈ આહીર, ફરીદાબેન મીર, દેવ પગલી, જયમંત દવે, ઉદય ધાંધલ, જીજ્ઞેશ બારોટ, ઉમેશ બારોટ સહિતના નામી -અનામી કલાકારો ચાંદ મીર એન્ડ ગ્રુપ એચ.વી. સાઉન્ડના સથવારે ભાવિકોને ભકિતરસમાં તરબોળ કરશે**

# રોડ કોન્ટ્રાકટરોને રસ્તાની ગુણવત્તાના આધારે પેમેન્ટ ચૂકવાશે

## રોડની ગુણવત્તા જાળવવા ગુજરાતમાં ઓપીઆરસી પદ્ધતિ લાગુ કરશે રાજ્ય સરકાર

**અબતક, રાજકોટ**

રાજ્યમાં રસ્તાનું આયુષ્ય વધારવા અને ખર્ચમાં ઘટાડો કરવા નવી પધ્ધતી અમલમાં આવશે. કોન્ટ્રાકટરોને હવે રસ્તાની લંબાઇના આધારે નહી પરંતુ રસ્તાની ગુણવત્તાના આધારે પેમેન્ટ કરવામાં આવશે.

ગુજરાત વિધાનસભા ખાતે માર્ગ અને મકાન વિભાગની અંદાજપત્રીય માંગણીઓની ચર્ચા દરમિયાન મંત્રી ઋષિકેશ પટેલે રાજ્યના ઈન્ફ્રાસ્ટ્રકચર વિકાસનો નવો રોડમેપ રજૂ કર્યો હતો.

મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું હતું કે, વર્ષ ૨૦૦૧માં રાજ્યનું રોડ નેટવર્ક ૧ લાખ કિ.મી. હતું, જે ૨૦૨૫ સુધીમાં વધીને ૧.૩૫ લાખ કિ.મી.થી વધુ થયું છે.

આઉટપુટ એન્ડ પરફોર્મન્સ બેઝ્ડ રોડ કોન્ટ્રાક્ટ પદ્ધતિ અને સ્માર્ટ મેઈન્ટેનન્સ અંગે જણાવ્યું હતું કે, રાજ્યના બજેટમાં રસ્તાઓની ગુણવત્તા અને આયુષ્ય વધારવા માટે કેટલીક ક્રાંતિકારી પદ્ધતિઓ જાહેર કરવામાં આવી છે. ઓપીઆરએસ પદ્ધતિ માટે રૂ. ૨૦૦ કરોડની જોગવાઈ કરાઈ છે. જેમાં રકમની ચૂકવણી કામના જથ્થાને બદલે રસ્તાના પર્ફોમિન્સના આધારે થશે, જે રાજ્ય સરકારનો ખર્ચ ઘટાડશે અને રસ્તાનું આયુષ્ય વધારશે.

આ ઉપરાંત રાજ્ય હસ્તકના સ્ટેટ હાઈવેની શોર્ટ ટર્મ મેઈન્ટેનન્સ કોન્ટ્રાક્ટ મુજબ જાળવણી માટે રૂ. ૧૫૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. એક નવી પહેલના ભાગરૂપે ૫૦ કિ.મી.ની લંબાઈના રસ્તાનું કલ્સટર બનાવી કોન્ટ્રાકટ કરવામાં આવશે. જેમાં મરામતની તમામ કામગીરીઓનો સમાવેશ કરવામાં આવશે.

ગુજરાતમાં મુખ્યમંત્રી રોડ અને એસેટ મેઈન્ટેનન્સ પ્રોગ્રામ અમલમાં મૂકવામાં આવશે. રાજ્યમાં ૭૦ થી ૮૦ ટકા ટ્રાફીક વહન કરતા અગત્યના હાઈવેનું સુચારૂ મેઈન્ટેનન્સ થાય, માર્ગોની સતત ક્ષમતા વધારવા, રાઈડીંગ ક્વોલિટી સુધારવા, રોડ સેફ્ટી સુનિશ્ચિત કરવા તથા રાજ્યના હાઈવે નેટવર્ક અને એસેટ્સ માટે પદ્ધતિસર લાઈફ સાયકલ મેનેજમેન્ટ થાય તે હેતુથી રોડ અને એસેટ મેન્ટેનન્સ માટે એક સંકલિત પ્રોગ્રામ શરૂ કરવામાં આવશે.

રાજ્યમાં હાલમાં મોટા પાયે માર્ગ નિર્માણની કામગીરી ચાલી રહી છે તેમ જણાવતા મંત્રીએ ઉમેર્યું હતું કે, પ્રગતિપથ યોજના હેઠળ રાજ્યના એક છેડેથી બીજા છેડે ૬ થી ૮ કલાકમાં પહોંચી શકાય તે માટે ૯ કોરિડોરનું ચાર માર્ગીયકરણ

(અનુ. આઠમા પાને)

# ‘પી.એમ. રાહત’ યોજના હેઠળ ગુજરાતમાં પ્રથમ કેશલેસ કલેમ મંજુર

## મહેસાણા જિલ્લાના અકસ્માત પીડિત યુવાનને મળી નિઃશુલ્ક સારવાર

**અબતક, રાજકોટ**

મહેસાણા આરોગ્ય વિભાગના જણાવ્યા પ્રમાણે ભારત સરકારના માર્ગ પરિવહન અને હાઈવે મંત્રાલય તથા નેશનલ હેલ્થ ઓથોરિટી દ્વારા માર્ગ અકસ્માતમાં ઘાયલ થયેલા નાગરિકોને ત્વરિત અને વિનામૂલ્યે સારવાર મળી રહે તે હેતુથી અમલમાં મૂકવામાં આવેલી પીએમ - રાહત યોજના અંતર્ગત ગુજરાત રાજ્યનો પ્રથમ સફળ કલેમ મહેસાણા જિલ્લામાં નોંધાયો છે. આ યોજના હેઠળ કડી તાલુકાના ગોઠીયા ગામના ૩૫ વર્ષીય યુવાન અમરતભાઈ લબાભાઈને માર્ગ અકસ્માતમાં ઈજા થતા યોજનાનો લાભ આપી ઓર્થોપેડિક સર્જરી કરવામાં આવી હતી. આ સારવારનો અંદાજે રૂ. ૪૭,૩૦૦/- જેટલો ખર્ચ સંપૂર્ણપણે કેશલેસ પદ્ધતિથી કરવામાં આવ્યો હતો, જેના પરિણામે દર્દીના પરિવાર પર કોઈ આર્થિક ભાર પડ્યો નથી અને સફળ સારવાર બાદ તેઓ હાલ સ્વસ્થ થઈ રહ્યા છે.અત્રે ઉલ્લેખનીય છે કે, આ યોજના પીએમ જેએવા - એમએ ઈકોસિસ્ટમ સાથે સંકલિત કરવામાં આવી છે, જેમાં માર્ગ અકસ્માત બાદ પ્રથમ ૭ દિવસ સુધી અથવા વધુમાં વધુ રૂ. ૧,૫૦,૦૦૦/- સુધીની કેશલેસ સારવાર સંલગ્ન સરકારી અને ખાનગી

(અનુ. આઠમા પાને)

# ગુજરાત વિધાનસભાને બોમ્બથી ઉડાડી દેવાની ધમકી

## બોમ્બ સ્કવોડ અને ડોગ સ્કવોડ દ્વારા ચકાસણી દરમિયાન કશુ જ શંકાસ્પદ ન મળતા હાશકારોઃ અમદાવાદની પણ અનેક સ્કુલને ઉડાડી દેવાની ધમકી મળી

**ધમકી ભર્યા ઈ-મેઈલ મળતા તાત્કાલીક ગૃહને ખાલી કરાવાયુંઃ ધારાસભ્યોને બહાર કઢાયા, ગૃહની કામગીરી એક કલાકથી વધુ સમય મોડી શરૂ થઈ**

**અબતક, રાજકોટ**

શાળા, કોલેજો અને અદાલતોને બોમ્બથી ઉડાડી દેવાની ધમકી ભર્યા ઈ-મેઈલ ગુજરાતમાં છાશવારે મળી રહ્યા છે. દરમિયાન આજે વ્હેલી સવારે ગુજરાત વિધાનસભાને બોમ્બથી ઉડાડી દેવાની ધમકી ભર્યા ઈ-મેઈલ મળતા ભારે ખળભળાટ મચી જવા પામ્યો હતો. તાત્કાલીક અસરથી વિધાનસભાને ખાલી કરાવવામાં આવી હતી. સત્રમાં હાજરી આપવા માટે આવેલા મંત્રીઓ, ધારાસભ્યો, સચિવો અને અધિકારીઓને તાત્કાલીક અસરથી ગૃહની બહાર કાઢવામાં આવ્યા હતા. બોમ્બ સ્કવોડ અને ડોગ સ્કવોડ દ્વારા હાથ ધરવામાં આવેલા ચેકિંગ દરમિયાન કોઈ શંકાસ્પદ ચીજ વસ્તુ ન મળતા તંત્રએ હાશકારો અનુભવ્યો હતો. ગૃહની કામગીરી એક કલાક મોડી શરૂ થઈ હતી ઈ-મેઈલ કયાંથી આવ્યો છે તેની સઘન તપાસ શરૂ કરી દેવામાં આવી છે. હાલ ગુજરાત વિધાનસભામાં બજેટ સત્ર ચાલી રહ્યું છે. આજે સવારે ગૃહની કામગીરી ૯ વાગ્યે શરૂ થવાની હતી તે પૂર્વે એક ધમકી ભર્યા ઈ-મેઈલ મળ્યો હતો. જેમાં ગુજરાત વિધાનસભા ગૃહ અને પરિસરને બોમ્બથી ઉડાડી દેવાની ધમકી આપવામાં આવી હતી. આ ધમકી ભર્યા ઈ-મેઈલના કારણે સલામતીના ભાગરૂપે તાત્કાલીક અસરથી ગૃહને ખાલી કરાવવામા આવ્યું હતુ.



સત્રમાં હાજરી આપવા માટે આવેલા મંત્રીઓ અને ધારાસભ્યોને સ્વર્ણિમ સંકુલ ૨માં મોકલી દેવામાં આવ્યા હતા. સચિવ અને અધિકારીઓને પણ બહાર મોકલી દેવાયા હતા. સમગ્ર વિસ્તારને પોલીસ દ્વારા વોર્ડન કરી લોકોની અવર જવર અટકાવી દેવામાં આવી હતી. બોમ્બ સ્કવોડ અને ડોગ સ્કવોડ દ્વારા સઘન ચેકીંગ શરૂ કરી દેવાયું હતુ. જેમાં કોઈ શંકાસ્પદ વસ્તુ ન મળતા હાશકારો અનુભવ્યો હતો. મંત્રી અને ધારાસભ્યોને પરત બોલાવી દેવામાં આવ્યા હતા. બજેટ સત્રની કામગરી એક કલાક મોડી શરૂ થઈ હતી.

મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી, વિધાનસભાના અધ્યક્ષ જયાં બેસે છે તે બિલ્ડીંગને ઉડાડી દેવાની ધમકી મળતા ભારે ખળભળાટ મચી જવા પામ્યો છે. આ ઉપરાંત આજે અમદાવાદની ૬ સ્કુલોને પણ બોમ્બથી ઉડાડી દેવાની ધમકી ભર્યા ઈ મેઈલ મળતા પોલીસ ધંધે લાગી ગઈ હતી. રાજયમાં છાશવારે શાળા, કોલેજ, કોર્ટ બિલ્ડીંગને બોમ્બથી ઉડાડી દેવાની ધમકી મળે છે. હવે વિધાનસભા ગૃહને ઉડાડી દેવાની ધમકી મળી છે.

# એફઆરસીએ પાંચ ટકાથી ઓછો ફી વધારો માંગનારી ૫૨૨ ટેકનિકલ કોલેજોની ફી જાહેર કરી

## ૨૧ સંસ્થાઓએ કોઈ વિગતો ન મોકલી, ૧૨ કોર્સ બંધ કરવા દરખાસ્ત

**અબતક, રાજકોટ**

ગુજરાત રાજ્યની સ્વનિર્ભર ટેકનિકલ અને વ્યાવસાયિક શિક્ષણ સંસ્થાઓમાં અભ્યાસ કરતા હજારો વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે મહત્વના સમાચાર આવ્યા છે. ફી નિયમન સમિતિ (ટેકનિકલ) દ્વારા આગામી ત્રણ શૈક્ષણિક વર્ષ (૨૦૨૬-૨૭, ૨૦૨૭-૨૮ અને ૨૦૨૮-૨૯) માટે ફી નિર્ધારણની પ્રક્રિયાના પ્રથમ તબક્કાની જાહેરાત કરવામાં આવી છે. જેમાં ૫ ટકાથી ઓછો વધારો માંગનારી ૫૨૨ કોલેજોની ફી જાહેર કરી દેવામાં આવી છે. જેની સામે ૧૦૩ કોલેજો એવી છે કે જેણે ૫ ટકાથી વધારે ફી વધારો માંગ્યો હોવાથી તેમને નિર્ધારિત સમયમાં દરખાસ્ત કરવાની સૂચના આપવામાં આવી છે. ૫ ટકાનો વધારો માગનારી કોલેજોમાં સૌથી વધુ અદાણીની ૧.૯૦ લાખ ફી મંજૂર કરાઈ છે.ફી રેગ્યુલેટરી કમિટી દ્વારા ગત તા.૫મી ડિસેમ્બર ૨૦૨૫ થી ફી નિર્ધારણની પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. સંસ્થાઓની રજૂઆતોને ધ્યાને રાખીને ૨૬ ડિસેમ્બરના રોજ નવી સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર જાહેર કરાઈ હતી. જે અંતર્ગત ઓનલાઈન પોર્ટલ પર ડેટા અપડેટ કરવાની અને હાર્ડ કોપી જમા કરાવવાની તક અપાઈ હતી. કુલ ૭૦૫ સંસ્થાઓમાંથી ડેટા મંગાવવામાં આવ્યો હતો. ફી કમિટીના સૂત્રો કહે છે કે, કુલ ૭૦૫ કોલેજો માટે ફી નિર્ધારતની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.જેમાં ૫૬૯ કોલેજોએ ૫ ટકાથી ઓછો વધારો માંગ્યો હતો. જે પૈકી ૬ સંસ્થાઓએ કોઈ દસ્તાવેજો રજૂ કર્યા નથી. ૪૧ સંસ્થાઓ એવી છેકે, જેની ફી જાહેર કરવામાં આવી નથી. આમ,હાલમાં ૫૨૨ કોલેજોની ફી જાહેર કરી દેવામાં આવી છે. મહત્વની વાત એ કે, ૪૯ કોલેજો એવી છે કે,

(અનુ. આઠમા પાને)

# વાતાવરણમાં પલ્ટા-માવઠાની આગાહી વચ્ચે રાજકોટ સૌથી ગરમ શહેર

## આજથી ત્રણ દિવસ રાજયના અલગ અલગ વિસ્તારોમાં કમોસમી વરસાદની આગાહીઃ ભારે પવન ફૂંકાશે

**અબતક, રાજકોટ**

વેસ્ટર્ન ડિસ્ટબન્સૅના કારણે આજથી રાજયભરમાં ત્રણ દિવસ કમોસમી વરસાદની આગાહી આપવામાં આવી છે. વાતાવરણમાં પલ્ટા અને માવઠાની આગાહી વચ્ચે રાજકોટ રાજયનું સૌથી ગરમ શહેર રહ્યું છે. આજે જામનગર, મોરબી, દ્વારકા અને કચ્છ જિલ્લામાં છુટાછવાયા વિસ્તારોમાં માવઠા વરસી શકે છે. વીજળીના કડાકા ભડાકા સાથે ૪૦ થી ૫૦ કિ.મી.ની ઝડપે પવન ફૂંકાય શકે છે.

રાજયમાં છેલ્લા ચારેક દિવસથી કાળઝાળ ગરમીમાં રાહત જોવા મળી રહી છે. ગઈકાલે મંગળવારે ૩૮.૫ ડિગ્રી સાથે રાજકોટ રાજયનું સૌથી ગરમ શહેર રહ્યું હતુ. જયારે સુરેન્દ્રનગર ૩૭.૭ ડિગ્રી, અમરેલી ૩૭.૧ ડિગ્રી, કંડલા એરપોર્ટ પર ૩૭.૧ ડિગ્રી, ભૂજ ૩૭ ડિગ્રી, અમદાવાદ ૩૬.૭ ડિગ્રી, ગાંધીનગર ૩૬.૫ ડિગ્રી અને વડોદરાનું તાપમાન ૩૬ ડિગ્રી નોંધાયું હતુ.વેસ્ટર્ન ડિસ્ટબન્સની અસર તળે આજથી ત્રણ દિવસ રાજયભરમાં કમોસમી વરસાદની આગાહી આપવામાં આવી છે. આજે જામનગર, મોરબી, દેવભુમિ દ્વારકા અને કચ્છ જિલ્લામાં આવતીકાલે રાજકોટ, સુરેન્દ્રનગર, જામનગર, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, મોરબી, દેવભૂમિ દ્વારકા, બોટાદ, ગીર સોમનાથ, કચ્છ અને દિવમાં દરમિયાન શુક્રવારે કચ્છ અને ઉતર ગુજરાતના અમુક વિસ્તારોમાં માવઠું વરસી શકે છે. વીજળીના કડાકા-ભડાકા સાથે કેટલાક વિસ્તારોમાં ૪૦ થી ૫૦ કિ.મી.ની ઝડપે પવન ફૂંકાય શકે છે.

માવઠાની આગાહીના પગલે સૌરાષ્ટ્રના અનેક માર્કેટીંગ યાર્ડમાં રજા જાહેર કરી દેવામાં આવી છે. જયારે ખેડુતોને જણસી લઈને ન આવવા પણ અપીલ કરવામાં આવી છે. આજે સવારે રાજયના અમૂક વિસ્તારોમાં વાતાવરણ પલટાયેલું જોવા મળ્યું હતુ.

# રિલાયન્સે સેમસંગ સાથે ગ્રીન એનર્જીમાં કર્યો મોટો સોદો ૧૫ વર્ષ સુધી ‘ગ્રીન એમોનિયા’ પૂરું પાડશે

## આ ભાગીદારીથી ભારતના ગ્રીન હાઈડ્રોજન મિશનને વેગ મળશે અને દેશ પ્રદૂષણ મુક્ત ઉર્જાનું કેન્દ્ર બનશે

**અબતક , રાજકોટ**

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે દક્ષિણ કોરિયાની સેમસંગ કંપની સાથે એક ઐતિહાસિક સમજૂતી કરી છે. આ સોદા મુજબ રિલાયન્સ આગામી ૧૫ વર્ષ સુધી સેમસંગને ’ગ્રીન એમોનિયા’ (એક પ્રકારનું પ્રદૂષણ મુક્ત બળતણ) પૂરૂં પાડશે. આ સોદાની કુલ કિંમત ૩ અબજ ડોલર હોવાનું મનાય છે. આ સપ્લાય વર્ષ ૨૦૨૯ના બીજા ભાગથી શરૂ થશે.

ગ્રીન એનર્જીના ક્ષેત્રમાં આ દુનિયાના સૌથી મોટા સોદાઓમાંથી એક છે આ સોદાથી ભારત ગ્રીન હાઈડ્રોજન અને બળતણની નિકાસમાં વિશ્વનું હબ બનવા તરફ આગળ વધશે. રિલાયન્સના ડાયરેક્ટર અનંત અંબાણીએ જણાવ્યુંકે, “આ ભાગીદારીથી ભારતના ગ્રીન હાઈડ્રોજન મિશનને વેગ મળશે અને દેશ પ્રદૂષણ મુક્ત ઉર્જાનું કેન્દ્ર બનશે.“

દક્ષિણ કોરિયા સરકારે પણ ’નેટ ઝીરો’ (ઝીરો પ્રદૂષણ) લક્ષ્યાંકો નક્કી કર્યા છે. સેમસંગને તેના મોટા જહાજો ચલાવવા, ફેક્ટરીઓ ચલાવવા અને ખાતરના વ્યવસાય માટે મોટી માત્રામાં એવા બળતણની જરૂર છેજે પ્રદૂષણ ન ફેલાવે. ’ગ્રીન એમોનિયા’ આ માટે શ્રેષ્ઠ વિકલ્પ છે.

રિલાયન્સના શેરમાં પણ આ કારણે તેજી જોવા મળી છે (સોમવારે શેર રૂ.૧,૩૯૫ પર બંધ રહ્યો).

Reliance Industries Limited

**શું છે ગ્રીન એમોનિયા?**

સૂર્યપ્રકાશ કે પવનમાંથી મળેલી ચોખ્ખી વીજળી વપરાય છે. સામાન્ય એમોનિયા ગેસ કે કોલસાથી બને છે જે પ્રદૂષણ ફેલાવે છે. જયારે ગ્રીન એમોનિયા સૂર્યપ્રકાશ કે પવન ઉર્જાનો ઉપયોગ કરી પાણી અને હવામાંથી બનાવાય છે. આ પ્રક્રિયામાં ઝીરો પ્રદૂષણ થાય છે. પાણીના અણુઓને તોડીને તેમાંથી હાઈડ્રોજન મેળવવામાં આવે છે અને હવામાંથી નાઈટ્રોજન લેવામાં આવે છે. આ હાઈડ્રોજન અને નાઈટ્રોજનને ભેગા કરીને જે એમોનિયા બને તેને ’ગ્રીન’ કહેવાય છે. મુખ્યત્વે ખેતી માટેના ખાતર બનાવવામાં અને દરિયાઈ માર્ગે ચાલતા વિશાળ જહાજોમાં બળતણ તરીકે તેનો ઉપયોગ થશે.

**રિલાયન્સનો શું રોલ છે?**

જામનગરમાં ૫,૦૦૦ એકરમાં ફેલાયેલું ’ધીરુભાઈ અંબાણી ગ્રીન એનર્જી ગીગા કોમ્પ્લેક્સ’ આ ગ્રીન એમોનિયાનું ઉત્પાદન કેન્દ્ર બનશે. રિલાયન્સે ૨૦૩૫ સુધીમાં ’નેટ કાર્બન ઝીરો’ કંપની બનવાનું લક્ષ્ય રાખ્યું છે. સોલર પેનલથી લઈને હાઈડ્રોજન બનાવવા માટેના ઈલેક્ટ્રોલાઈઝર સુધીનું તમામ ઉત્પાદન રિલાયન્સ પોતે ભારતમાં જ કરશે. અત્યાર સુધી ભારત ક્રૂડ ઓઈલની આયાત કરતું હતું, પણ રિલાયન્સના આ પ્લાનથી ભારત હવે ગ્રીન ફ્યુઅલનો વિશ્વમાં સૌથી મોટો નિકાસકાર બનશે. અત્યાર સુધી ભારત પેટ્રોલ-ડીઝલ માટે બીજા દેશો પર નિર્ભર હતું, પણ ગ્રીન એમોનિયાના ઉત્પાદનથી ભારત હવે દુનિયાને બળતણ નિકાસ કરતો દેશ બનશે.